


કુમાર

સંસ્થાપક: સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી: સ્વ. બચુભાઈ રાવત


આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

વર્ષ ૫૮મું · અંક ૩જો
માર્ચ ૧૯૮૧
સળંગ અંક ૬૮૭

તંત્રી · બિહારીલાલ ટાંક



કાંગરા ખીણમાં નૂરપુરના 'બ્રિજરાજસ્વામી' મંદિરનાં ભીંતચિત્રો એ પ્રદેશનાં અન્ય સ્થળોનાં ભીંતચિત્રોથી આગવાં છે (જુઓ આ અંકની 'કલાવાર્તા'). ઉપર તેમાંનો એક અંશ આપ્યો છે, જેમાં ઈરાની ઢબે ગુલાબી રંગમાં ચીતરેલી ટેકરી ઉપર કોઈ તપસ્વીના દર્શનાર્થે જતા ભાવિકો, કૃષ્ણમંદિર ને તેની સમક્ષ હવન કરતા ભક્તો વગેરેનું સુંદર નિરૂપણ છે. ડાબી બાજુ કલાકાર વાસુદેવ સ્માર્ત નૂરપુરના પ્રવાસ દરમિયાન ત્યાં કરેલાં કેટલાંક રેખાંકનોમાંનું એક **મુરલીધર કૃષ્ણ**



જયપુર હાઉસ • આબુ

ચિત્રકાર : પીરાજી સાગરા

કુમાર

માર્ચ ૧૯૮૧

સળંગ અંક ૬૮૭

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે વધારે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એ રીતે ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માટે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૮-૦૦ અથવા પાઉન્ડ ૩-૦૦ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

વિગતદોષ

'કુમાર'ના ફેબ્રુઆરીના અંકમાં મારા વિષે-ના લખાણમાં વિગત અંગે કેટલીક ક્ષતિઓ રહી ગઈ છે...ભૂલનો પ્રચાર-પ્રસાર થતો અટકે એ આશયથી સાચી વિગત લખું છું:

'કાલોલની શાળામાંથી મૅટ્રિક પાસ કરીને ૧૯૩૮માં હું સૂરતની એમ. ટી. બી. કૉલેજમાં જોડાયો ને ૧૯૪૩માં ત્યાંથી બી.એ થયો. ૧૯-૪૫માં વડોદરાની કૉલેજમાંથી એમ.એ. થયો, ને પછી જુદેજુદે સ્થળે શિક્ષક તરીકે ને પાંચ-છ વર્ષ મુંબઈમાં પત્રકાર તરીકે રહી ૧૯૫૩થી સૂરતની એમ. ટી. બી. કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયો ને ૧લી નવેમ્બર ૧૯૮૦ના રોજ નિવૃત્ત થયો.–ત્યાંથી જ 'મર્મર'–મારો પ્રથમ કાવ્યસંગ્રહ ૧૯૫૪માં પ્રગટ થયો. ૧૯૫૭માં એની બીજી (સંવર્ધિત) આવૃત્તિ પ્રગટ થઈ.

(સૂરત) —જયંત પાઠક

'સમજૂતી'–ફેર

'નગરતરુના ઉદ્‌ગાર' કાવ્ય (ઑક્ટોબર '૮૦)ની પ્રથમ બે પંક્તિઓ—

'મને લાગે કે આ દગવિહીનનો દેશ, કરમાં ભલે ના યષ્ટિકા, પણ ભટકતાં લોક સહુ આ.'

વિષે આપેલી સમજૂતી: '...આ સૉનેટમાં 'વૃક્ષની વેદના વ્યક્ત થઈ છે કે નગરમાં સહુ લાકડી વગરનાં અંધજનોની જ્યમ ચાલે છે અને તેથી તેમની નજર વૃક્ષ ભણી જતી નથી. છતી આંખે અંધ એવા નગરજનો પ્રકૃતિ માણી શકતાં નથી...' આ રીતે આપી છે.

આ ભાવાર્થમાં ભૂલ રહી ગઈ લાગે છે. 'લાકડી વગરના અંધજનોની જ્યમ' નહિ (ઉપમા અલંકાર નહિ) પરંતુ વક્રોક્તિ અલંકાર પ્રયોજીને કવિ બહુ જ સ્પષ્ટ નિર્દેશ કરે છે કે નગરસંસ્કૃતિ-ધારકો અંધ જ છે. માત્ર હાથ-માં લાકડી ભલે ને ના રાખતા હોય, તેથી શું થયું?! બાકી ભટકવાની રીતભાત ઉપરથી અંધ જ સાબિત કરે છે. સમગ્ર કાવ્યનો હાર્દ વક્રોક્તિના મજબૂત થાંભલે ઊભો છે.

(રાજકોટ) —દેવેન્દ્ર વિ. દવે

કેશવરામ નહિ પણ કેશવલાલ

ડિસેમ્બરના અંકમાં ૪૦૩જા પાને('દલપત-નર્મદ યુગના કેટલાક ઉપકવિઓ'માં) 'કેશવ-કૃતિ'ના કર્તા લેખે 'કેશવરામ' લખ્યું છે તે 'કેશવલાલ' જોઇએ. મેં રામ નહિ, પણ લાલ જોયાનું સ્મરણ છે; વળી શ્રી મુકુન્દભાઈ પારાશર્યે પણ લાલ જ લખ્યું છે.

—દેસાઈ વાલજી ગોવિંદજી

મુનશી પ્રેમચંદજી

ચારેક દાયકા પહેલાં શાળાજીવનથી કુમાર-માં પ્રસિદ્ધ થતાં 'ચરિત્ર'ની ભૂરકી લાગેલી છે. શ્રી જયેન્દ્ર ત્રિવેદીએ પ્રેમચંદજીને સમુચિત ન્યાય આપ્યો છે. ધન્યવાદ.

શ્રી જયેન્દ્ર ત્રિવેદીએ 'સોઝે વતન'ના કિસ્સાથી ચરિત્રથી માંડણી બાંધી છે. ૧૯૦૮ના પ્રારંભમાં 'નવાબરાય'ની પાંચ વાર્તાઓનો સંગ્રહ 'સોઝે વતન' ઉર્દૂમાં પ્રસિદ્ધ થયો; જુલાઈ, ૧૯૦૮ના 'જમાના'માં પહેલવહેલી જાહેરાત પ્રસિદ્ધ થઈ. રાજ્યદ્રોહના આરોપસર લોકમાન્ય ટિળકને મુંબઈ હાઇકોર્ટમાં તા. ૨૦ જુલાઈ ૧૯૦૮ના રોજ છ વર્ષની કારાવાસની સજા થઈ અને બ્રહ્મદેશમાં માંડલેમાં લોક-માન્યને ગોંધવામાં આવ્યા. પ્રેમચંદજી લોક-માન્યના પ્રશંસક હતા.

ઑગસ્ટ, ૧૯૦૬માં ક્રાંતિવીર ખુદીરામ બોઝને ફાંસીની સજા થઈ. ત્યારે 'નવાબરાયે' ખુદીરામની છબી ખરીદીને ઘરમાં લટકાવી હતી. 'સોઝે વતન'ના કિસ્સામાં સદ્‌ભાગ્યે તેમના ઘરની જડતી લેવાઈ નહોતી. ત્યાર બાદ ૧૯૧૦માં 'નવાબરાય'ને કલેક્ટરનું તેડું આવ્યું, 'નવાબરાય'ને દહેશત હતી કે પોતાને પણ 'માંડલે'માં લોકમાન્યના જેલસાથી બનવું પડશે. પણ 'નવાબરાય'ની હાજરીમાં 'સોઝે વતન'ની નકલો બાળવામાં આવી. 'નવાબ-રાય'ને જિંદગીભરનો કારી ઘાવ લાગ્યો. લેખકની સમક્ષ તેની જ કૃતિની હોળીનો કદાચ આ પહેલો કિસ્સો હતો.

આ અંગે પત્ની શિવરાણીદેવીએ પૂછ્યું કે 'શું થયું?' નવાબરાયે કહ્યું, 'વાહ! અરે યહ કહો કે સસ્તે છૂટે. મેરા ખયાલ થા કી કોઈ બડી આફત આયેગી.'

'તો ફિર લિખના ભી અબ બંદ હી સમજૂં?'

'લિખૂંગા ક્યોં નહીં? ઉપનામ રખના પડેગા, ખૈર, ઈસ વક્ત તો બલા ટલી. મગર મૈં સોચતા હૂં અભી યહ ઔર રંગ લાયેગા.'

'પ્રેમચંદના' ઉપનામથી 'જમાના'ના ડિસે-મ્બર, ૧૯૧૦ના અંકમાં 'બડે ઘર કિ બેટી' વાર્તા પ્રસિદ્ધ થઈ. 'પ્રેમચંદે' હિંદી સાહિત્ય-માં ખરેખર રંગ જમાવ્યો. બે દાયકા પછી લાહોરમાંથી 'સોઝે વતન'નું પુનઃ પ્રકાશન થયું હતું.

શ્રી જયેન્દ્ર ત્રિવેદીએ પ્રેમચંદજીની પહેલી પત્ની કુવડ હોવાનો કિસ્સો ચર્ચ્યો છે. શિવ-રાણીદેવી પ્રેમચંદજીનાં બીજાં પત્ની. એક વાર પ્રેમચંદજીના સાળા (પહેલી પત્નીના ભાઇ) એમને ઘેર આવેલા. શિવરાણી સાળા-બનેવી વચ્ચેનો વાર્તાલાપ સાંભળી ગયાં, અને ત્યારે પહેલી વાર એમને ખબર પડી કે પ્રેમચંદજીની પ્રથમ પત્ની હયાત છે. શિવરાણીના શબ્દોમાં: 'વહી પહલા દિન થા, જબ મુઝે માલૂમ હુઆ કિ વે અભી જિંદા હૈ, મુઝે તો ધોખા દિયા જાતા રહા કિ વે મર ગઈ હૈ.' શિવરાણીએ પતિને કહ્યું પણ ખરું: 'મૂઝે આપસે એસી ઉમ્મીદ ન થી કે આપ જૂઠ બોલેંગે.'

પ્રેમચંદજી: જિસકો ઈન્સાન સમજે કિ જીવિત હૈ, વહી જીવિત હૈ, જિસે સમજે મર ગયા, વહ મર ગયા.

શિવરાણી: મૈં ઇસે માનને કો તૈયાર નહીં હૂં, આપ કૃપા કરકે ઉન્હેં લે આઇએ.

પ્રેમચંદજી: મૈં તો લેને નહીં જાઉંગા.

શિવરાણી: ક્યોં નહીં લાઇએગા? શાદી હુઈ થી, તમાશા નહીં થા.

પછી શિવરાણીએ પહેલી પત્નીને 'પ્રિય બહન' સંબોધીને પત્ર લખીને તેડાવી પણ હતી, પણ પહેલી પત્ની ભલે કુવડ હશે પરંતુ સ્વમાની પણ હતી જ. એણે પ્રત્યુત્તર આપ્યો કે પ્રેમચંદજી બોલાવે તો જ આવું.

આ રીતે પુરુષ રચિત સંસારમાં વ્યક્તિ અને પતિ તરીકે પહેલી પત્નીના કિસ્સામાં પ્રેમચંદજી ઊણા ઊતરે છે. ધન્ય છે શિવ-રાણીને! (શિવરાણીનું પુસ્તક. પૃ. ૨૯-૨૭).

પ્રેમચંદજી વિષેનાં આ પુસ્તકો પણ વાંચવા ને વસાવવા જેવાં છે:

(૧) મુનશી પ્રેમચંદ (અંગ્રેજીમાં)–મદનગોપાલ, ૧૯૬૪. (૨) કલમ કા મજદૂર પ્રેમચંદ–મદનગોપાલ. ૧૯૬૫. (૩) કલમ કા સિપાહી—અમૃતરાય (પ્રેમચંદજીના સુપુત્ર). પુનર્મુદ્રણ. ૧૯૭૬. (૪) પ્રેમચંદ ઘર મેં—શિવરાણીદેવી પ્રેમચંદ, ૧૯૫૬. (૫) પ્રેમ-ચંદ: હિઝ લાઈફ ઍન્ડ વર્ક—હંસરાજ 'રહબર', ૧૯૫૭. (૬) પ્રેમચંદ: જીવન, કલા ઔર કૃતિત્વ—હંસરાજ 'રહબર', ૧૯૬૨.

(મુંબઇ) —લાજવંતી વી. ને વી. બી. ગણાત્રા

સૌન્દર્યયુક્ત પુષ્પમાળા

પ્રો. શંકરદેવ વિદ્યાલંકારે 'કુમાર'માં 'પુષ્પ માળા'નું આયોજન કરીને આવતી કાલનાં નાગરિકોને પણ આ વિષયના જ્ઞાનભંડાર-ને ફરી એક વાર લૂટવાની તક આપી છે.

કોઈ વૈજ્ઞાનિકને શોભે એ રીતે એમણે મારા જેવા વેદિયાને સંતોષ આપતાં સંસ્કૃત અને લૅટિનનાં મૂળ નામ સાથે મરાઠી, ગુજરાતી, હિંદી અને બંગાળી નામો પણ આપવાનું એઓ ચૂક્યા નથી. લેખનમાં વૈજ્ઞાનિક અને ભાષિક શુદ્ધિ સાચવવા સાથે લખાણને એમણે ક્યાંય ક્લિષ્ટ પણ થવા દીધું નથી.

અને સંસ્કૃતનાં સુંદર અવતરણોની બધે લહાણી કરીને એમણે પોતાનું 'વિદ્યાલંકાર' બિરુદ પણ સાર્થ સિદ્ધ કર્યું છે. અભિનંદન

(અમદાવાદ) —સતીશ કાલેલકર

એક ઉચ્છૃંખલ ક્ષણે

ઉશનસ્

ઇંદ્રવજ્રા-ઉપેન્દ્રવજ્રા-ઇંદ્રવંશા-વંશસ્થ

(૧)

છૂટી ગયો છે તટ આ તરીથી;
છે નક્કી તો તે બસ આટલું જ;
સામે તટે બંદર શું હશે કંઈ?
સામે તટે લંગર શું હશે કંઈ?
અરે, હશે કો તટ કે કશું નહીં
આકાશ શા આ પટને અફાટને,
કોને ખબર?

હોડી છૂટી જો ગઈ છે, જવા જ દે,
છોડી જ દે સર્વ વિચાર ભારને,
તને મળ્યો જે ઘટ માટીનો તે
મઝધારની વીળ અનંત કેરાં
આનંદનાં આદિમ એ જળોથી
તરંગ સાથે જ ભલા ભરી લે;
સામે નથી કોઈ જ, ક્યાં કશું નથી;
જવા જ દે, તું મરવા જ દે બધું,
ક્યાંયે નથી પ્હોંચવું આપણે તો,
પારે જઈ પામવું યે કશું નથી;

(૨)

તને મળ્યું કેવળ દાન સૂરનું;
આ લોઢમાં શા વળી ભાર અર્થના
લોઢાસમા રે ભરવા તરીમાં?
ખાલી કરી નાખ, ન રાખ કાંઈ;
તું વાંસને ફેરવી નાખ વંશીમાં
પોલો કરી નાખ, તમામ અર્થને
ઉશેટી દે આ મઝધારના જળે
આનંદની ઉચ્છલ વીળની પળે;
બધું ય જ્યાં કેવળ ગાંડુતૂર છે
તું વાંસળી છે, ખીજું શેષ સૂર છે.

મુક્તક / હરીશ ધોબી

શબ્દનો સંગાથ સાતે ભવ મળે
હર યુગે બસ એટલું ગૌરવ મળે
મૌન સેવીને મને તડપાવનાર
જા તને પણ શબ્દનો વૈભવ મળે.

હાઈકુ / સ્નેહરશ્મિ

ખરેલું પર્ણ
જોતું નવી કૂંપળ,
પોઢે માટીમાં.

*

ભાંગ્યા દર્પણે
રહી છે જોઈ પ્રિયા
નિજ ચહેરો.

*

કયા શૂન્યની
ઝંખના યમ, તને
આકાશ છતાં?

*

ધીંગાણું ભારે
અહીં થયું'તું: આંબા
હજી યે કોળે!

*

ભરતી-ઓટ
કાંઠે પગલાં નવાં –
નદી પુરાણી

*

ચારુ ચંદ્રમા!
રહે કાં દૂર? ખુલ્લી
મારી છે બારી!

*

ઝાકળબિંદુ,
આવો! આંખમાં આંજી
જગમાં ફરું.

ટંકાર / હેમન્ત દેસાઈ

• ગઝલ •

ન જાણે કોણે થીજેલી તમા જગાડી છે –
અમે તો એની એ પ્રણયની વાત માંડી છે!

સમયનો તોર સમજથી ઊભો છે થોભીને
જિગર ઠરેલ હતું તે બન્યું અનાડી છે!

જમાત જાગી ભીતરની, ગયું કો' ઢંઢોળી –
ગગન ગજાવી મૂકે એવી એ તો ગાંડી છે!

ઉદાસ રહેવું ફૂલોના સ્વભાવમાં જ નથી
અમારી દીધી ઉદાસીને પણ ભગાડી છે!

સબૂરી! ભાગ તું યે, ભેદ તારો પરખાયો;
હજારો ચાંદનીની રાત તેં બગાડી છે!

સવાલ એક નહીં, લાખ લાખ સળગ્યા'તા;
બુઝાવી આગ દઈ રાખ સૌ ઉડાડી છે!

ગુલાલ જેમ બધું વ્હાલ બિખેરી દેશું –
તમે જ ખાલી થવાની લગન લગાડી છે!

બુલંદ થાવ, હસો, ગાઈ ઊઠો, નાચો, મન!
પખાજ જોશભરી પોરસે વગાડી છે!

શૈશવ / મનહર જાની

• ગાન

સવાર પહેલાં સવાર થઈને અંધારામાં ઊગે
બચકારાની ચાંચે ઘરની સૂનમૂનતાને ચૂગે!

કોરી પાટી-શી ઓસરીએ અક્ષર પગલી પાડે
દફતર માફક ફળિયું ફેંદે ભરચક બૂમ બરાડે!

શેરી-ચૌટે; ગામપાદરે તડકો તડકો રમતું;
નદી-તળાવે ન્હાતું, વગડે ફૂલ-ફૂલ ફોરમતું!

ડહાપણ પહેરી નિશાળમાં જઈ ભણે; છાંયડા ગણે;
ચાર દીવાલો વચ્ચે દુનિયા દેકારાની ચણે!

સમીસાંજરે દેવદુવારે ઘંટ-નગારે છલકે
દાદીમાની આંખોમાં ગલગલિયા જેવું મલકે!

ફૂલપરીની પાંખે બેસી નીંદર-ઘેરું ડોલે
પાંપણ પાછળ ઊડતી નજરે ભેદ-ભરમ કૈં ખોલે!

સૌજન્ય

બહાદુરશાહ પંડિત

સ્વ. શ્રી બચુભાઈ રાવતને જાડી સેવ બહુ ભાવતી. ઑફિસેથી નીકળી એ અવારનવાર રસ્તામાં આવતી એક દુકાને જાડી સેવ ખરીદવા જતા. સંજોગવશાત્ એ દુકાને બેસતી બાઈ શરીરે ખૂબ ભારે હતી. બીજા ગ્રાહકો તો એ બાઈને ખીજવવા માટે જાણી જોઈને કહેતા, 'આ જાડી સેવનો શો ભાવ છે?' પણ બચુભાઈ જાડી સેવ ખરીદવી હોય તો યે 'બહેન, આ મોટી સેવ આપો,' એમ કહે. એક વાર એમની સાથેના એક મિત્રે પૂછયું : "મોટી સેવ"એ ભાષાદોષ ન ગણાય?' એમણે કહ્યું: 'ના, હિન્દીમાં 'મોટી' એટલે જાડી એવો અર્થ થાય છે એટલે ભાષાદોષ થતો નથી, અને એ બાઈનું દિલ પણ દુભાતું નથી.'

માત્ર વર્તનથી નહિ, પણ વાણીથી પણ સામી વ્યક્તિના દિલને દુ:ખ ન થાય એવું વર્તન રાખવું એનું નામ સૌજન્ય. શબ્દાર્થ લઈએ તો 'સૌજન્ય'ના મૂળમાં છે સુ+જન એટલે સારો માણસ. સારા માણસ તરીકે વર્તવું એટલે સૌજન્ય. પરંતુ સૌજન્યનો સામાન્ય અર્થ આપણે એવો સમજીએ છીએ કે આપણા સંપર્કમાં આવનાર વ્યક્તિની લાગણી ના દુભાય એવું વર્તન.

તમારા ઘેર કોઈ મહેમાન આવ્યા હોય અને તમારું બાળક એ તકનો લાભ લઈ તમારી પાસે પૈસા માગવા આવે: 'પપ્પા પચીસ પૈસા આપો, આઇસક્રીમ ખાવો છે.' તો તમને ગુસ્સો આવે. પણ મહેમાનના સાંભળતાં તમે એને ધમકાવો અથવા લપડાક મારી દો તો તમે તમારું સૌજન્ય ગુમાવ્યું છે એમ સમજજો. તમારો ગુસ્સો તમારા બાળક પર થયો છે પણ તમારા ગુસ્સાની અભિવ્યક્તિ એ મહેમાનનું અપમાન છે. આવા ગુસ્સાથી ક્યારેક મહેમાન એમ પણ સમજશે કે એમનું આગમન તમને બોજારૂપ લાગ્યું છે એટલે તમે ચીડાઈ ગયા. આવે સમયે સિફતથી વાત વાળી લેવી એ સૌજન્ય છે.

દિવસભરમાં અનેક વાર આપણે આપણું સૌજન્ય બતાવી શકીએ, પરંતુ જાગૃતિના અભાવે આપણે એવી તકો ગુમાવી દઇએ છીએ.

ઘેર ટપાલ આપવા આવતા ટપાલીની સાથે તમે કદી મીઠાશથી વાત કરી છે? એ ખરા બપોરે આવ્યો હોય તો એને 'પાણી પીવું છે?' એમ પૂછયું છે? તમારી શેરીમાં કચરો વાળવા આવતો સફાઈ કામદાર એકાદ દિવસ ના આવે તો તમે એની સાથે બીજા દિવસે કેવી રીતે વાત કરો છો? સામાન્ય રીતે તમે એમ જ પૂછવાના : 'અલ્યા, કાલે ક્યાં ટળ્યો હતો?' તમારા સૌજન્યની પ્રતીતિ કરાવવી હોય તો તમારે એમ પૂછવું જોઈએ : 'કેમ ભાઈ, ગઈ કાલે તબિયત બગડી હતી કે શું? આમ તો તું બહુ નિયમિત છે, એટલે મને થયું નક્કી તારી તબિયત બગડી લાગે છે.'

એ જવાબમાં તરત ખરું કારણ આપી દેશે ને બીજે વખતે દિવસ પાડતાં અચકાશે.

આપણે બસમાં બેઠા હોઈએ અને બાજુમાં કોઈ વૃદ્ધ વ્યક્તિ કે બાળક તેડેલી સ્ત્રી આવીને ઊભી રહે તો ઊભા થઈને એને જગ્યા આપવી એ સૌજન્ય છે. આવું સૌજન્ય તમે બતાવો છો ખરા ?

સૌજન્ય બતાવવા માટેની સૌથી મોટી શરત છે સહિષ્ણુતા. તમારામાં સહન કરવાની શક્તિ હોય તો જ તમે સારો વર્તાવ રાખી શકો. માનો કે તમારા પડોશી ભાઈ ખૂબ વાતોડિયા છે. અઠવાડિયે એકાદ વાર એ તમારા ઘેર આવીને અથવા તમને પોતાના ઘેર બોલાવીને એમની વાતો સંભળાવે છે. તમે એમની વાતો શાંતિથી સાંભળો એ તમારું સૌજન્ય છે. એ સૌજન્ય દર્શાવવા માટે તમારામાં સહિષ્ણુતા હોવી જોઈએ.

ગાંધીજી તો સૌજન્યની સાક્ષાત્ પ્રતિમા જ હતા. એમના જીવનમાંથી તો સૌજન્યનાં સંખ્યાબંધ ઉદાહરણો મળી આવે.

એક વાર સેવાગ્રામના માર્ગે એક ગાંડો ચઢી આવ્યો. એ માર્ગે ચાલતોચાલતો એ સીધો બાપુના આશ્રમમાં આવી ચઢ્યો. ફાટેલાં ચીંથરાં, કંતાનનાં કપડાં, ખભે ગોદડીનો ગાભો, હાથમાં પતરાનું ડબલું ને માથે ગૂંચવાયેલા વાળ, આખો દેહ તો મેલના થરથી ભરાઈ ગએલો, એના ચહેરા પરનું હાસ્ય એના ગાંડપણની નિશાની હતું. બધા એને સમજાવીને ગામ તરફ પાછો મોકલવા પ્રયત્ન કરવા લાગ્યા એટલામાં બાપુ આવી ચઢ્યા. મહાત્માજીને જોઈને પેલાને શું સૂઝયું કે ગાળો જ બોલવા લાગ્યો. બીજા આશ્રમવાસીઓ તો એને પકડીને શિક્ષા કરવા જતા હતા પણ બાપુએ કહ્યું: 'તમે એને શું કરવા મારો છો? એને મારીને ક્યાં કાઢશો? આપણે એને આ દુનિયામાંથી કાઢી શકવાના નથી; સિવાય એનું મૃત્યુ થાય! બીજે અપમાનિત થઈને રખડવાનો અને માર ખાવાનો હોય તો ભલે એ અહીં જ રહેતો.'

જો કે ગાંડો આશ્રમમાં રહ્યો નહિ. પણ બાપુ પોતાનું સૌજન્ય ચૂક્યા નહિ.

કવિ શામળે એના એક છપ્પામાં સૌજન્યમૂર્તિ વ્યક્તિની સરસ વ્યાખ્યા આપી છે :

"પાણી આપને પાય, ભલું ભોજન તો દીજે,
આવી નમાવે શીશ, દંડવત્ કોડે કીજે,
આપણુ ઘાસે દામ, કામ મહોરોનું કરીએ,
આપ ઉગારે પ્રાણ, તે તણા દુ:ખમાં મરીએ,
ગુણ કેડે તો ગુણ દશ ગણો,
મન, વાચા, કર્મે કરી;
અવગુણ કેડે જે ગુણ કરે,
તે જગમાં જીત્યો સહી."

અપકાર કરનાર પર પણ ઉપકાર કરનારા માણસો સૌજન્યશીલ હોય છે. વિખ્યાત ગાંધીવાદી જમનાદાસ બજાજે નાગપુરમાં એક વકીલ મિત્રને ખૂબ સહાય કરેલી. એ વકીલની આંખની દવા કરાવવા જમનાદાસે પોતે પૈસા આપ્યા અને પોતાના ડૉક્ટરની ભલામણ કરી, આમ છતાં 'સાવધાન' પત્રે જમનાદાસ બજાજની વિરુદ્ધમાં ખોટાખોટા આક્ષેપો કર્યા ત્યારે થએલા માનહાનિના કેસમાં આ જ વકીલ પેલા પત્રના તંત્રીની પડખે ઊભો રહ્યો અને કોર્ટમાં બજાજની બદનામી થાય એવા પ્રશ્નો પૂછવા લાગ્યો. આ સમયે બજાજના બીજા મિત્રો ખૂબ ખીજાયા. એમણે કહ્યું: 'આ વકીલ ખરો કૃતઘ્ની નીકળ્યો. તમે એના પર કરેલા બધા ઉપકારો એ ભૂલી ગયો લાગે છે.'

'એ ગમે તે કરે,' જમનાદાસ બજાજે કહ્યું, 'આપણાથી એના પર કરેલા ઉપકારો નગારું વગાડીને કહેવા ના બેસાય.' અને એમણે મિત્રોને એની નિંદા કરતા બંધ કરી દીધા.

આવું અદ્ભુત સૌજન્ય કેટલા માણસો બતાવી શકે ?

આપણા જાણીતા કવિશ્રી ઉમાશંકર જોશીના સૌજન્ય વિષે પણ ઘણી કથાઓ પ્રચલિત છે; એમના સમર્થ હરીફ શ્રી સુરેશ જોશીએ એમના વિરુદ્ધમાં જાહેરમાં ઘણું લખેલું, આમ છતાં 'રીડર'ની જગ્યા માટે શ્રી સુરેશ જોશી અને બીજા એક ગુજરાતીના પ્રાધ્યાપકનો ઈન્ટરવ્યૂ લેવાયો ત્યારે નિર્ણાયક સમિતિના કુલ ચાર સભ્યોમાંથી બેએ પેલા પ્રાધ્યાપકને પહેલો ને સુરેશ જોશીને બીજો નંબર આપ્યો. એક નિર્ણાયકે સુરેશ જોશીને પહેલો અને પેલા પ્રાધ્યાપકને બીજો નંબર આપ્યો, જ્યારે ઉમાશંકરભાઈએ માત્ર સુરેશ જોશીને પહેલો નંબર આપ્યો. બંને વચ્ચે ખાસ્સું અંતર છે એમ બતાવીને બીજો નંબર જ ન આપ્યો.

સૌજન્યશીલ વ્યક્તિ જે જગ્યા પર હોય ત્યાંથી તટસ્થ બનીને દરેક ચીજનો નિર્ણય કરે છે. ભૂતકાળના પૂર્વગ્રહો કે કડવા અનુભવો નિર્ણય કરતાં એને આડા આવતા નથી.

આવું સૌજન્ય પ્રાપ્ત કરવાની સાધના એ આપણું જીવનધ્યેય પણ હોવું જોઈએ! □

ક્રાંતિને નામે થએલી બેફામ હત્યાઓમાં બલિ બનનાર ફ્રાંસની એક પ્રતિભાવંત નારી

માદામ રોલાં



લેખક · અશોક હર્ષ

'ક્રાન્તિની ગતિ માયાવિની હોય છે. મારા શેષ જીવનમાં ક્રાન્તિને મેં ખુદ તેના સ્રષ્ટાઓના જ બલિથી તૃપ્ત થતી જોઈ છે.'

વિશ્વવિખ્યાત નાટ્યકાર મૉરિસ મેટરલિન્કે તેના એક નાટકના પાત્રના મુખે આ શબ્દો ઉચ્ચારાવ્યા છે, અને આજ દિન સુધીની અનેક ક્રાન્તિઓએ તે સાચા પાડયા છે. તેમાં યે ફ્રેન્ચ રાજક્રાન્તિની વિરલ વીરાંગના માદામ રોલાંનું લેવાયેલું બલિદાન તો ક્રાન્તિના ઇતિહાસમાં અજોડ રહ્યું છે, જે ઉપર્યુક્ત વિધાનના લાજવાબ પુરાવારૂપ છે. બાસ્તિલના પતન, રાજારાણી લૂઈ અને મેરીના શિરચ્છેદ તથા નેપોલિયનના ઉદય સુધીમાં એ રાજક્રાન્તિએ જે વિવિધ પાત્રોને રાજકીય તખ્તા પર આણેલાં એ સૌમાં સૌથી વિશુદ્ધ પાત્ર કોઈ હોય તો તે માદામ રોલાં હતી એવો આજે પણ અનેક ઇતિહાસકારોનો અભિપ્રાય છે.

સામાન્ય માબાપની એ અસામાન્ય પુત્રીનું જન્મનું નામ હતું 'માનોં.' પારીસના ફિલપો નામના એક નકશીકારનું એ એકનું એક સંતાન. બીજાં કોઈ ભાઈ કે બહેન ન હોઈ માબાપનો સંપૂર્ણ પ્રેમ એના તરફ ઢળેલો અને પૂરા લાડકોડથી એ ઊછરેલી. એના પુરાણા મકાનમાં મુખ્ય ખંડ ને એના પિતાના સ્ટૂડિયો વચ્ચે એક ગલિયારા જેવું હતું જે હતો માનોંનો અભ્યાસખંડ. અહીં તે લાંબી પડી પ્રાચીન વીરોના વૃત્તાંતો વાંચતી, એમાં આવતા વીર, રૌદ્ર કે કરુણ રસ મુજબ તેના નાનકડા મુખ પરના ભાવો પલટાતા રહેતા. એક વાર તો આ વૃત્તાંતો વાંચતાંવાંચતાં તે એ કારણે રડી ઊઠેલી કે પોતે રોમન કે સ્પાર્ટન નહોતી. એ વખતે એને એ વાતનો સ્વપ્ને યે ખ્યાલ નહિ હોય કે એને પોતાને એના જીવનમાં એવી વસ્તુસ્થિતિનો સામનો કરવાનો આવશે કે જેની આગળ પુરાણી દુનિયાનો સૌથી અધિક મહત્ત્વનો પ્રસંગ પણ ઝાંખો પડે.

માનોંમાં નાનપણથી જ વીરતા, ધીરતા ને ભાવુકતાના અંકુરો ઊગી નીકળેલા અને તેની વૃત્તિ અભ્યાસ તરફ વળેલી. પરિણામે ઇતિહાસ, વિજ્ઞાન, ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં જ નહિ, પરંતુ સંગીત, નૃત્ય અને ચિત્રકળામાં પણ તે પારંગત નીવડી હતી. રાજદરબારીઓ અને શ્રીમંતોની ટોચે પહોંચી ગએલી વિલાસિતા પ્રત્યે તેને ભારે નફરત હોઈ એ રાતદિવસ વાચનમાં જ અભિરત રહેતી. ગરીબોના શોષણ પર નભતી આ વિલાસિતાથી એ એટલી તો ઉદ્વિગ્ન રહેતી કે શ્રીમંત પરિવારો સાથે એ ભાગ્યે હળતીભળતી. એક વાર વર્સાઈના રાજમહેલમાં નોકરચાકરો પ્રત્યેનું અમાનુષી વર્તન જોઈ એ રડી પડેલી.

વાચન જેટલું જ એને પ્રિય હતું સૃષ્ટિસૌન્દર્ય. એની મા સાથે લક્ઝેમ્બુર્ગ જવાનું થતું ત્યારે તેના આનંદનો પાર ન રહેતો. સૌન્દર્ય અને શાંતિ બંને તેને ગ્રામ્યજીવનમાં ઉપલબ્ધ થતાં. એની એક સાહેલી આંરિયેતાને તેણે લખ્યા પ્રમાણે, 'માત્ર કૂકડાના અવાજથી જ જેમાં ભંગ પડે છે એવી નીરવ શાંતિ મને ગમે છે. કૂંડામાં ઊછરેલા રોપાને ક્યારીમાં રોપતાં તે જેટલી હાશ અનુભવે એટલી હાશ હું ખુલ્લાં મેદાનોમાં અનુભવું છું.

એ અગિયારેક વર્ષની થતાં એને એક કૉન્વેન્ટમાં મૂકવામાં આવેલી, જ્યાં તેને તેના જીવનની બે ઉત્તમ સાહેલીઓ મળી ગઈ—આંરિયેતા અને સોફી. કૉન્વેન્ટ છોડ્યા પછી પણ એ ત્રણે સાહેલીઓ વચ્ચે એવો લાંબોલાંબો પત્રવ્યવહાર ચાલુ રહ્યો કે માનોંની દાદીમા તો ઘણી વાર તે પર હસી ઊઠીને કહેતી, 'પરણીશ એટલે આ બધું ક્યાં યે ભુલાઈ જવાનું !' વચ્ચે કેટલોક વખત એ વિન્સાં મુકામે તેના કાકાને ત્યાં રહી આવેલી. કાકા પોતે પાદરી હતા, અને અવારનવાર બીજા પાદરીઓને નોતરી સંગીતનો જલસો જમાવતા, અને સંગીત પણ એવું કે, માનોંના જણાવ્યા પ્રમાણે, 'બિલાડા પણ ભડકીને નાસી જાય!' જલસો પૂરો થયા પછી બધા એકબીજાની સંગીત-કુશળતાને બિરદાવવામાં પડતા, ત્યારે માનોં બગીચામાં દોડી જઈ કાં તો ફૂલો વીણતી અથવા તો પોતે જે કંઈ વાંચ્યું હોય તેની સંસ્મૃતિમાં ડૂબી જતી. એ પોતે કેવીક સંગીતજ્ઞા હતી એ તો આપણે કહી શકીએ તેમ નથી, પરંતુ એણે આલેખેલાં ચિત્રો કે એણે કોરેલી નાનીનાની ગ્રીક પ્રતિમાઓ પરની એની નકશીનાં આકર્ષણ અને પ્રભાવ તો આજે ય પ્રશસ્ય રહ્યાં છે. જો કે કલાભૂખ કરતાં તેની જ્ઞાનતૃષા અનેકગણી તીવ્ર હતી, હરકોઈ વિષય પર વધુ ને વધુ જાણવાની એની ઉત્કંઠાએ એની જ્ઞાનસંપદા અસાધારણ વધારી મૂકી હતી.

શરૂઆતમાં ધર્મ પાછળ ઘેલું બનેલું તેનું મન પછી ફિલસૂફી પાછળ પડ્યું. ફ્રેન્ચ ચિંતકોમાં તેને સૌથી વધુ પ્રિય લેખક હતો 'સામાજિક કરાર'નો પ્રણેતા રૂસો. તેના પ્રત્યક્ષ દર્શન માટે એ ખૂબ આતુર રહેતી. એક વાર એના એક મિત્રને રૂસો સાથે કશીક જરૂરી વાતચીત કરવાનું આવતાં માનોંએ તે વાતચીત માટે પોતાને મોકલવા ખાસ વિનંતી કરી. મિત્રે તે વિનંતી માન્ય રાખી, અને બે દિવસ રહી માનોં રૂસોને ત્યાં ઊપડી તેના મકાનનાં પગથિયાં ચડવા માંડી—તેના પોતાના જણાવ્યા પ્રમાણે, 'જાણે એકાદ મંદિરનાં પગથિયાં ચડતી ન હોય!' પણ રૂસોને બદલે કોઈ તુંડમિજાજ સ્ત્રીએ દરવાજો ખોલીને રૂસો સાથે વાતચીત કરવા દેવાની ચોખ્ખી ના સંભળાવી દીધી. એક રીતે એ સારું જ થયું, કારણ રૂસોની પ્રતિભાથી અંજાઈ ગએલી માનોંને પાછળથી એ જાણવા મળત કે એ મહાન લેખકે ખુદ પોતાનાં સંતાનોને તરછોડી દીધાં હતાં, તો તેને કેવો આઘાત લાગત ?

ઉંમરલાયક થતાં માનોંના પિતાએ એક શ્રીમંત વેપારી સાથે તેનાં લગ્ન ગોઠવવાની તજવીજ કરવા માંડી. માનોંના જાણવામાં આ વાત આવતાં તેણે એ વેપારી સાથે પરણવાની ચોખ્ખી ના પાડી દેતાં કહી દીધું કે, 'લગ્ન એ મારી નજરે બે આત્માઓનું ઐક્ય સાધતું એક નૈસર્ગિક અને પવિત્ર બંધન છે. જ્યાં સુધી મારા વિચારોની સમાન વિચારો ધરાવતો પુરુષ મને પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી લગ્નનો આડંબર રચીને હું મારા જીવનને દુઃખી બનાવવા નથી માગતી.'

આમ અણગમતા લગ્નને ટાળી એ અવિવાહિત જ રહી, દરમિયાન એની માતા અવસાન પામી. બીજી બાજુ આર્થિક ચિંતા પણ વધતી ગઈ. એવામાં એક એવા પુરુષના સંપર્કમાં એ આવી જેમાં પોતાની અપેક્ષા મુજબના સર્વ ગુણો તેના જોવામાં આવ્યા. એ પુરુષ કારખાનાંઓનો ઇન્સપેક્ટર જનરલ હતો શ્રીયુત રોલાં. ૫૦ની વયનો રોલાં પોતાના કરતાં વયમાં ૨૦ વર્ષ મોટો હોવા છતાં માનોંએ ઉંમરના આ તફાવતને મુદ્દલ મહત્ત્વ ન આપતાં પોતાનું જીવન તેની સાથે




તદ્દન નિમ્ન કક્ષાની ગુનેગાર અને ગાંડી સ્ત્રીઓની સાથે, જિરોંદાં પક્ષને હઠાવીને સત્તારૂઢ થએલા જેકોબિન શાસકોએ કેદમાં રાખેલી માદામ રોલાં (ચિત્રકાર : એડુઆર્ડ કાર્પેન્ટર). જમણી બાજુ : વધસ્થાને ચડતી માદામ રોલાં. અહીંથી જ એના ઇતિહાસ-પ્રસિદ્ધ શબ્દો ઉચ્ચારાએલા, 'રે સ્વતંત્રતા, તારા નામે શા શા અપરાધો નથી થતા !'

જોડવાનું નક્કી કર્યું. પિતાએ સ્વાભાવિક જ તેનો વિરોધ કર્યો. આ વિરોધે માનોંને એટલો તો આઘાત પહોંચાડ્યો કે તે ઘરબાર છોડી દઈ એક દેવળમાં વૈરાગણ જેવું જીવન વીતાવવા લાગી. પિતાનું વત્સલ હૃદય છેવટે પીગળ્યું, અને છ મહિના બાદ પુત્રીને તેના ઇચ્છાવર સાથે પરણવાની છૂટ આપી દીધી, અને માનોં ત્યારથી માદામ રોલાં બની.

શ્રીયુત રોલાંને અનેક બૌદ્ધિક અને રાષ્ટ્રપ્રેમી મિત્રો હતા જેમની સાથે તેને પત્રવ્યવહાર ચાલ્યા કરતો. માદામ રોલાંને વિશેષ રસ હતો નિસર્ગની રમણીયતાના ઉપભોગમાં. પરંતુ પોતાના પતિ સાથે તે તેના ગામમાં રહેવા જતાં ત્યાંના કિસાનોના પરિચયમાં આવી. એ વર્ગ પ્રત્યે એને સહાનુભૂતિ પહેલેથી જ હતી, પરંતુ અહીં એણે એમની દયાજનક સ્થિતિ જોઈને એ ઉપેક્ષિત, શોષિત, આક્રાન્ત વર્ગ માટે પોતાનાથી બનતું બધું કરી છૂટવાનો નિર્ધાર કર્યો.

જિંદગીના એ સુખદ દિવસો હતા. પણ એ સુખ લાંબું ન ચાલ્યું. દેશનું શાસન સાવ કથળી ગયું હતું. ભોગવિલાસમાં જ મગ્ન રહેતા ઉપલા વર્ગની શોષણખોરીએ માઝા મૂકી દીધી હતી, શોષિતોમાંથી એ સામે સહેજ સરખો અવાજ ઉઠાવનારને સળિયા પાછળ ધકેલી દેવામાં આવતા ને તે સામે કશી દાદફરિયાદ કાને ધરવામાં નહોતી આવતી. પરંતુ છેવટે એ સળિયા તોડી શોષિત વર્ગ તેના શોષકો સામે મેદાને પડ્યો અને ફ્રાન્સમાં રાજક્રાન્તિનાં મંડાણ થવા પામ્યાં. શોષણનાબૂદીના આદર્શને વરેલું રોલાં દંપતી શોષિતોના આ ઉત્થાન પ્રત્યે ઉદાસીન શી રીતે રહી શકે ? સમયનો એ તકાજો હતો અને રોલાં દંપતીએ ઊલટભેર તે વધાવી લીધો.

શ્રીયુત રોલાંના કેટલાક મિત્રોએ ફ્રાન્સના શોષક વર્ગને ઉથલાવી પાડી માનવસમાનતાના આદર્શ પર નવી શાસનપદ્ધતિ સ્થાપવા માટે જિરોંદાં નામનો પક્ષ સ્થાપ્યો ને રોલાં દંપતી તેમાં જોડાઈ ગયું.

રાજક્રાન્તિ ઈ. ૧૭૮૯માં શરૂ થઈ અને ૧૭૯૧માં જિરોંદાં પક્ષ સત્તા પર આવ્યો. રોલાં દંપતી પણ પારીસ ઊપડ્યું. શ્રીયુત રોલાં ગૃહખાતાના પ્રધાન બન્યા અને સામાન્ય નિવાસને બદલે ભવ્ય મહાલયમાં રહેવા લાગ્યા જ્યાં એક વાર માદામ દ સ્તાલના પિતા અને રાજાશાહી હેઠળના એક પ્રધાન નોકરનો વાસ હતો. માદામ રોલાં હવે ફ્રાન્સમાં પ્રજાસત્તાકની સ્થાપનામાં સક્રિય બની. પ્રજાસત્તાકના વિરોધી યુરોપના રાજવીઓથી માંડી પોપ સુધીના સૌકોઈ પર એ જ પત્રો લખતી. એ પત્રોમાં વ્યક્ત થતી એની પ્રતિભા પરથી લાગે છે કે, માદામ રોલાં જો પુરુષ હોત અથવા તો ફ્રાન્સના જાહેરજીવનમાં એને ખુલ્લેખુલ્લો ભાગ લેવા દેવામાં આવ્યો હોત તો ફ્રેન્ચ રાજક્રાન્તિએ જે વળાંક લીધો તેના કરતાં કદાચ જુદો જ વળાંક લીધો હોત.

માદામ રોલાં દર શુક્રવારે આખા પ્રધાનમંડળને પોતાને ત્યાં ભોજન માટે નિમંત્રતી. ભોજનના મેજ પર અગત્યની મંત્રણાઓ સાથે ગરમાગરમ ચર્ચાઓ ચાલતી. ચર્ચામાં ગરમી વધી જતી ત્યારે માદામ રોલાંનો શાંત મધુર સ્વર તે ઠંડી પાડતો. ફ્રાન્સમાં ઉદય પામેલી નવસ્વાતંત્ર્યની તે ઉષામાં એ સૌને પોતપોતાને ફાળે આવેલું કર્તવ્ય બજાવવા તથા તેના પર ગૌરવ અનુભવવા અને તત્કાલીન પરિસ્થિતિની અનિશ્ચિતતા તથા તેમાં ભરેલાં જોખમો ભૂલી જવા સમજાવતી.

હકીકતમાં તો રાજ્યની ધુરા જિરોંદાં પક્ષના હાથમાં આવી તે માદામ રોલાંના જ પ્રયાસોને આભારી હતું. એની પ્રતિભા ને માનવસમાનતા પ્રત્યેની તેની નિષ્ઠાથી પ્રભાવિત થઈને જ અનેક લોકો એ પક્ષમાં જોડાએલા, અને પ્રધાનમંડળની રચના પણ એને ત્યાં જ નક્કી કરવામાં આવેલી. એનો બધો સમય ક્રાન્તિ પછીની રાજકીય સમસ્યાઓના ઉકેલ પાછળ પસાર થતો, અને સૌકોઈ એના વડે એટલા પ્રભાવિત હતા કે એનો સૂચવેલો ઉકેલ જ સર્વમાન્ય રહેતો.

પરંતુ માદામ રોલાંના અનુયાયીઓની જેમ તેના વિરોધીઓની સંખ્યા પણ કમ ન હતી. ફ્રાન્સનું રાજકારણ ત્યારે અત્યંત ડહોળાયેલું હતું. ક્રાન્તિનું એક મોજું ઊઠતું, તે શમ્યું કે ન શમ્યું ત્યાં બીજું મોજું ફરી વળતું. એના પક્ષે સપ્ટેમ્બરની કત્લેઆમ વખોડી કાઢી હતી અને રાજાનો વધ કરવા પણ અનિચ્છા દર્શાવી હતી. પરંતુ ઉદ્દામવાદી જેકોબિન પક્ષે આ વિનીતતાનો ઉગ્ર વિરોધ આદર્યો. લોકોની રક્તપિપાસા એણે એટલી ઉત્તેજી કે જિરોંદાં પક્ષને સત્તા પરથી ફેંકાઈ જવું પડ્યું. ક્રાન્તિનો દોર આ જેકોબિનોના હાથમાં ચાલ્યો ગયો, અને ઈ. ૧૭૯૩માં ફ્રાન્સનાં રાજારાણીના શિરચ્છેદ સાથે એક પછી એક જિરોંદાં અગ્રણીઓનાં માથાં પણ વધેરવાનું તેણે શરૂ કરી દીધું.

જેકોબિનોએ રોલાં દંપતીને લોકનજરમાંથી ઉતારી પાડવાની ઝુંબેશ શરૂ કરી. આ વૈપરીત્યથી અકળાઈ બંનેએ પારીસ છોડી પોતાને ગામ ચાલ્યા જવાનું નક્કી કર્યું. જેકોબિનોને આની જાણ થતાં શ્રીયુત રોલાંને ગિરફતાર કરી તેના પર કામ ચલાવવામાં આવ્યું. માદામ રોલાંએ આકાશ-પાતાળ એક કરી અંતે પોતાના પતિને નિર્દોષ છોડાવ્યો અને તેને પારીસ છોડી જવા જણાવ્યું.

એ પછી માદામ રોલાંને પણ એક કરતાં વધુ વાર ક્રાન્તિની અદાલત સમક્ષ ખડી કરવામાં આવી. તે નિર્ભીકપણે ખડી રહી અને તમામ સવાલોના વિનમ્રતાપૂર્વક છતાં સ્પષ્ટ જવાબો આપેલા. એના મનમાં એ અંગે મુદ્દલ ગભરાટ નહોતો. એની સાહેલી આંરિયેતાને એ સમય દરમિયાન એણે લખેલું, 'તું કહે છે કે પુરુષો પણ જવાબ આપતાં ગભરાય છે? એમણે તો ઊલટું ગરજી ઊઠવું જોઇએ.' એ એની પોતાની જાત વિષે તદ્દન નિર્ભીક હતી. એને જે ભય હતો તે આવી ડામાડોળ પરિસ્થિતિમાં પોતાના દેશના ભાવિ વિષેનો. કારણ, એને પ્રતીતિ થઈ ચૂકેલી કે, જિરોંદાં પક્ષમાં એવી કોઈ સમર્થ વ્યક્તિ નહોતી કે જે દેશનું શાસન હાથ ધરી શકે, જ્યારે ઉદ્દામવાદી જેકોબિનોમાં એવી કોઈ વ્યક્તિ નહોતી જેના હાથમાં કોઈનું ભાવિ સલામત રહે.

અને એની એ માન્યતા જરા ય ખોટી નહોતી. જિરોંદાં પક્ષને ઉથલાવી પાડી ફ્રાન્સની રાજ્યધુરા હાથ કરનારાઓએ દેશમાં જે આતંક વર્તાવ્યો તેનો જોટો જડે એમ નથી. પતિને નિર્દોષ છોડાવ્યાનો આનંદ માણતી માદામ રોલાં એક દિવસની સંધ્યાએ પારીસ છોડી ગયેલા પોતાના પતિને પત્ર લખી રહી હતી ત્યાં કેટલાક પોલીસો બારણું તોડીને અંદર ધસી આવ્યા. માદામ રોલાંએ ગિરફતારી સ્વીકારી લીધી. રસ્તામાં એક પોલીસે તેને કહ્યું : 'તમે તો એક સાહસિક નારી છો, શાંતિ અને ધૈર્યપૂર્વક ન્યાયની પ્રતીક્ષા કરો.' માદામ રોલાંને આ સાંભળી હસવું આવી ગયું, કહે, 'ભાઈ, ન્યાય જેવું કંઈ હોત તો મારી આ દશા હોત? ખેર, જીવનની કોઈ જ આસક્તિ મને હવે નથી રહી, મારા પર જે કંઈ વીતે તે સહન કરવા હું તૈયાર છું.'

માદામ રોલાંને થોડી વાર પછી છોડી મૂકવામાં આવી, પણ છોડયા પછી એક કલાકમાં જ પાછી ઝડપી લઈ કારાગારના સળિયા પાછળ ધકેલી દેવામાં આવી, જ્યાં ભયંકરમાં ભયંકર અપરાધીઓને પૂરવામાં આવેલા. તેણે આ કારાગારમાં તમામ કેદીઓનાં જ દિલ નહિ, જેલર સુધ્ધાંનું દિલ જીતી લીધું. અલબત્ત, બીજાઓ સમક્ષ એ કદી જરા ય ઢીલી ન જણાતી, પરંતુ એકલી પડતી ત્યારે જેલની બારીએ અઢેલી એ કલાકોના કલાકો રડતી—પોતાના ભાવિ પર નહિ, પરંતુ પોતાના દેશના ભાવિ પર. સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવનાં તેણે સેવેલાં સ્વપ્ન એક દુઃસ્વપ્નમાં પલટાઈ જવા પર. જેલમાંથી પોતાની પુત્રી પર લખેલા પત્રોમાં એક માતાનું જ નહિ, સાથે એક વીરાંગનાનું હૃદય પણ વ્યક્ત થાય છે. પુત્રીને તેણે એમાં તેની માતા અને પિતાને પગલે ચાલવાની શીખ આપેલી, સાથોસાથ એ પણ લખેલું કે, 'મારા ગયા પછી તારા પિતા લાંબું નહિ જીવે.'

એક દિવસ આ કારાવાસમાં એક સ્ત્રી તેને મળવા આવી પહોંચી. એ બીજી કોઈ નહિ પણ એની પ્રિય સખી આંરિયેતા હતી. પોતાની સખીને પોતાનાં કપડાં પહેરી તેણે નાસી છૂટવા કહ્યું, પણ માદામ રોલાંએ તેમ કરવાની અને પોતાની સખીના જીવને જોખમમાં નાખવાની ચોખ્ખી ના પાડી દીધી. આ કારાવાસની યંત્રણા દિવસોદિવસ એટલી કઠોર બનતી ગઈ કે તેણે ઝેર ગટગટાવી જઈ જિંદગીનો અંત આણી દેવાનો નિર્ણય કર્યો. જેલના એક કર્મચારીની મદદથી ઝેર પણ તેને મળી ગયું અને તે એ ગટગટાવી જવા તૈયાર પણ થઈ, ત્યાં પતિ અને પુત્રીના ખ્યાલે તે વિહ્વળ બની ગઈ અને ઝેરનો પ્યાલો હાથમાંથી પડી જઈ ઢોળાઈ ગયો.

લઘુકથા

ભીનું વૃક્ષ

પ્રફુલ્લ રાવલ

એક જ બસ-સ્ટૅાપ. એક જ બસ. દરરોજ મળવાનું થાય. આખું શરીર દૂધ જેવું સફેદ–કોઢને લીધે. આંખોમાં જ અપ્રૂપ. આપઘાત પામેલી અપેક્ષાનું આવરણ. 'બસ ગઈ?' એવી સાહજિક સ્મિતસભર પૃચ્છા; પછી સ્મિતની આપલે. દરરોજનું થયું. પરિચય વધતાં ક્યારેક રીક્ષા પણ કરી લઇએ. પાસે બેસવાનું. સ્પર્શ, રોમાંચ અને સંતોષનું સ્મિત. લજ્જા પણ ખરી. આમ ચાલતું રહ્યું. પછી તો નાસ્તો કૉફી ને બપોરનું લન્ચ સાથે લેવાનું બનતું. ક્રમશઃ નૈકટ્ય વધ્યું. વર્ષાઋતુ શરૂ થઈ. બસ આવે અને વરસાદ શરૂ થાય. એક દિવસ બસની રાહ જોતાં ભીંજાયાં. બીજે દિવસે સાંજે આસોપાલવના વૃક્ષ નીચે ઊભાં છીએ. એ મને કહે :

'મારા આંગણામાં નાના નાના છોડ થયા છે.'

'તો ઊગશે – મોટા થશે.'

'ના. બધા જ થોડા દિવસ માટે હોય છે.'

'તું – તમે બરાબર જતન નહિ કરતાં હો.'

'છોડવાને લાગણી જ ક્યાં હોય છે?'

'આ વખતે કદાચ લાગણી પણ ઊગી હોય!'

'મને આશા નથી.'

'પણ મને છે.'

એટલી વારમાં ઝરમર-ઝરમર વરસાદ શરૂ થયો. આખી બપોર તપેલાં વૃક્ષના અધર ભીંજાયા, વરસાદ વધ્યો અને થોડીક વારમાં આખું વૃક્ષ ભીનું થઈ ગયું. □

પાંચ મહિના બાદ એની સામે મુકદ્દમો શરૂ કરવામાં આવ્યો. એની ઉપર એવા ગલત અને ગલીચ આક્ષેપો મૂકવામાં આવ્યા કે એની આંખોમાં પાણી આવી ગયાં. એણે પોતાનું ભાવિ તો મુકદ્દમો ચલાવવાની રીત પરથી જ નક્કી કરી લીધું હતું. જેલમાં પાછી ફરતાં તેણે આંગળી ઊંચી કરીને જે સંજ્ઞા કરી તે સંજ્ઞા દેહાંતદંડની હતી.

બીજે દિવસે, એટલે કે ઈ. ૧૭૯૩ના નવેમ્બરની ૮મીએ માદામ રોલાંને વધસ્તંભ ભણી દોરી જવામાં આવી. એને દોરી જનારનું હૈયું પણ આ કૃતાંતતાથી ભાંગી પડતાં માદામ રોલાંએ તેને હિંમત બંધાવી. કમર સુધી પહોંચતા કેશ અને સફેદ પોશાકમાં મક્કમ પગલે તે વધસ્તંભના પગથિયે પહોંચી, અને લખવા માટે કાગળ અને કલમ માગ્યાં. તેની એ માગણી તુચ્છકારવામાં આવી. એ ઘડીએ તે શું લખત, એના મનમાં એ અંતઘડીએ કયા ભાવ રમતા હતા, એ એની માગણીનો તુચ્છકાર થવાને કારણે આપણે જાણી શકીએ તેમ નથી, પરંતુ જિંદગીથી વિદાય લેતાં પહેલાં સ્વાતંત્ર્યના પૂતળા તરફ જોઈ તેણે ઉચ્ચારેલા આ શબ્દો તો દેશેદેશમાં આજ સુધી પડઘાતા રહ્યા છે કે, 'રે સ્વતંત્રતા, તારા નામે શા શા અપરાધો થવા નથી પામતા?'

માદામ રોલાંના શિરચ્છેદના એક અઠવાડિયા બાદ રૂએંથી કેટલેક દૂર એક વૃક્ષરાજિમાં છાતીમાં ખંજર ભોંકેલું એક શબ એક વૃક્ષને અઢેલેલું મળી આવ્યું. એના પગ પાસે પડેલી ચિઠ્ઠી પરથી માલૂમ પડ્યું કે એ શબ માદામ રોલાંના પતિનું હતું. ચિઠ્ઠીમાં તેણે લખેલું કે, પોતે પોતાના દેશભાઇઓને ઉપયોગી થવાનો પ્રયત્ન કરેલો, અને હવે પોતાની જિંદગીનો અંત આણે છે તે કશા ભયને વશ થઇને નહિ પરંતુ પોતાની પત્નીના શિરચ્છેદના ગોઝારા કૃત્ય પ્રત્યેની નફરતથી પ્રેરાઇને. તેની છેલ્લી પંક્તિ હતી—'અપરાધથી ભ્રષ્ટ આ જગત વચ્ચે વધુ જીવવાની મારી મુદ્દલ ઇચ્છા નથી.' □

અમેરિકન લેખક ડેમૉન રનિયનની એક વાર્તા

ચંદ્રવદન ચી. મહેતા

એક પ્રેમ-કહાણી

બ્રૉડવેમાં અમસ્થો જ હું આપણા મિન્ડીના રેસ્ટોરાંમાં બેઠો હતો ત્યાં મારા ટેબલની સામેની ખાલી ખુરશી ઉપર એક નાનકડા બાંધાના સુંદર કિશોર જેવો યુવાન આવીને બેઠો. હું તો મારે હંગેરિયન ગુલાશ ખાવા મંગાવેલો તે ગરમગરમ આરોગ્યા કરું, અને આ કિશોરે પણ પોતાને માટે હંગેરિયન ગુલાશ મંગાવ્યો હશે, તે આવતાં એ પણ તે આરોગવા લાગ્યો. અને જો આ મિન્ડી રેસ્ટોરાંનો ગુલાશ આટલો બધો સ્વાદમાં વખણાતો ન હોત તો હું ખાવા પ્રત્યે તરત જ બે-ધ્યાન થઈ, મારી પાસેના છાપામાંથી આવતા શનિવારની ઘોડદોડનું પાનું ખોલીને ઘોડાઓનાં નામની, એમની ઓલાદની, એમનાં માબાપની એમ એમની સાતે પેઢીની તપાસમાંથી કલાક બે કલાક સુધી તો પરવારત નહિ.

પણ બન્યું એવું કે હું ઘોડાઓની ટિપ બનાવું, ગણતરી કરું, અને સામેના ઘરાકના મોઢામાંથી કોઈ વિચિત્ર પ્રકારના અવાજ આવ્યા કરે તે સાંભળું. એની સામે જોઉં કે ન જોઉં એવા સરવાળા-બાદબાકી પૂરા કરું તે પહેલાં તો એકાએક મારી નજર એના ગુલાશની પ્લેટમાં પાણીનાં એકાદ-બે ટીપાં ટપકતાં જોવામાં પડી. તુરત છાપું દૂર કરું છું અને જોઉં છું તો એ યુવાન રડી રહ્યો છે. મને થયું કે પૂછું કે ન પૂછું; અંગત વાત હોય તો વળી ઉપાધિ અને શરીરમાં ક્યાંક ચસક હોય, દુઃખ હોય તો એનો રસ્તો વિચારાય, એવી ગણતરીમાં મેં એક સલામત સવાલ કર્યો : 'તમે કેમ રડો છો ? જો આ ગુલાશ ખરાબ હોય તો બીજો મંગાવો. પણ મિન્ડીના ગુલાશને માટે હજી કોઇએ કદી ફરિયાદ કરી નથી. અને તમને રડતા જોઈ મૅનેજરને, વેઈટરને, અહીંના સ. કોઈને ભારે દુઃખ થશે, એમને ખોટું લાગશે...'

મારે લાંબું ચલાવવું જ ન પડયું. એણે અધવચ્ચેથી જ મને રોકતાં કહ્યું, 'ના, રે ! ગુલાશ તો ઉત્તમોત્તમ છે. મને ભાવે છે. પણ...'

'તો શી તકલીફ છે ?' મેં પૂછ્યું. મને થયું કે હમણાં જ એ કહેશે કે પૈસાની, ગુલાશનું બિલ ચૂકવવાની. બ્રૉડવે પર ઍાડ-માઈન્ડેડ દાગીનાઓની કદી ખોટ પડવાની નથી. પણ એ તો આંસુ ટપકાવતો હતો. મેં એને આંસુ ટપકાવવાની ના પાડી. આમ હંગેરિયન ગુલાશમાં આંસુ ટપકતાં જાય તો એનો સ્વાદ બગડે, આટલાન્ટિક ખારા સમુદ્રના પાણી જેવો લાગે !

આખરે એણે આંખો લૂછી, સાફ કરી અને જાણે એના નાનકડા બટકા શરીરના પ્રમાણમાં ધીમેથી બોલ્યો : 'ગુલાશ તો મજેનો જ છે, પણ મારી જિંદગી ખારી થઈ ગઈ છે. હું તમને એક સવાલ પૂછું, તમે કદી પ્રેમમાં પડયા છો ?'

હૈશ ! હવે મને બધી જ સમજણ પડી ગઈ. પરંતુ મારા પ્રેમમાં પડવા સાથે એના પ્રેમનો શો સંબંધ ? પણ પ્રેમમાં પડેલા જીવડા બીજાની લાગણી ઉપર અસર કરવા આવા સવાલ જરૂર પૂછે, હક્કથી પૂછે. ખુદ બ્રૉડવે ઉપર પ્રેમમાં ઘવાએલા ગમગીન થએલાઓનાં આંસુ જો એકઠાં કર્યાં હોય તો એનાથી બીજા કેટલા સાગરો છલકાય એનો અંદાજ કોણ કાઢે ? પણ મેં એને વધારે દર્દ ન થાય એમ ઠાવકાઈથી કહ્યું : 'જો ભાઈ, હું પ્રેમમાં પડતો નથી, અને પડું તો એક કે અરધું પણ આંસુ પાડું નહિ. પ્રેમમાં પડવાનો મારે માટે કોઈ સંજોગ પણ નથી. કારણ, પ્રેમને હું એક જૂનો જીવલેણ રોગ સમજું છું. એટલે એનાથી જેટલા આઘા રહેવાય એટલું સારું.'

તો એ છીછરવો કહે, 'ઠીક છે, તમે આવી વાત કરી શકો છો. પણ જો તમે કુમારી ડેબોરા વિફ્સને એક વાર જુઓ ને પછી તમે તમારી ભાષા પલટાવો છો કે નહિ, તે જુઓ ?'

અને એણે તો ફરીથી પેલાં અટકાવી રાખેલાં આંસુઓની ધારા ચાલુ કરી, અને આ વખતે તો ખુદ પ્રેમ જાણે મારી સામે આવીને વેર લેતો હોય એવો આભાસ થયો. મને પણ થયું કે એને કંઈ રાહત જેવું લાગે એટલા સારુ લાવને હું પણ થોડું રડું. પણ એવી નબળાઈનો હું ભોગ બન્યો નહિ, અને 'રડ નહિ, શાંત થા.' એવાંએવાં આશ્વાસનનાં બે ચાર વાક્યો સાંભળ્યા બાદ, થોડો હંગેરિયન ગુલાશ પેટમાં પચ્યા બાદ, એનામાં થોડી તાજગી આવી. મિન્ડીના હંગેરિયન ગુલાશની આ એક જાણીતી ખૂબી છે, અને એ સાચી પણ છે.

પછી ધીમેધીમે કટકેકટકે એણે પોતાની દાસ્તાન કહી. એક ડૂસકું, એક કોળિયો ગુલાશ, એક વાર રૂમાલથી આંખ સાફ, એમ ત્રિપક્ષી વહીવટ ચાલ્યા બાદ મેં જાણ્યું કે એનું નામ ટોબિયાસ, અટક ટ્વિની. આ માસ્ટર ટોબિયાસ ટ્વિની પેનસિલવાનિયાના કોઈ નાના શહેર ધરેઝમસના વતની, ઉંમર આશરે પચ્ચીસેકની, અને આ પહેલી વાર પોતાના એ નામના ગામ બહારની દુનિયા જોઈ હશે, અને તે પણ બ્રૉડવેની.

એક શૂ-સ્ટોર, એટલે કે જોડા વેચનારાની મોટી દુકાનમાં એની નોકરી. હશે બે ત્રણ છૂટી દુકાનો, ત્યાં મિસ ડેબોરા વિફ્સની કોમળ પગપાની ઉપર મોજડી બેસાડતાંબેસાડતાં એના જિગરમાં પ્રેમ ફૂટી ઊઠયો, કે એવું કશું થયું, તે આ ભાઈના આજારબેજાર દિલમાં ઈશ્કના ભડકા બળતા થઈ ગયા. હવે આપણી આ મિસ ડેબોરાના બાપાજીને ગૅસ-પેટ્રોલનો વેપલો. એમાં કમાણી સારી અને ગૅસ-પેટ્રોલના પંપમાંથી સારી આવક ન નીકળે તો બીજે કયાંથી નીકળે ? એટલે ડોલરના આંકડા તો ચડતા જ જતા હતા.

અને એણે જ કુમારી ડેબોરાના સંબંધની, એમની ઓળખાણની, એમના સંવાદની, એમનાં રિસામણાં-પટામણાંની, પેલીની માગણી ઉપર માગણીઓની, ટૂંકમાં પ્રેમમાં પડેલા કોઈ પણ કિશોર સાથે કોઈ પણ 'ડૉલ'-પોટ્ટી જે રીતે વર્તે તેની હકીકત કહી. તે સાંભળી મારા મનમાં એક વાત નક્કી થઈ ગઈ કે ગમે તે 'ડૉલ' હોય, શહેરની કે નાના ગામની કે ગમે તે સ્ટેટની કે પૃથ્વી પરની કયાંયની યે, એ બધી જ એક સરખી – ભાવ, વર્તન, હિસાબ, લાડ, લટકા, વાતચીત કશામાં કશો ફરક નહિ. અને આ પક્ષે પ્રેમમાં પડેલા દુણાએલા ઘવાએલા કિશોર પાસેથી પ્રેમ-વ્યવહારની વાત કઢાવવી એ પણ આરસના પથ્થર ઉપર નજાકતથી નકશી ઉપસાવવા જેટલી અઘરી વાત છે. એના પણ સિદ્ધ નિયમો છે. એને જ અનુસરીને ચાલવું પડે. અને મેં એ જ શાસ્ત્રના નિયમોનો આધાર લીધો.

'એ અત્યંત દેખાવડી છે, કોઈ પણ કુમારી ડેબોરાને જુએ તો તુરત એના પ્રેમમાં પડી જ જાય, ઘાયલ થઈ જાય. એનું કામણ જ એટલું બધું છે, એટલી બધી એ સુંદર છે.' આમ, પહેલે ચોકે મિસ ડેબોરાના સૌન્દર્યનો મહિમા પત્યા બાદ વાત મળી કે આપણા કિશોરે પ્રેમની પાકી ગુલાંટ ખાધી હતી.

પણ પણે, પેલીના મનમાં જુદી જ જાતના જુવાળ ઊછળે. બાપ પાસે પૈસો, ઘરમાં પોતપોતાની મોટર, એટલે કુમારિકાનો મોટા ભાગનો સમય દિવસના બે સિનેમા જોવામાં, અને ગામમાં પૂરાં થઈ જાય તો બીજે ગામ જઇને જોવામાં જાય. અને એમાં યે પ્રેમ, ઇતિહાસ, વિજ્ઞાન કે કોઈ રોમાન્ટિક ઘાટની ફિલ્મ એ ન જુએ, પણ ડાકુ-

ચોર-લૂંટારા-ગઠિયા, ખૂની-માફિયા કે આંતરરાષ્ટ્રીય ગુનાખોરોની ટોળકી હોય, બેવડી-ત્રેવડી નળી અને છ છ બારની બંદૂકો, છરા-કટારી, પિસ્તોલ, તમંચાની તડાફડી હોય, અને એમાં યે વળી જેમ હથિયાર વધારે જૂનવાણી વપરાતાં હોય તેવી બધી ફિલ્મોમાં કુમારી ડેબોરાને વધારે રસ. એ જ એનો શૉખ, અને એવા એ શિક્ષણને પ્રતાપે એના મગજની તાલીમમાં જુવાની જાગતાં, પરણું તો બસ કોઈ ગનમૅન – છુટ્ટી બંદૂકે ઘોડો દોડાવતો હોય, દોડતે ઘોડે ગોળીઓની રમઝટ બોલાવતો હોય એવા ગનમૅન–જીમૅન એડવર્ડ જી. રોબિન્સન કે અલ કફૉન કે જ્યૉર્જ રાફ્ટ–ક્રાફ્ટ કે એવા કોઈ નવા પ્રકારના, એટલે કે વાતવાતમાં બેપાંચ કોઠાંને ગોઠમડાં ખવડાવતો જતો, દેખાવડી સુંદરીને એક હાથે ઘોડા ઉપર ઊંચકીને નાસતા, હીરા વીર બહાદુર ગનમૅન–જીમૅનને જ પરણું, એવાએવા ભાવથી આ બાળા ભરચક. એના મનમાં આવો તનદોરડી અમળાટનો ટ્રવિની ક્યાંથી ચોંટે? મિસ ડેબોરાની પોતાના ભાવિ ભરથાર વિષેની પ્રિસ્ક્રિપ્શન યાદી સાંભળી આપણા ટ્રવિનીકુમારની તો આશા ભાંગી પડી. શું થાય? બિચારો નરમ, મિજાજમાં ઠંડો, એકવડા બાંધાનો, હાથમાં લાકડી તો શું, પણ ભૂલેચૂકે યે જેણે ટૉબેકોની પિસ્તોલ જેવી પાઈપ હોકલી પણ જિંદગીમાં એકાદ વારે ય હાથમાં પકડેલી નહિ, એવો એ આ ગનમૅનનો સંરજામ અંગ ઉપર ક્યાંથી ખડકે?

એમાં વળી એક બીજી વાત પણ ફણગી. આવા કિસ્સામાં કોઈ વિલન તો હોય જ. કુમારી ડેબોરાની આવી મનોકામના પામી જઇને ઈરેઝમસ ગામનો એક જો ટ્રિવેટ નામનો ગઠિયો એની પાછળ પડી ગએલો. જિંજરનો અર્ક કાઢીને વેચવાની એની દુકાન. પોતાના બચાવ માટે છે એમ કહેતો પાટલૂનની બે બાજુ પિસ્તોલનાં બે ખાલી ખોખાં લટકાવતો ફરે, અલ કફૉન અને અલ હુડિની જેવા સાથે એના ટેલિફોન ચાલે; એનું બોલવું, ચાલવું, હાલવું, ડોલવું ત્રાટકવું બધું પેલા સિનેમાના બુલંદ ગઠિયા જેવું; અને જિંજર એક્સ્ટ્રેક્ટના ધંધામાં બીજા ઘણા એક્સ્ટ્રેટ ભળે – મે બી અફીણ, મે બી હશિશ, મે બી એનીથિંગ. એવા આ જો ટ્રિવેટે ડેબોરાના કુંવારા મગજમાં ચારે કોર પોતીકી છબી બિછાવી દીધેલી. અને વાતવાતમાં એની પણ જાણ થઈ કે કુમારી ડેબોરાના એ બીજા પ્રેમી જો ટ્રિવેટ સાથે આપણા ટ્રવિનીને જીભાજોડી પણ થઈ ગઈ હતી.

પ્રેમની આ જ મોંકાણ છે. બધું સીધુંસાદું ચાલે જ નહિ. ક્યાંય ખતરો ઊભો થઈ જ જવાનો, અને એ વાત કરતાંકરતાં આપણો ટ્રવિની ફરી પાછો આંસુ ટપકાવવા માંડ્યો. બિચારો, ખરેખર ભલો ગભરુ છોકરો. મને દયા આવી ગઈ એટલે મેં એને માટે ખાસ ગરમાગરમ બીજો હંગેરિયન ગુલાશ લાવવા ઑર્ડર આપ્યો. અને મિન્ડીનું રેસ્ટોરાં તો મારું અર્ધું રહેઠાણ, એટલે વેઈટર થોડી જ વારમાં બીજાના ઑર્ડરો બાજુએ મૂકીને ટ્રવિની માટે ગરમગરમ ગુલાશ લઈ આવ્યો, એ મેં એને ધીમેધીમે શાંતિથી ખાવા કહ્યું.

દરમિયાન મેં પણ કુમારી ડેબોરાને ઓળખ્યા જોયા વગર એની મૂર્ખાઈ પર અને એની ઘેલછા વિષે થોડીઘણી ચોપડાવી અને ફિલ્મી દુનિયાના ગનમૅન વિશે મેં એક વિવેચના પણ કરી. મેં કહ્યું: 'આ સિનેમાના ગનમૅનો આખરે તો પોલીસની ઝાપટમાં આવે જ છે, અને છેવટે જો જેલ ભેગા ન થાય તો એમનું મોત તો આગળથી લખી નાખેલું જ હોય છે. કારણ, એમ ન થાય તો સેન્સર બોર્ડ એ ફિલ્મ પાસ પણ ન કરે. છેલ્લે મોરલ તો સારો જ આવવો જોઇએ. અને આ ડેબોરા અને ટ્રિવેટ, મૂવી જગતમાંથી સારાનો સાર ખેંચવાને બદલે આવો મારઝૂડનો હિસ્સો શા માટે મનમાં ભંડારતાં હશે?' અને પછી મેં ઉમેર્યું 'એની નસકોરી ઉપર એકાદ ઝાપટ લગાવી દેવી'તીને!' તો ટ્રવિની કહે છે કે, 'ઝાટકો હું લગાવું તે પહેલાં તો એ ટ્રિવેટે બે વાર મારી નસકોરી ફોડી નાખી હતી, અને હું સામે લગાવવા જઉં કે મારું લોહી નીકળે તે બંધ કરવા જઉં, એવી પરિસ્થિતિમાં, કુમારી ડેબોરાની હાજરીમાં એણે મને કહ્યું કે, જો ફરીથી મારી આ પોટ્ટીની પાસે ફરતો, ઊભો, જતો, દેખાયો છે તો તારી વાત તેં જાણી. અને પછી કુમારી ડેબોરા એનો પરચો બતાવી કહે છે, જરા તારા દિદાર સુધાર, લાકડીનું ઠૂંઠું નથી પકડી શકતો એ બંદૂક શી રીતે પકડી શકવાનો છે? જા, કોઈ ફિલ્મ જો, સિનેમાના વીર નરોને જો, એનાં કપડાં જો, એનાં ચહેરાંમ્હોરાં જો, એની બહાદુરી જો, એનાં કામકાજ જો, આ જો અને તે જો, એમ કહી પૂંઠ ફેરવીને એ ટ્રિવેટનો હાથ પકડીને ચાલી ગઈ.'

ફરી એ રડ્યો, છાનો પણ રહ્યો, અને આગળ કહે છે, 'એટલે ઇરેઝમસની એક બૅંકમાં મારી પાસે જે કંઈ રોકડ સિલક હતી, તે લઇને હું અહીં આવ્યો, ન્યૂ યૉર્કમાં. કોઇએ બ્રૉડવેના આ રેસ્ટોરાંનું સરનામું આપ્યું હતું, કહેતો હતો કે ત્યાં અવારનવાર ઊંચી ક્વોલિટીના ગનમૅન અને જીમૅન આવી ચઢે છે.' અને પછી મને કહે કે, 'તમે જો કોઈ એવા ગનમૅન–જીમૅનને ઓળખતા હો તો મને ઓળખાણ કરાવશો તો આભારી થઈશ. એમને હું મળું, એમની પાસેથી કંઈ શીખું, અને પછી પેલા જો ટ્રિવેટિયાને મારી આવડતનો પરચો બતાવી દઉં.'

મારી નજર સામે તો બ્રૉડવેનો આખો ભંગાર-ભંડાર મનમાં ઊભો થઈ ગયો, પણ એમ કહેવાય કેમ કે એ બધા ગનમૅન છે અને એ એમને કે કોઇને પૂછતો-કહેતો ફરે તો બધાનો એકે સપાટે રામ-રોટલો જ થઈ જાય. એટલે આવા કપરા પ્રસંગે જેટલા પ્રમાણમાં નિર્દોષ મોઢું કરીને કહેવાય એમ મેં કહ્યું, 'ના રે, ભાઈ! એવા દાગીના કંઈ એમ રસ્તામાં રખડતા થોડા જ મળે છે? અને આ પ્રકારનું જ્ઞાન સંપાદન કરવા એના કોઈ ક્લાસીઝ ઓછા ચલાવે છે? આ તો મૂળ જન્મથી લોહીમાં હોવાની વાત છે. લોકો એને વલણ કહે છે. વલણ, શૉખ, ધંધો, સાહસ એવાં જાતજાતનાં નામો આપે, પણ એનું કોઈ પાઠ્ય-પુસ્તક નહિ મળે.' તો એ કહે છે કે, 'એવો કોઈ અહ્રો-અખાડો હોય તો મને ત્યાં મોકલી આપો. ત્યાં જઇને એ છટા, એ રીતભાત, એ પ્રકારનું જીવન શીખી શકું.'

મેં બધાંની ના પાડી, પણ તે સમયે મને ગુડટાઈમ ચાર્લી યાદ આવ્યો. એની જનરલ શૉપ જિમી સ્ટ્રીટમાં. ચાર્લી એક દુકાનદાર તરીકે યે સારો અને નાના પ્રમાણમાં કાફેટેરિયા પણ ચલાવે. માલ ખરીદો નહિ તો કૉફી કે ચા પીઓ. સાદી દુકાન, કશી ધીંગામસ્તી નહિ. એટલે મેં એ દુકાનની વાત કરી. ટ્રવિની ત્યાં જાય, કઈ ખરીદ્રી બરીદી કરે. ચાર્લીને મળે. ને પછી એ એને રસ્તે અને હું મારે રસ્તે. એક સારા માણસ સાથે મેળાપ કરાવવાનું પણ બહુ મોટું પુણ્ય ગણાય છે.

અને હવે ટ્રવિનીની ભૂખ ભાંગેલી, આંસુ સુકાએલાં, એટલે હું જાતે જ એને મારી સાથે લઈ ગયો. મારા મનમાં કે ગુડટાઈમ ચાર્લીનું ચોકઠું નિર્જન હશે. કોણ એને ત્યાં માલ લેવા આવે! પણ આજે ન્યૂ યૉર્કના ડાઉન-ટાઉનના, બ્રુકલિનના, બ્રૉડવેના, હારલેમના સૌ કોઈ જાણીતા ગઠિયાઓ આજે અહીં એકઠા થયા હતા, આવતા દોઢ-બે મહિનામાં કેવી કારવાહી ગોઠવવી એ માટે. બિઝનેસ મીટિંગ, એમાં ઍજેન્ડા-ઍજન્ડા નહિ, અને એમાં બધા મોઢાના જ ઠરાવો, લેખિત કશું નહિ. ઑલ્ટરનેટિવ, એટલે એકમાં અફળ તો લાગલી જ બીજી વ્યવસ્થા તૈયાર, એની આ તાબડતોબ બોલાવેલી મીટિંગ. અને હવે એમાંના બધા જ મહાનુભાવોને હું ઓળખું. હેરી ધ હોર્સ, એંગ્રી ઑફ્સ, જૉય અપટાઉન, લિટલ મિટ્ઝી જર્મન સ્વાર્ત્ઝ, સૌ સૌના કામમાં એકેકથી ચઢિયાતા. હાથચાલાકીથી પૉકેટ પિકવાથી માંડી છથી

માઇક્રોસર્જરી

ઑપરેશનના ક્ષેત્રમાં દ્વિનળી માઇક્રોસ્કોપ દ્વારા ત્રિપરિમાણમાં છથી સાઠ ગણા મોટા દેખાતા સૂક્ષ્મ ક્ષેત્રમાં યે હવે શસ્ત્રક્રિયા થઈ શકે એવો માઇક્રોસર્જરીનો ક્રાંતિકારી વિકાસ સધાયો છે.

આંખ અને કાનની શસ્ત્રક્રિયામાં માઇક્રોસ્કોપનો ઉપયોગ સ્વીકારાયો તે પછી જ્ઞાનતંત્રની શસ્ત્રક્રિયા કરનારા ન્યુરો-સર્જનો પણ તેનો ઉપયોગ કરવા લાગ્યા અને તેમાં તેની કેટલીક મર્યાદાઓ ખટકવા માંડી. એન્જિનીઅરોએ સર્જનોના હાથ મોકળા રહી શકે તે માટે પગ વડે ફૉકસ થઈ શકે, ઊંચાનીચા કે ગોળ ફરી શકે એવા માઇક્રોસ્કોપ બનાવ્યા. નિરીક્ષણ માટે ફાઈબર ઑપ્ટિક વ્યવસ્થા ને ઉજાસ માટે વિવિધ જાતનાં ફિલ્ટર ગોઠવાયાં. આમ, માઇક્રોસર્જરીમાં નિરીક્ષણ માટે ઉપયોગી નીવડે એવું સાધન બનાવાયું. તેમાં ઝવેરીઓ પાસે હોય તેવાં નાજુક સાધનો વપરાયાં, ઘડિયાળ બનાવવાના ઉદ્યોગ દ્વારા ઝીણાં અને અત્યંત નાજુક હથિયારો ને સોયો તથા વાળના યે પાંચમા ભાગ જેટલા પાતળા દોરા તૈયાર થયા.

આવાં અત્યંત નાજુક સાધનોથી બે મિલિમીટરની જેટલા વ્યાસવાળી લોહીની નળીઓ પણ સાંધવી શક્ય બની. પ્લાસ્ટિકસર્જરી મગજ અને મૂત્રમાર્ગના અવયવોની શસ્ત્રક્રિયામાં યે ઘણો વિકાસ સધાયો.

કદાચ રોગીને કંઈ નવી પીડા થાય તે ડરથી મગજના અમુક ભાગોના ઊંડાણમાં આવેલાં નાનાંગડ (ટ્યુમર) અને રક્તાઘાત (સ્ટ્રૅાક), પિટ્યુટરી ગ્રંથિ તથા કરોડરજ્જુમાં અગાઉ શસ્ત્રક્રિયા થતી નહિ, પણ હવે માઇક્રોસર્જરીથી પક્ષાઘાત, અંધાપો, વાચાની મુશ્કેલી અને વ્યંધ્યત્વમાંથી પણ મુક્તિ મળી શકે છે.

પરિવાર-નિયોજન માટે કરેલાં ઑપરેશનમાં પુરુષની કાપેલી શુક્રવાહક નલિકા અને સ્ત્રીની બીજવાહક નલિકાને પુનઃ કાર્યરત કરી શકાય છે. ધમનીની દોરી જેવી પાતળી શાખાઓનું પુનઃ જોડાણ થઈ શકે છે. જ્ઞાનતંતુનું સંવેદનાઓ વહેવાનું કામ યથોચિત થઈ શકે તે માટે પુષ્કળ તાંતણાવાળા તૂટેલા જ્ઞાનતંતુના બારીક તાંતણા જોડવામાં તો ઘણી ચોકસાઈ જાળવવી જોઇએ એટલે આવાં નાજુક ઑપરેશનોમાં સમયની કોઈ ગણના હોતી નથી. યંત્રમાં કપાઈને છૂટાં પડેલાં હાથનાં ચાર આંગળાંને પુનઃ ગોઠવવામાં, સાત શિરાઓ અને કરોળિયાની જાળ જેવા પાતળા જ્ઞાનતંતુઓ ગોઠવવાની એક શસ્ત્રક્રિયામાં ચોવીસ કલાક અને વીસ મિનિટ જેટલો સમય પસાર થયાનો એક અહેવાલ છે. આવી રીતે ફરી ગોઠવેલાં આંગળાંમાં હલનચલન, સચેતના અને તાકાત સહિત બધાં કામ થઈ શકે છે.

માઇક્રોસર્જરી માટે સ્થિર હાથ, આંગળીઓનું ચોકસાઈભર્યું હલનચલન, કલાકો પર્યંત કામ કરવાની શક્તિ, એકાગ્રતા અને માનસિક જાગૃતિ અત્યંત જરૂરી છે. એટલે ઑપરેશન કરવાના ચોવીસ કલાક અગાઉ સરજન ધૂમ્રપાન કે કૉફી પીણાં લેતો નથી તથા શરીરની સ્વસ્થતા માટે વ્યાયામ પણ કરે છે.

માઇક્રોસ્કોપ તથા અત્યંત નાજુક સાધનો વડે અગાઉ કદી કલ્પના ન કરી હોય એવી અજાયબીભરી માઇક્રોસર્જરીથી હવે શસ્ત્રક્રિયાના નવા યુગનો વિકાસ થયો છે. —**શિવપ્રસાદ ત્રિવેદી**

આઠ ઈંચ લાંબી એક યા જોટકી નળીની ખાસ બનાવટની પિસ્તોલો, રિવૉલ્વરો રાખનારા. એમના લુહારો પણ નિષ્ણાત, અને તે મોટે ભાગે ન્યૂ યૉર્કથી દૂરના ટાપુઓમાં વસે – જેવા કે ક્યૂબા, જમૈકા વગેરે, એમને આ નિર્દોષ દુકાનમાં ફક્ત ચાપાણી સિવાય બીજું કશું પીવાનું ન મળે, ત્યાં એકઠા થએલા. જોગાનુજોગ તે આનું નામ ! ઈરેઝમસ મામથા ન્યૂ યૉર્કમાં આવેલા નવા મહેમાન ટ્વિનીની મેં બધા સાથે ઓળખાણ પણ કરાવી. આ જમેલામાંથી જો એ એકાદને ગુરુ બનાવે તો એનું બધું કામ પાર પડી જાય. અને બધાના જ્ઞાન-અનુભવનો લાભ જો એને મળે તો એની ખ્યાતિ કેવળ બ્રૉડવેમાં નહિ, પણ લંડનના સોહો સ્કવૅરમાં, ઈટાલીમાં, સિસિલીમાં, ફ્રાન્સના બરગન્ડીમાં તો ફેલાય એટલું જ નહિ, જાવા સુમાત્રા, ચીન, શાંગહાઈ અને હૉંગકૉંગ સુધી એના ફોટાની નકલો પોલીસ-દફતરે જોવા મળે.

આ બધા આપણા જ ધોળના માણસો, એટલે એ પૂછે છે કે આ નવા સભ્ય કોણ છે? એટલે હું એની એણે કહેલી વાત, આરંભથી તે છેક કુમારી ડેબોરા અને માસ્ટર ટ્રિવેટની પણ ઓળખ આપી દઉં છું. આ જમેલામાંથી ત્રણચાર જણા તો આ નાનકડી વાતનો દોઢ કલાકમાં મારતી ગાડીએ ઈરેઝમસ જઈ ટ્રિવેટના દાંત અને જડબાની કુદરતી ગોઠવણમાં માગ્યો ફેરફાર કરી આવવા તુરત તૈયાર થઈ ગયા, તેમ એક જણે તો મિસ ડેબોરાને પણ કહો તે ગામમાં, કહો તે સમયે, કહો તે ઠેકાણે ખડી કરી દેવાનું પણ વચન આપ્યું. ઈરેઝમસ તો હથેળી જેટલું ગામ, એમાં આ શી બધી ઝંઝટ ? છતાં હથિયાર થકી વિવિધ રીતે સજ્જ એવા ગનમૅનોના જમેલા પાસે, ટ્વિનીને કે કોઈને પણ લઈ જવાની તરકીબ કે રીતની જાણ નથી એમ જાહેર કર્યું. આ છેલ્લો ભાવ એટલી જ નરમાશ અને સરળતાથી તદ્દન નિર્દોષ ભાવે જાહેર થયો. અને એનું છેલ્લું ફૂલ પૉઈન્ટ આવ્યું ત્યાં જ બહારને બારણે બેત્રણ નક્કર ટકોરા સંભળાયા. 'ચાર્લી, બારણું ખોલો' એવો અવાજ પણ કાને અથડાયો.

ગુડટાઈમ ચાર્લી, બારણા તરફ દોડયો અને બારણાના કાણિયામાંથી કાણી આંખે જોયું તો લેફ્ટેનન્ટ હેમિલ્ટન. એટલે પાછો ફરીને કહે છે કે તમારામાંથી કોઈ ગોઝારો ફૂટયો લાગે છે અને પોલીસને સંકોરી દીધી છે, એટલે જેમની પાસે જે કંઈ નાનાંમોટાં હથિયારો હોય તે અળગાં કરીને સંતાડી દો. આવાં ઓજારો પાસે રાખવાં એ ગુનો છે. અને એની જાહેરાત થતાં જ ટપોટપ બધા ઊઠયા. એમાં સૌથી પહેલાં તો હેરી ધ હૉર્સે પોતાનું હથિયાર ટોબિયાસ ટ્વિનીના કોટમાં સેરવી દીધું. અને પછી તો બધા જ એને પગલે ચાલી ટ્વિનીના પૉકેટ જૅકેટ ખિસ્સાં કોથળા જ્યાં જગ્યા જોઈ ત્યાં એમનાં નાળચાં ઘાલી દીધાં. દરમિયાન લે. હેમિલ્ટનના ટકોરા વધારે ઘન અને નક્કર થતા જાય છે, અને ચાર્લી ધીમે રહીને બારણું ખોલે પણ છે. એ ખોલવા સિવાય બીજો રસ્તો પણ નહોતો કારણ કે પાછલા બારણા જેવું અહીં નાસી જવાનું કોઈ દ્વાર નહોતું, એટલે લે. હેમિલ્ટન અને એની ટુકડી ધમધમ કરતી અંદર દાખલ થઈ અને દરેકના મુખારવિંદ પ્રમાણે તપાસ શરૂ કરી.

મારા ટેબલ ઉપર આવતાં, એના મોટા ભાગના સાથીદારો તો મને ઓળખે, એટલે એક નાના બે વર્ષના બાળક જેટલો મને નિર્દોષ ગણી, મારી સાથે બેઠેલા નાનકડા મગતરા જેવા ટોબે ટ્વિનીની પણ સહેજ અમથી નજરથી પણ તપાસ કર્યા વિના બીજા પ્રખ્યાત હાજર મહાનુભાવો, એટલે કે હેરી ધ હૉર્સ, જૉય અપટાઉન વગેરે આખી એકઠી થએલી જમાતના ખિસ્સા-કોથળા તપાસ્યા, અને એકાદના ગજવામાંથી નાની રમકડાની સિસોટી જેટલી પણ ચીજ હાથ ન આવી, એટલે નિરાશ થઈ પાછા જવાની તૈયારીમાં હતા; તે જ ઘડીએ આપણા ટોબે ટ્વિનીએ આ સમારંભમાં કશો રસ ન હોવાથી ઝોકું ખાતાં ટેબલ પર માથું નાખ્યું, એથી એનું તખ્તાસન સહેજ ડોલ્યું. બીજા ખૂણામાં લેફ્ટેનન્ટ હેમિલ્ટન સાથે જૉય અપટાઉન તો આ એમના સકળ મિત્રો શહેરના પ્રામાણિક શહેરી-સજ્જનોની જેમ-શહેરમાં મ્યુનિસિપાલિટી સફાઈની જે દેખભાળ કરી રહી છે, એમની ખામીઓ કેમ દૂર કરવી, અને એ માટે તેઓ શી રીતે ઉપયોગી થઈ

(અનુસંધાન પૃષ્ઠ ૭૦ પર)

લેખક
ડૉ. સુશ્રુત
પટેલ

ઉષ્ણતામાન અને પરમ શૂન્યાંક

બધા જ પદાર્થો વધતા-ઓછા અંશે ગરમી ધરાવે છે. ખુદ બરફ પણ એમાંથી બાકાત નથી. જેને આપણે ઠંડી કહીએ છીએ તે યે ખરી રીતે તો 'ઓછું ઉષ્ણતામાન' છે. ખરું પૂછો તો ઠંડી એ ઓછી માત્રાની ગરમી જ છે. કોઈ પણ પદાર્થના અણુઓ સતત ગતિમાં રહેતા હોય છે. ગરમ કરવાથી એમની ગતિ વધે છે, અને ઠંડા કરવાથી ઘટે છે. હવે જો વધુ ને વધુ ઠંડી તરફ જતા જઇએ તો આખરે એક એવી અવસ્થા આવશે કે જ્યારે પદાર્થ કે વાયુના બધા જ અણુઓ સ્થગિત થઈ જશે, ગતિહીન બની જશે. એટલે કે, એમાંથી કોઈ ઉષ્મા ઉત્સર્જિત નહિ થઈ શકે. આવા બિંદુની કાલ્પનિક મર્યાદા સેન્ટિગ્રેડ સ્કેલમાં શૂન્યથી ૨૭૩ અંશ (વધુ ચોકસાઈથી કહીએ તો —૨૭૩.૧૬ અંશ સે.) સ્વીકારાઈ છે. આ બિંદુને પરમ શૂન્ય કે પરમ શૂન્યાંક યા નિરપેક્ષ શૂન્ય (Absolute Zero) કહે છે. કોઈ પણ સંજોગોમાં આ ટાઢાબોળ બિંદુથી નીચે જઈ શકાય નહિ. હકીકતે તો આ અંતિમ શીતબિંદુએ વૈજ્ઞાનિકો હજી આજે પણ પહોંચી શક્યા નથી, તેમ છતાંય આ ચોક્કસ આંકડાની હદ કેમ સ્વીકારાઈ છે તેની પાછળ રસિક ઇતિહાસ છે.

અંગ્રેજી Temperature અને Heat શબ્દોમાં એક સૂક્ષ્મ ભેદ છે. 'ઉષ્ણતા' અને 'ગરમી' એવા બે શબ્દો ગુજરાતીમાં અનુક્રમે આપણે આ માટે વાપરીએ છીએ. 'ગરમી' (Heat) હમેશાં 'કૅલરી'માં સૂચવાય છે. ઉષ્ણતા માપતા ત્રણેક માપક્રમ (સ્કેલ) શોધાયા છે. સેન્ટિગ્રેડ, ફેરનહીટ (ફેરનહાઈટ) અને રેમર. આ પૈકી રેમર જર્મની તેમ જ બીજા થોડા દેશોને બાદ કરતાં અન્યત્ર બહુ પ્રચલિત નથી.

ઉષ્ણતા માપતા ઉપકરણને આપણે 'થર્મોમીટર' કહીએ છીએ. આ શબ્દ મૂળે ગ્રીક ભાષાનો છે. Therme એટલે 'ગરમી' અને metron એટલે 'માપવું' અર્થાત્ 'ગરમી માપતું સાધન' તે થર્મોમીટર. (ખરો શબ્દ તો 'ઉષ્ણતા' જોઇએ, ગરમી નહિ. કદાચ થર્મોમીટર નામકરણ વખતે ઉષ્ણતા અને ગરમી વચ્ચેનો ભેદ નહિ પરખાયો હોય!)

'થર્મોસ્કોપ' નામે ઓળખાતું થર્મોમીટર ૧૬૦૩માં ગેલિલીઓએ બનાવ્યું હતું, જેમાં એણે પાણીનો ઉપયોગ કરેલો. ગરમીથી પદાર્થ ફૂલે છે, અને ઠંડીથી એ સંકોચાય છે. આ સિદ્ધાંતનો વ્યવહારુ ઉપયોગ આ અને એ પછીનાં આલ્કોહોલ અને પારો ભરેલાં થર્મોમીટરોમાં બહુ સારી રીતે કરવામાં આવ્યો હતો. આખરે કેટલાક શોધકોએ આપેલા મહત્ત્વના ફાળા પછી, ઈ. ૧૭૧૪માં ગૅબ્રિયલ ફેરનહાઈટ (Gabriel Daniel Fahrenheit ૧૬૮૬-૧૭૩૬) નામના જર્મન ભૌતિકવિદે આજના સ્વરૂપનું થર્મોમીટર બનાવ્યું. જેમાં એણે પહેલી જ વાર આંકડા દર્શાવતા 'સ્કેલ'નો ઉપયોગ કર્યો. આ સ્કેલના આંકડા કયા અને કેવી રીતે પસંદ કરાયા એ સંબંધી આજ સુધી વાદવિવાદ ચાલ્યા કરે છે. પણ એક મતાનુસાર એણે પોતાના સાધનને બરફ અને મીઠાનાં મિશ્રણમાં મૂકતાં પારો નીચે ઊતરીને છેલ્લે જ્યાં સ્થિર રહ્યો તેને ૩૨નો આંક આપ્યો અને ઊકળતા પાણીમાં મૂકતાં, પારો ઊંચે ચઢી જ્યાં સ્થિર થયો, તેને ૨૧૨ આંક આપ્યો. સામાન્ય હવાના દબાણે આ બંને બિંદુઓએ પારો સ્થિર થયો, એટલે એ સ્થિર, અચળ કે નિયત બિંદુઓ (Fixed points) કહેવાય છે. પાણી ઊકળે તે બિંદુને 'ઉત્કલન બિંદુ' કે 'ક્વથનાંક' (ક્વથ=ઊકળવું Boiling point). જ્યારે બરફનું ગલન થાય, એ પીગળે તે બિંદુને 'ગલનાંક' (Melting point) કહે છે. પાણી ઠરીને બરફ થઈ જતું હોઈ આને 'ઠાર(હિમ)બિંદુ' યા 'હિમાંક' (Freezing point) પણ કહે છે.


ઍન્ડર્સ સેલ્સિયસ (Anders celsius ૧૭૦૧-૧૭૪૪) નામના સ્વીડિશ ખગોળજ્ઞે ગલનાંકને શૂન્ય અને ક્વથનાંકને સો ગણીને જે સ્કેલ પ્રયોજ્યો તે એના શોધકના નામ પરથી 'સેલ્સિયસ-સ્કેલ' કહેવાય છે. તો ૦ થી ૧૦૦ એમ આ બંને આંક વચ્ચે એક સરખા ૧૦૦ કાપા (ભાગ) હોવાથી એ સેન્ટિગ્રેડ-સ્કેલ તરીકે પણ ઓળખાય છે. (cent=૧૦૦ કે સતાંશ, શત). સેન્ટિગ્રેડ શબ્દ મૂળ લૅટિન ભાષાનો છે, જેનો અર્થ થાય 'સો પગથિયાં' કારણ કે 'centum' એટલે ૧૦૦ અને 'gradus' એટલે 'પગથિયું' અર્થાત્ એવો સ્કેલ કે જેમાં ગલનાંકથી ઉત્કલનાંક સુધી 'સો પગથિયાં' હોય. સ્કેલના આ દરેક સરખા કાપાને 'ડિગ્રી' (અંશ) કહેવાય છે. 'Degree' શબ્દ પણ લૅટિન છે. 'de—' એટલે 'નીચે' (down) અને 'gradus' એટલે 'પગથિયું' (step); કારણ કે ૧૦૦ થી ૦ તરફ જતાં આપણે 'નીચે(ના) પગથિયે' જઇએ છીએ.

ફ્રાન્સના રિઍામર કે રેમર (Reaumer ૧૬૮૩-૧૭૫૭) ખરો ઉચ્ચાર 'Rav–oh–myoor') નામના વૈજ્ઞાનિકે ગલનાંક ૦ અંશ, જ્યારે ઉત્કલનાંક ૮૦ અંશ ગણીને જે સ્કેલ બનાવ્યો તે એના નામે ઓળખાય છે.


આ ત્રણે માપક્રમ પૈકી સેન્ટિગ્રેડ (સેલ્સિયસ) સ્કેલ વાપરવાનું વૈજ્ઞાનિકો વધુ પસંદ કરે છે. ઉષ્ણતામાનના માપ માટે અમેરિકા સિવાય સુધરેલા બધા જ દેશો સેલ્સિયસ સ્કેલનો ઉપયોગ કરે છે, જ્યારે યુનાઇટેડ સ્ટેટ્સ ફેરનહાઈટ સ્કેલ વાપરે છે.

શૂન્યથી નીચે જઈ શકાય નહિ એવું કેટલાક વૈજ્ઞાનિકો માનતા હતા, પણ ફ્રાન્સના જેક્વીસ (કે જૈકુઇ) ચાર્લ્સે (Jacques A. C. Charles ૧૭૪૬-૧૮૨૩) આડકતરી રીતે આ દિશામાં પહેલ કરી. એણે વાયુના કદ ઉપર ઉષ્ણતામાનની અસરો જાણવા માટે જે પ્રયોગો કર્યા એનાથી ઈ. ૧૭૮૭માં એ એવા નિર્ણય પર આવ્યો કે શૂન્ય અંશ સેન્ટિગ્રેડ ઉષ્ણતામાને વાયુના મૂળ કદમાં, જો ઉષ્ણતામાન ઘટાડતા જઇએ, તો પ્રત્યેક અંશે તેના મૂળ કદમાં ૧/૨૭૩ જેટલો ઘટાડો થતો જાય છે. એવી જ રીતે, પ્રત્યેક અંશે ગરમી વધારતા જવાથી નિર્ધારિત વાયુના કદમાં ૧/૨૭૩ જેટલો વધારો થતો જાય છે, કારણ કે વાયુ ફૂલે છે. આ નિયમ આજે 'ચાર્લ્સના નિયમ' તરીકે ઓળખાય છે. (ધારો કે વાયુના નિશ્ચિત દબાણે ઉષ્ણતામાં એક ડિગ્રી સેન્ટિગ્રેડ વધારો કરવામાં આવે, તો એના કદમાં જે વૃદ્ધિ થશે, તે એના શૂન્ય અંશ સેન્ટિગ્રેડવાળા કદના એક નિશ્ચિત અંશ એટલે કે ૧/૨૭૩મા ભાગની બરાબર હશે.) જ્યાં સુધી ઊંચા ઉષ્ણતામાનને નિસ્બત છે ત્યાં સુધી તો આ નિયમ વ્યવહારુ છે, પણ નીચા ઉષ્ણતામાનના વિચારને આગળ વધારીએ તો, આ નિયમ મુજબ જેમ ઉષ્ણતામાન નીચું જશે, તેમ વાયુનું કદ ઘટતું જશે, અને શૂન્યથી નીચે, ૨૭૩ અંશે તો બધો જ વાયુ ગાયબ થઈ જવો જોઇએ! પણ આપણે જાણીએ છીએ કે ઠંડી વધારતા જવાથી કે દબાણ વધારતા જવાથી કે પછી બંને એક સાથે કરતા જવાથી પ્રથમ તો વાયુ પ્રવાહી રૂપમાં આવે છે, અને પછી ઘનરૂપમાં; પણ અદૃશ્ય તો નથી જ થતો!

વિલિયમ થૉમ્સન(William Thomson ૧૮૨૪-૧૯૦૭)નામના અંગ્રેજ વૈજ્ઞાનિકે આનો ઉકેલ સૂચવ્યો. એણે ઈ. ૧૮૬૦માં ઉષ્ણતામાનનો સંબંધ પદાર્થના અણુઓની ગતિ સાથે સાંકળ્યો અને જણાવ્યું કે ચાર્લ્સના નિયમ મુજબ નીચા ઉષ્ણતામાને, શૂન્યથી ૨૭૩ અંશ સે. વાયુના કદમાં નહિ, પણ એમાંથી શક્તિ(energy)માં ઘટાડો થાય છે, જે



પરમ શૂન્યાંક-ઍબ્સોલ્યૂટ ઝીરો



ત્રણ થર્મોમીટરની સરખામણી

◁ ડાબી બાજુ છેડેની આકૃતિમાં ઉષ્ણતામાન જોવાના ત્રણ સ્કેલની સરખામણી આપી છે. આમ તો કેલ્વિન (ઍબ્સોલ્યૂટ) સ્કેલ સેન્ટિગ્રેડ સ્કેલમાં જ મપાય છે તે આકૃત્તિ જોવાથી સમજાશે. સરળતા ખાતર કહીએ તો સેન્ટિગ્રેડ સ્કેલમાં ૨૭૩નો આંક ઉમેરવાથી એને અનુરૂપ કેલ્વિન (K) સ્કેલનો આંક આવે છે, અથવા શૂન્યથી નીચેના સેન્ટિગ્રેડના આંક માટે ૨૭૩માંથી બાદ કરવાથી સેન્ટિગ્રેડ આંક આવે છે. સાથેની બીજી આકૃતિમાં ફેરનહાઈટ, સેન્ટિગ્રેડ અને રોમર એ ત્રણ થર્મોમીટરની સરખામણી દર્શાવી છે.

૧/૨૭૩ જેટલો હોય છે. આનો અર્થ એ થયો કે પદાર્થ ઠંડો થવાથી એમાંના અણુઓની ગતિ ઘટતી જશે, અને પરમ શીત અવસ્થાએ એ બિલકુલ સ્થગિત થઈ જશે, તદ્દન નિસ્પન્દ. આમ ચાર્લ્સે સૂચવેલો ૨૭૩નો આંક મહત્ત્વનો બની ગયો.

લૅટિનમાં 'Solvere' (સાલ્વેઅર)નો અર્થ થાય છે. 'મુક્ત કરવું' અથવા 'ઢીલું કરવું' અને ઉપસર્ગ 'ab' (ઍબ)નો અર્થ છે 'થકી'—'માંથી'(from). આમ ઍબ્સોલ્યૂટ(Absolute)એટલે બધાથી, સર્વથી મુક્ત. કોઈ પણ વસ્તુ જો પોતાની ચરમ કે અંતિમ સીમા પર પહોંચી જાય તો એ પણ ઍબ્સોલ્યૂટ (પરમ) બની જાય—જીવન પ્રક્રિયાઓથી મુક્ત ! (કાકાસાહેબે 'મૃત્યુને 'પરમસખા' કદાચ આ જ અર્થમાં કહ્યું છે). પરિણામે, શૂન્યથી નીચે ૨૭૩-૧૮ કે ૨૭૩-૧૬ ડિગ્રી સે., કે જે સંભવિત ઓછામાં ઓછું ઉષ્ણતામાન છે તે પરમ શૂન્ય. આમ પરમ શૂન્ય ઉષ્માગતિ-વિજ્ઞાન (thermodynamics)ના નિયમો પર આધાર રાખે છે, કોઈ દ્રવ્યના વિશેષ ગુણધર્મો પર નહિ.

આ શૂન્ય એ આપણી–હિન્દુઓની શોધ છે, જેનો અર્થ થાય છે 'ખાલીપો', 'ઠાલું'' કે 'પોકળ' (empty). આરબોએ પછી આ અર્થને પોતાની ભાષામાં અપનાવ્યો (sifr). આ આરબ શબ્દ અંગ્રેજીમાં 'સાઈફર' (cipher=શૂન્ય, મીંડું) તરીકે સ્વીકારાયો. પછી એનું અપભ્રંશ 'Zefirum' થયું, જેમાંથી અંતે એ 'Zero'માં પરિણમ્યો.

પાછળથી ૧૮૯૨માં થૉમ્સનને ગ્લાસગો પાસેની કેલ્વિલ નદીને અનુલક્ષીને બૅરોન કેલ્વિન ઑાવ લાર્ગ્સ (Baron Kelvin of Largs) બનાવાયા હોઈ આ સ્કેલને એમના ખિતાબ પરથી 'કેલ્વિન–સ્કેલ' પણ કહે છે, જે આજે 'K' યા ઍબ્સોલ્યૂટ ઝીરો પરથી 'A' જેવી સંજ્ઞાઓથી પણ ઓળખાય છે.

બધી પ્રવૃત્તિમાંથી નિવૃત્તિની યોગાવસ્થા જેવી અનાસક્તિ, અચચલમ્ ને અલોલુપ્રમ્ જેવી દશા એટલે પરમ શૂન્ય. યોગીઓ તો ધ્યાનાવસ્થામાં જઈ શકવાનો દાવો કરે છે, જ્યારે વૈજ્ઞાનિકો પરમ શૂન્ય સુધી પહોંચી શક્યા નથી. થૉમ્સને તો પરમ શૂન્યની સીમા બાંધી આપી, પણ એના અગાઉના વૈજ્ઞાનિકોએ નીચા ઉષ્ણતામાનની દિશામાં ક્યારનું કામ આરંભી દીધેલું. જેના પરિણામે 'ક્રાયોજેનિક્સ' cryogenics તરીકે ઓળખાતી અતિ નીચા ઉષ્ણતામાનને લગતી વિજ્ઞાન-શાખા જન્મી છે. આ શબ્દ ગ્રીક ભાષાનો છે. 'Kryos' એટલે 'ઠંડું'' અને 'gennan' એટલે 'ઉત્પન્ન કરવું' અર્થાત્ 'ઠંડી ઉત્પન્ન કરનાર.'

ઈ. ૧૮૨૩માં માઇકેલ ફેરાડે (૧૭૯૧–૧૮૬૭)એ કેટલાક વાયુઓને પ્રવાહી રૂપમાં ફેરવેલા. આજે તો બધા જ વાયુઓને પ્રવાહી રૂપમાં લાવવામાં અને હીલિયમને બાદ કરતાં કદાચ ઘનરૂપમાં લાવવામાં સફળતા સાંપડી છે. સામાન્ય વાયુને ૮૪°K(–૧૮૮°સે.)સુધી ઠંડા કરવાથી પ્રવાહી રૂપમાં લાવી શકાય છે, પણ હીલિયમની વાત જુદી છે, એને પ્રવાહી રૂપમાં લાવવા તો છેક પરમ શૂન્યની લગોલગ પહોંચવું જોઇએ. આ ઉષ્ણતામાન સુધી પહોંચતાં સુધીમાં અન્ય સઘળા વાયુ તો ક્યારનાય ઘનરૂપમાં પણ આવી ગયા હોય ! આ કારણે જ હીલિયમ અજોડ છે. અમુક નીચા ઉષ્ણતામાન પછી 'હીલિયમ-૨' (દ્વિતીય) અને 'હીલિયમ-૩' (તૃતીય) તરીકે ઓળખાતું આ પ્રવાહી હીલિયમ હેરત પમાડે તેવા અદ્વિતીયગુણધર્મો ધરાવે છે. કેમરલિંગઓહનેર(Kamerlingh–Ohner ૧૮૫૩–૧૯૨૬)નામના ડચ ભૌતિકવિદે ૧૯૦૮માં હીલિયમને પ્રવાહી રૂપમાં ફેરવ્યો અને 'સુપરકંડક્ટિંગ' જેવી અદ્ભુત ઘટના શોધી કાઢી. એના આ અને એ પછી તો ઘણા વિચિત્ર ગુણધર્મોએ વૈજ્ઞાનિકોનું ધ્યાન પ્રવાહી હીલિયમ તરફ વિશેષ દોર્યું. આજે તો પ્રવાહી હીલિયમના ઉપયોગની લાંબી યાદીમાં રોજે-રોજ નવાં ઉમેરણ થતાં જાય છે. □

કેન્બેરામાં
સિવિક સેન્ટરમાં નાટક અને ડચ હેરીની કુટુંબકથા

(પ્રદેશે જયવિજયના-૧૬)

લેખક • ડૉ. રમણલાલ ચી. શાહ



▷ કૅન્બેરાનું સિવિક સેન્ટર પાછળ દૂર કૅપ્ટન કૂકની સ્મૃતિનો લગભગ ૧૪૦ મીટર ઊંચો ઊડતો ફુવારો

બપોરે જમીને થોડો આરામ કરી તડકામાં જ નીકળી પડયો, કૅન્બેરામાં આસપાસનો વિસ્તાર જોવા. કૅન્બેરા ઘણું નાનું શહેર છે. નકશાઉતાર નવું વસેલું શહેર એટલે પ્રત્યેક વિસ્તાર સુવ્યવસ્થિત અને સુઘડ લાગતો હતો. ઑફિસો અને દુકાનોનો વિસ્તાર 'સિવિક સ્કવેર' નામે ઓળખાય છે. લોકો એને માત્ર 'સિવિક' કહે છે. હોટલથી એ પાંચેક મિનિટના રસ્તે જ હતો. એક આંટો મારતાં પંદર-પચ્ચીસ મિનિટ બસ થાય. રજાનો દિવસ એટલે બધું બંધ હતું, પરંતુ મોટા સ્ટોર્સમાં તેની કાચની દીવાલો પાછળ બહારથી પણ અનેક નવીન ચીજવસ્તુઓ અવનવી ગોઠવણીમાં જોઈ શકાતી હતી. જોતાંજોતાં એક ચક્કર પૂરું થવા આવ્યું. ખાસ રસ પડયો નહિ એટલે પાછો વળ્યો. ત્યાં થોડે દૂર સિવિકના ફરસબંધ ચોગાનમાં લોકોનું એક ટોળું દેખાયું. રજા હતી એટલે આસપાસમાં તો ક્યાંય લોકો દેખાતા નહોતા અને અહીં આ ટોળું શાનું? સમયની ક્યાં ખોટ હતી? અજાણ્યા દેશમાં વિદેશીઓના ટોળામાં એકદમ ઘૂસતાં સંકોચ થાય. ધીમેધીમે હું પાસે ગયો. એકબાજુ નાનકડાં હાટ માંડયાં હતાં તેમાં ક્યાંક બકાલી ફળ અને શાકભાજી વેચે, ક્યાંક કુંભાર માટીનાં વાસણો; ક્યાંક દરજી કપડાં સીવે, ક્યાંક મોચી ચામડાનાં પટા-પગરખાં વેચે. એકમાં તો વળી એક બાઈ ઊનની પૂણીઓ કાંતતી જોઈ, તો એક દુકાનેથી વળી બાળકો 'બુઢ્ઢીના બાલ'ના ગુલાબી ગળ્યા ગોટાઓ લઈને ખાતાં હતાં. એક ટટ્ટુ ઉપર છોકરાંઓને ફેરવવામાં આવતાં હતાં. બાળકો માટે એક ટટ્ટુગાડી અને એક ઘેટાગાડી પણ ફરતી જોઈ. નાનકડો મેળો ભરાયો હોય એવું લાગ્યું.

ચોગાનમાં વચ્ચે ઘણો મોટો હોજ હતો. એમાં ફુવારા પણ હતા. હોજની આસપાસ માણસો ટોળે વળીને ઊભા હતા. વચ્ચે એક માણસ મોટેથી બોલતો હતો અને લોકો સાંભળતા હતા. ટોળામાંથી વળી બીજા એક-બે જણ આવ્યા, એ પણ બોલવા લાગ્યા. એમનો પહેરવેશ પણ ગ્રામીણ. શું ચાલી રહ્યું છે તે તુરત સમજાયું નહિ. નાટક કે ભવાઈ જેવું લાગ્યું. એવામાં બીજા એક ખૂણામાં બે-ત્રણ સ્ત્રી-પુરુષો બોલવા લાગ્યાં. આખું ટોળું તે બાજુ દોડયું. હું પણ ઘસડાયો. જાણે નાટકનું દૃશ્ય બદલાયું હોય તેવું લાગ્યું.

ટોળામાં બધા ઑસ્ટ્રેલીઅનો હતા. પરદેશી એક માત્ર હું જ હતો. ચામડીના રંગથી પણ પરદેશી તરીકે હું એ બધાંથી જુદો તરી આવતો હતો. કોઈ ઓળખીતું નહિ એટલે કોઈની સાથે તુરત વાત કરતાં ય સંકોચ થાય. ને વળી શું ચાલી રહ્યું છે તેની મને સમજ પડતી નહોતી.

એવામાં મારી પાસે ઊભેલા એક સજ્જને મને પૂછયું, 'તમે ભારતથી આવો છો?'

એમના અંગ્રેજી ઉચ્ચારો ઑસ્ટ્રેલીઅન જેવા ન લાગ્યા. ભાષા તુરત સ્પષ્ટ સમજાઈ. મેં કહ્યું, 'હા. આ શું ચાલી રહ્યું છે?'

એમણે કહ્યું, 'નાટક'. તુરત મારા હાથમાં એક પત્રિકા મૂકી. 'બ્લ્યૂ ફૉક' નામની સંસ્થા તરફથી રોબિન-હૂડ નાટક ભજવાઈ રહ્યું હતું. લોકનાટક કે કંઈક અંશે ભવાઈની પદ્ધતિએ. આ સ્થળ કૅન્બેરા થીએટર સેન્ટરનું છે. પણ નાટક થીએટરમાં નહિ, બહાર ચોગાનમાં ભજવાતું હતું. લોકો ઊભાઊભા જોતા હતા, અને ચોગાનમાં જે બાજુ દૃશ્ય ભજવાય તે બાજુ જોવા જાય. વચ્ચે દૃશ્ય ભજવાય ને લોકો ચારેબાજુ ટોળું વળી એ જુએ. રસ ન પડે તો ચાલતા થાય. નાનાં છોકરાંઓ ચોગાનમાં દોડાદોડી કરે, લોકોમાં અંદરઅંદર વાતો યે ચાલે એટલે સાધારણ ઘોંઘાટ પણ ખરો, પરંતુ એથી નાટકને ખલેલ ન પહોંચે.

નાટકનાં પાત્રોનો પહેરવેશ નાટકના કથાવસ્તુ પ્રમાણે ગામડી. માઈકની વ્યવસ્થા હેતુપૂર્વક રાખી નહોતી. બધાં પાત્રો મોટેથી બોલે, ઓછું સંભળાય તો ટોળું એ પાત્રોની વધુ નજીક સરે. મેકઅપનું નામનિશાન નહિ. આસપાસ જે દુકાનો હતી તે યે ગામડાના દૃશ્યના એક ભાગ તરીકે ગોઠવવામાં આવી હતી. અને છતાં તેમાં ચીજવસ્તુનું વેચાણ સાચુકલું. કંઈ લેવું હોય તો ખરીદી શકાય. ઘેટાગાડી કે ટટ્ટુગાડીમાં છોકરાંઓ પૈસા આપીને સહેલ પણ કરી શકે. પણ એ ગાડી ફેરવનારાં તે નાટકનાં પાત્રો જ.

પેલા સજ્જને પૂછયું: 'કેવું લાગે છે નાટક?'

'સરસ. આવી રીતે ભજવાતું નાટક મેં પહેલી જ વાર જોયું.'

'મારી દીકરીએ પણ એમાં ભાગ લીધો છે.'

'એમ? બહુ સરસ. ક્યાં છે તમારી દીકરી?'

'આ પછીનાં કેટલાંક દૃશ્યોમાં તે આવશે. નાની ચૌદ વર્ષની છે. કાછિયાની હાથગાડી ખેંચવાનું કામ એણે કરવાનું છે. વળી, ગામલોકોના ટોળામાં પણ એને થોડું બોલવાનું છે. હમણાં આવશે એટલે બતાવીશ.'

જરા વાર પછી એમણે દૂરથી આવતું એક હાથગાડું બતાવ્યું. કાળો લાંબો પોશાક પહેરી એક છોકરી ગાડું ખેંચી લાવતી હતી. ગાડામાં ફળ અને શાકભાજી હતાં. સાથે ખભે ડાંગ રાખીને ગાડાવાળો ચાલતો હતો.

મેં કહ્યું, 'તમારી દીકરી ચબરાક દેખાય છે. શું નામ છે?'

Bombax Malabaricum
Bombay Heptaphllum

શાલ્મલી (શીમળો)

પુષ્પમાળા–૨૩ **લેખક • પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર**

तप्तकांचन-पुष्पां च वैदूर्यप्रवरच्छदाम्।
द्रक्ष्यसे शाल्मली तीक्ष्णां आयसे-कंटकैश्चिताम् ॥

વાલ્મીકિએ રામાયણમાં શાલ્મલીને આમ તપ્તસુવર્ણ જેવાં પુષ્પો, નીલમ જેવાં ઘેરાં લીલાં પાન અને લોઢાના કાંટા જેવા તીક્ષ્ણ કંટકોથી ખચિત વૃક્ષ તરીકે વર્ણવ્યું છે.

મોચા
તૂલિની
સ્થિરાયુ
પૂરણી
પિચ્છિલા
રક્તપુષ્પા
યમદ્રુમ
સ્થૂલફલા
આ
બધાં શીમળાનાં
સંસ્કૃત
નામો છે.



શાલ્મલી તે જેને આપણે શીમળો કહીએ છીએ તે જ વૃક્ષ. બહુ પરિચિત વૃક્ષ છે. ભારતનાં વનોમાં એ કુદરતી રીતે ઊગી નીકળેલાં જોવા મળે છે. વિંધ્યાચલ, સાતપૂડા વગેરે ઉષ્ણ પર્વતખંડોમાં તથા હિમાલયના પૂર્વીય પ્રદેશોમાં ત્રણ હજાર ફીટની ઊંચાઈ સુધી એ જોવા મળે છે. ભારત બહાર બ્રહ્મદેશ, સુમાત્રા, મલયપ્રાય: દ્વીપ, લંકા ને હિંદી ચીનમાં પણ એ પુષ્કળ ઊગે છે. પંચતંત્રમાં તેનો ઉલ્લેખ 'અસ્તિ ગોદાવરી તીરે વિશાલ: શાલ્મલી તરુ:' તેના વ્યાપને નિર્દેશે છે.

આ શાલ્મલી – શીમળાનાં વૃક્ષો સાઠથી ઍંસી ફૂટ સુધી ઊંચાં વધે છે. ભૂખરી છાલવાળાં એનાં ધીંગાં થડ, અને તેના પર સામસામી ફેલાએલી શાખાઓ ઉપર બેઠી પડઘીવાળા શંકુ આકારના મજબૂત તીક્ષ્ણ કાંટા હોય છે. શીમળાની શાખાઓ સઘન હોતી નથી. તેની ઉપર પાંચ-છ ઈંચ લાંબી ડાંડલી પર ખુલ્લી હથેળીની આંગળીઓ જેમ છૂટાં ઊગતાં પાન એકાદ વેંત જેટલાં લાંબાં, લીસાં અને છેડેથી અણીદાર તથા પંખાની જેમ ફેલાએલાં હોય છે.

શીતકાલ, એટલે કે જાન્યુઆરીથી માર્ચ દરમિયાન એનાં પર્ણો ખરી પડે છે, અને શાખાઓ પરની મોટી કળીઓમાંથી મોટાં ઘેરાં પીળાશવાળાં લાલ-ચટક પુષ્પોથી વૃક્ષ ખીલી ઊઠે છે. વસંતમાં તો આ વૃક્ષો ઋતુરાજની ક્રિડાસ્થલી સમાં શોભતાં હોય છે. વનમાં દવ લાગ્યા જેવી તેની આ ભભક અને પ્રભાતે તે પુષ્પોમાંથી મધુ-રસપાન માટે તેના પર ઘુમરાતાં વિવિધ પક્ષીઓથી આસપાસનું પર્યાવરણ અનેરું બની જતું લાગે છે. પરન્તુ આવાં સુંદર હોવાં છતાં આ પુષ્પોમાં સુગંધ હોતી નથી. ગામડામાં લોકો શીમળાનાં ફૂલની કળીઓનું શાક બનાવે છે. આ કળીઓ પૌષ્ટિક ગણાય છે.

शाल्मलीस्तु भवेन् मोचा पिच्छिला पूरणीति च।
रक्तपुष्पा स्थिरायुश्च कंटकाठ्या च तूलिनी ॥
—आचार्य भावमिश्र

પુષ્પો ખરી ગયાં પછી એપ્રિલ માસ આસપાસમાં તેનાં સ્થાને એક લંબગોળ અણિયાળું ફળ બેસે છે, જે આરંભમાં લીલું પણ પછી ભૂખરું બની જાય છે. આ ફળ પાંચ-સાત ઈંચ જેટલું વધી પાકીને ફાટે છે, અને ત્યારે તેમાંથી રેશમ જેવું મુલાયમ શ્વેત રૂ પવનમાં ચોપાસ ઊડવા લાગે છે. ઉત્તર ભારત અને સીમલા-બહુલ પ્રદેશોમાં

'એકી.' પત્રિકામાં એમણે નામ વંચાવ્યું. એકી કૉર્નિંગસ્વેલ્ડ.

'આમ કરતાંકરતાં નાટકમાં મોટું કામ કરતી થઈ જશે.'

'એને કદાચ તક મળે તો મળે. કંઈ કહેવાય નહિ, કારણ કે અમને અહીં કેટલીક મુશ્કેલી છે.'

'તમને ! શી મુશ્કેલી ?' હવે વિરામનો સમય હતો એટલે અમે એક ઝાડ નીચે છાંયામાં બેઠા.

'અમે ઑસ્ટ્રેલીઅન નથી, ડચ છીએ.'

'મને તમારી અંગ્રેજી ભાષા પરથી જ લાગ્યું હતું. તમારા ઉચ્ચાર ઑસ્ટ્રેલીઅનો જેવા નથી.'

'એમ કે ?...તમે ઑસ્ટ્રેલીઆ ફરવા આવ્યા છો ?'

'આમ તો હું સીડનીમાં આંતરરાષ્ટ્રીય પેન કૉંગ્રેસ હતી તેમાં ભારતના પ્રતિનિધિ તરીકે આવ્યો છું. મેલ્બર્ન જતાં વચ્ચે અહીં કૅન્બેરામાં તો માત્ર ફરવા આવ્યો છું.'

'હું યે ભારતમાં થોડા દિવસ રહ્યો છું. હૉલૅન્ડથી નીકળ્યો ત્યારે.'

'તમે અહીં કાયમ માટે રહો છો ?'

'હા. હૉલૅન્ડ મેં છોડી દીધું. જો કે ત્યાં જવું હજુ ગમે ખરું.'

'કેમ છોડયું ?'

'હું ડચ સૈનિક હતો. ઘણાં વરસ સૈન્યમાં કામ કરેલું.' એક વખત અમને ઈન્ડોનેશિયા મોકલ્યા. તમે જાણો છો કે એ ડચ સંસ્થાન હતું; ત્યાંની રાષ્ટ્રીય ચળવળને કચડી નાખવા. પણ મારામાં રંગદ્વેષની લાગણી પહેલેથી જ નહિ. લોકશાહીમાં અને માનવતામાં માનું. ઈન્ડોનેશિયાની પ્રજાની ગરીબી જોઈને તો દયા આવે. એક દિવસ ચળવળ કરતા ટોળા ઉપર ગોળીબાર કરવાનો અમને હુકમ થયો. આટલા બધા લોકોને મારી નાખવાની મારા અંતરાત્માએ ના પાડી. મેં તુરત જ કહી દીધું કે હું ગોળીબાર નહિ કરું. મને જે શિક્ષા કરવી હોય તે કરી શકો છો. હુકમનો અનાદર થતાં ધમાલ મચી ગઈ. તુરત મારી ધરપકડ થઈ. મને હૉલૅન્ડ લઈ ગયા. મિલિટરી કોર્ટમાં કેસ ચાલ્યો, ચાર મહિનાની સખત કેદ થઈ. છૂટયા પછી મેં નક્કી કર્યું કે હૉલૅન્ડની ધરતી પર મારું અન્નજળ પૂરું થયું. દેશ છોડવાનું નક્કી કર્યું. મારી પત્નીએ પણ સંમતિ આપી. કયા દેશમાં જઈ વસવાટ કરવો તેનો વિચાર કર્યો, અને અહીં આવીને વસવાટ કર્યો. અમે અહીં ઘણાં વરસથી છીએ. પણ અહીંના લોકો હજી અમારી સાથે ભળતા નથી.'

નાટક આગળ ચાલ્યું. દશ્યો સરસ ભજવાતાં હતાં. વચ્ચેવચ્ચે અમારી વાતચીત આગળ ચાલતી જતી હતી.

હોજ ઉપર એક આડું પાટિયું મૂકયું હતું. અમસ્તું જ મૂકયું હશે એમ મેં માનેલું પણ ત્યાં તો પાટિયાના બે છેડેથી એકએક પાત્ર પાટિયા ઉપર આવ્યું. પાણી ઉપરનો એ પુલ હતો. બંને પાત્રો વચ્ચે કંઈક ચડભડ ચાલી, પછી હાથોહાથની મારામારી ભજવાઈ અને એક જણ પાણીમાં પડયો. બીજો યે તેની પાછળ પાણીમાં કૂદ્યો અને પાણીમાં યે મારામારી ચાલી. આમ, નાટકનાં પાત્રો સાચોસાચ પાણીમાં પણ

ઘણી વાર આ ઊડતું રૂ હવામાં મોટા વિસ્તારોમાં ફેલાએલું જોવા મળે છે. આની અંદર જ બીજ હોય છે, જે રૂની સાથે દૂરદૂર સુધી પહોંચી જાય છે. શીમળાના પ્રસરણ માટે કુદરતની આ એક કરામત છે. સુંવાળપને કારણે શીમળાનું રૂ રજાઈ-ઓશીકાં વગેરેમાં ભરાય છે.

શીમળાનું કાષ્ઠ સુંવાળું, હલકું અને નરમ હોય છે. દીવાસળીની સળીઓ બનાવવામાં એનો બહોળો ઉપયોગ થાય છે. ખોખાંઓ અને નાનાં હોડકાં બનાવવામાં પણ એ વપરાય છે. આમ તો એનો પ્રસાર રૂ સાથે ઊડતાં બીજ વડે થાય છે જ, પરન્તુ કાપકલમથી પણ તેને ઉગાડી શકાય છે અને અનુકૂળ હવામાનમાં એ જલ્દીથી વધે છે.

શીમળાના ઔષધીય ઉપયોગો પણ છે. તેના થડમાં ચીરા પાડીને મેળવાતો લાલ રંગનો ગુંદર 'મોચરસ' નામે ઓળખાય છે જે અનેક રોગોમાં અકસીર દવા છે. મોચરસને તવા ઉપર શેકીને કકરો કરી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ બનાવીને ખડી સાકર સાથે લેવાથી મરડો, આમાતિસાર અને રક્તાતિસારમાં અચૂક લાભ થાય છે (આપાશાસ્ત્રી સાઠે). વૈદ્ય શંકર દાજી પદેના મત પ્રમાણે શીમળાનાં ફૂલોની ભાજી ઘી ને સિંધવ સાથે ખાવાથી કષ્ટસાધ્ય રક્તપ્રદર મટે છે. સુશ્રુતના કહેવા પ્રમાણે અતિસારમાં શીમળાનાં ડીંટાંનો કાઢો રાતભર રહેવા દઈને સવારે જેઠીમધનું ચૂર્ણ તથા મધ ને બનાવેલો શીતકષાય પીવાથી ફાયદો થાય છે. શૂળ રડો અને રક્તપિત્તમાં પણ એ ગુણકારી છે. વ્રણ રુઝવવા શીમળાની છાલની લૂગદીનો લેપ લાભ કરે છે (ચરક). શી ળાનાં ફૂલ સારી રીતે બાફીને રાતભર રાખી મૂકી સવારે રાઈ થ ખાવાથી ખરોળ મટવાનું ભાવપ્રકાશનું કથન છે. શીમળાનાં મૂળ ને વિદારીકંદનું ચૂર્ણ દૂધ સાથે લેવાથી ધાતુપુષ્ટિ અને વીર્યવૃદ્ધિ થાય છે. એક તોલો શીમળાની છાલ દૂધમાં વાટીને સાકર મેળવીને બનાવેલું શરબત પ્રાતઃસાયં લેવાથી તમામ વીર્યદોષ અને દિમાગની કમજોરી દૂર થાય છે. શીમળાના મૂળનો તાજો રસ અને તલ સાથે લેવા એ ઉત્તમ વાજીકરણ છે. શીમળાની છાલ ચોપડવાથી વાળો મટે છે (શોઢલ). ચક્રપાણિ દત્તના કથન મુજબ ચહેરા પરના કાળા ડાઘ ઉપર શીમળાના કાંટાને દૂધમાં ખૂબ લઢીને ચોપડવાથી એ દૂર થઈને મુખની કાંતિ વધે છે. અગ્નિથી દાઝવાના વ્રણ ઉપર શીમળાનું રૂ બાળીને લગાડવાથી ફાયદો થાય છે.

સંસ્કૃત સાહિત્યમાં પણ શીમળાનાં અનેક સુંદર વર્ણનો મળે છે. ગ્રીષ્મકાળમાં લાગેલા દવનું વર્ણન કરતાં 'ઋતુસંહાર'માં કવિગુરુ કાલિદાસ કહે છે કે, પવનથી ભડકેલો, શીમળાની નિકુંજોમાં અટવાએલો, વૃક્ષોનાં પોલાણમાં સુવર્ણ જેવો તેજસ્વી કનકગૌર દવ ઊંચાંઊંચાં વૃક્ષો પર કૂદતો શાલ્મલી-વનમાં ચોપાસ ફેલાઈ રહ્યો છે. તેના તાપથી પાન બળીને ખરી ગયાં છે.

बहुतर इव जातः शाल्मलीनां वनेषु
स्फुरति कनकगौरः कोटरेषु द्रुमाणाम् ।।
परिणत-दल शाखानुत्पतन् प्रांशु वृक्षान्
भ्रमति पवन-धूतः सर्वतोऽग्निर्वनान्ते ।।

નવમી સદીના કવિ ભલ્લટ લખે છે—

विशालं शाल्मल्याः नयनसुभगं वीक्ष्य कुसुमम्
शुकस्यासीद् बुद्धिः फलमपि भवेत् तादृशमिति ।
चिरंस्तत्रस्थित्वा फलमपि च काले परिणतम्
विपाके तूलोऽन्तः सपदि मरुता सोऽप्यपतम् ।।

મોટા મનોરમ શાલ્મલી-પુષ્પો જોઈને થયું કે તેનાં ફળો પણ સ્વાદિષ્ટ હશે એટલે તેની પ્રતીક્ષામાં એ ત્યાં જ વસી ગયો, પણ વખત જતાં એમાં ફળ આવ્યું અને પાકીને ફાટ્યું ત્યારે પવન તેમાંના રૂને ઉડાડી લઈ ગયો, પોપટ હતાશ થઈ ગયો.

'કાદમ્બરી'માં આવે છે કે ઊંચું અને વિશાળ શીમળાનું વૃક્ષ, વનદેવતાઓ માટે સમસ્ત ભુવનતલ જોવા માટેના પ્રાસાદ સમું છે—

अखिलभुवनतल अवलोकन प्रासाद इव वनदेवतानाम् ।।

શાલ્મલીને હિંદીમાં સેંમર, સેમ્હલ કે સિંબલ કહે છે. બંગાળીમાં શેમુલગાછ અને રક્તશેમુલ, મરાઠીમાં સાઁવર ને પંજાબી તથા કાશ્મીરીમાં સિંબલ; અને અંગ્રેજીમાં Red silk-tree કહે છે. □

પડે એ આ લોકનાટ્યમાં જોવા મળ્યું. છેલ્લા એક દૃશ્યમાં તો છ-સાત પાત્રોએ એક જણને ઊંચકીને સીધો પાણીમાં ફેંક્યો હતો.

વાત પાછી આગળ ચાલી. મેં એમનું નામ પૂછ્યું. એમણે કહ્યું, 'હેરી કોનિંગસ્વેલ્ડ.' એમણે મારું નામ પૂછ્યું. મેં મારું કાર્ડ આપ્યું.

'અહીં ક્યારે આવ્યા?' એમણે પૂછ્યું.

'આજે બપોરે જ. લંચ લઈને સીધો અહીં જ આવ્યો છું.'

'તો તો કૅનબેરામાં હજી કંઈ જોયું નહિ હોય.' 'ના જી!'

'તમને વાંધો ન હોય તો ચાલો મારી સાથે. મારે આજે રજા છે અને ગાડી પણ છે. તમને બધે ફેરવીશ.' 'મને બહુ આનંદ થશે.'

'મારી દીકરી ડાયરેક્ટરની રજા લઈને આવે એટલે આપણે જઈએ.'


નાટક પૂરું થયું. બધાં પાત્રો જાતે જ કામે લાગી ગયાં. દૃશ્યો માટે આણેલાં ફૂલછોડનાં કૂંડાં, બેઠકો, વાજિંત્રો, ગાડાં-ગાડી વગેરે ખસેડવા-ગોઠવવા લાગ્યાં. એક જૂથે માઈક ઉપર લોકગીતો ગાવા માંડ્યાં. બુલંદ, મીઠો અને તાલબદ્ધ અવાજ. કામ કરનારાંઓને પણ તાન ચડે એવો.

અમે ત્રણેય ગાડીમાં બેઠાં. હેરીએ કહ્યું, 'આપણે પહેલાં ઘેર જઈ ચા-પાણી લઈએ અને પછી ફરવા નીકળીએ.'

હેરીનું ઘર હેકેટ વિસ્તારમાં 'હેરીસ પ્લેસ' નામની ગલીમાં. સુંદર મજાનું ઘર. શાંત અને રમ્ય વિસ્તાર. હેરી કહે, 'અમે ઘણાં વરસથી અહીં રહીએ છીએ, પણ કોઈની સાથે વાતચીતનો પણ વ્યવહાર નથી. ઊલટાનું અમે અહીં રહેવા આવ્યાં ત્યારે આસપાસનાં લોકોએ અમને બહુ હેરાન કરેલાં. અમારે એક કૂતરો હતો. એટલો સારો! પણ લોકોએ ફરિયાદ કરી કે રાતના એના ભસવાથી એમની ઊંઘમાં ખલેલ પડે છે, એટલે પોલીસ કૂતરાને લઈ ગઈ. એ દિવસે અમને ખૂબ રડવું આવેલું.'

દુનિયામાં માત્ર કાળાધોળાના જ ઝઘડા હોય છે એવું નથી. ધોળાધોળા વચ્ચે અને કાળાકાળા વચ્ચે પણ રાષ્ટ્રભેદે, ભાષાભેદે, પ્રદેશભેદે, ધર્મભેદે, સંસ્કારભેદે ઝઘડા, અણબનાવો ચાલતા જ હોય છે. ઑસ્ટ્રેલીઆમાં તો અંગ્રેજો ઉપરાંત, ડચ, ઈટાલિયન, સ્પેનિશ અને જર્મન લોકો પણ ઘણાં છે. એમાં જર્મનો વધારે છે, વિશેષતઃ દક્ષિણ કિનારે. એકંદરે તો જૂના વખતમાં આવેલા ઘણા લોકો પરસ્પર ભળી ગયાં છે. કેટલાકો તો બેત્રણ પેઢીથી અહીં છે. અરસપરસ લગ્નવ્યવહાર પણ ચાલે છે. છતાં અણબનાવના પ્રસંગો બનતા રહે છે.

હું અને હેરી બહાર ફરવા નીકળ્યા. થોડેક દૂર હેરીએ પોતાનું જૂનું ઘર બતાવ્યું. કહે, ઑસ્ટ્રેલીઆમાં આવતાંની સાથે સરકારી નોકરી લીધી. સરકારી ગેસ્ટ હાઉસમાં રહેવા મળ્યું. નાનકડું ઘર, ખાસ સગવડ નહિ, અને ખાવાનું પણ સરકારી રસોડે. રસોઈ ઊતરતી કક્ષાની અને વાસી. એક વખત તો દીકરી માંદી પડી ગએલી. ઘણી તકલીફ પડતી. દાદ-ફરિયાદ કોઈ સાંભળે નહિ. પગાર ટૂંકો ને ઘરખર્ચ વધારે. એટલે સાંજે સરકારી ઑફિસેથી છૂટીને પોતે જમીને પાછા દારૂના એક બારમાં નોકરી કરવા જતા. બારવાળાને એમની નોકરી પસંદ પડી ગઈ હતી. કારણ કે પોતે ગ્રાહકોને જાતજાતના રમૂજી ટુચકા



શનિનું અભિનવ દર્શન

અવકાશયાન વૉયેજરે પાઠવેલી પ્રચુર માહિતીના અતિ ઝીણવટ-ભર્યા અભ્યાસને અંતે, તે દ્વારા પ્રાપ્ત થએલી શોધોને કારણે વિજ્ઞાનીઓ થોડી હબક ખાઈ ગયા છે. ઉક્ત શોધોમાં શનિનાં વલયની વાત પ્રાધાન્ય ધરાવે છે. યુરેનસને તેમ જ ગુરુને વલયો છે એની જાણ આપણને હમણાં જ થઈ છે; તે પહેલાં શનિને વલયો હોવાની વાત અનન્ય લેખાતી હતી. વૉયેજરની શનિ-મુલાકાત પહેલાં શનિનાં છ વલયની તેમ જ તેમની વચ્ચે આવેલા કેસિની અવકાશની જાણ દુનિયાને હતી. હવે જાણવા મળ્યું છે કે શનિને કેવળ છ વલય નહિ, પણ સેંકડો વલયો છે! આ વલયોની વચ્ચે જેને ખાલી જગ્યા માનવામાં આવતી હતી તે પણ ખાલી ન હોતાં ડઝનબંધ વલયોથી ભરેલી છે.

'ટિટાન' ઉપગ્રહ શનિનો તેમ જ સમગ્ર સૂર્યમંડળનો સ.થી મોટો (બુધ ગ્રહ કરતાં પણ મોટો) ચંદ્ર છે. આ ચંદ્ર વાતાવરણ ધરાવે છે તે હકીકત જાણીતી છે; પણ એ વાતાવરણ જૂની માન્યતા અનુસાર મીથેનનું નહીં પણ નાઇટ્રોજન-બાષ્પનું હોવાનું જણાયું છે. વધુમાં જાણવા મળ્યું છે કે ટિટાનની ભૂમિ પ્રવાહી નાઇટ્રોજનના બનેલા ઠંડા સમુદ્ર વડે પ્રક્ષાલિત થતી રહે છે.

શનિનો પરિચારક ગણ જે અત્યાર સુધીમાં ૧૨નો લેખાતો હતો તેમાં હવે ૩નો ઉમેરો થતાં શનિના કુલ ઉપગ્રહોની સંખ્યા ૧૫ સુધી પહોંચી છે. સૂર્યમંડળના ઉદ્ભવકાળ જેટલી ઉંમર (૪.૬ કરોડ વર્ષ) દાખવતા એ બધા ઉપગ્રહો ખરતા તારાઓના અને ક્યારેક ધૂમકેતુઓના આઘાત સહી એકબીજાથી અલગ રૂપ દાખવતા થઈ ગયા છે. ઉપરાંત, વિશિષ્ટ ભૂમિકંપનું ફળ હોય તેમ કેટલાક ચંદ્રોની ભૂમિ તિરાડોથી આચ્છાદિત બનેલી દેખાય છે. શનિના ઉપગ્રહો પૈકી બે ચંદ્રો જેમનો દેખાવ તૂટેલા દાંત જેવો છે તે શનિ-વલયોની કક્ષામાં ભ્રમણ કરતા જણાય છે. શનિનો એક ચંદ્ર કોઈ અવકાશી પિંડ સાથે અથડાઈ દ્વિતરૂપમાં પરિણમ્યો હશે એવું તેમના વિષે માનવામાં આવે છે. ('ટાઇમ' ૨૪ નવેમ્બર ૧૯૮૦ના આધારે)

યુનાઇટેડ સ્ટેટ્સની આબાલવૃદ્ધ પ્રત્યેક વ્યક્તિના ભાગે લગભગ ૧૮ રૂપિયા આવે એટલા જંગી ખર્ચે ઈ. ૧૯૭૭ની ૫ સપ્ટેમ્બરે અમેરિકાએ શનિ પ્રતિ 'વૉયેજર-૧' નામનું એક અવકાશયાન છોડ્યું. હતું. કલાકના ૮૦,૦૦૦ માઈલ જેટલા પ્રચંડ વેગે ૧૯૭૮ના માર્ચમાં ગુરુની નજીકથી પસાર થઈને, ૩૮ માસ પછી ૯૦,૦૦,૦૦,૦૦૦ માઇલ દૂર આવેલા શનિની નજીકથી એ ગયા નવેમ્બરમાં પસાર થયું, (ડાબી બાજુ મથાળે તેનો એ અવકાશમાર્ગ બતાવ્યો છે,) ત્યારે તેના દ્વારા જે કેટલીક આશ્ચર્યકારક નવી માહિતીઓ પ્રાપ્ત થઈ તેની એક તારવેલી ટૂંકી નોંધ આ સાથે આપી છે. સામેના પૃષ્ઠ ઉપર તેણે લીધેલી સંખ્યાબંધ છબીઓમાંથી ચાર છબી આપી છે. તેમાં ડાબી મથાળે પહેલી છબી શનિના એક ઉપગ્રહ ડાયોન (**Dione**)ની છે. માત્ર ૯૦૦ માઇલ જેટલા વ્યાસના આ ટચૂકડા ઉપગ્રહની સપાટી ઉલ્કાઓના માર અને ધૂમકેતુઓના આઘાતથી આપણા ચંદ્રના જેવી બની ગએલી દેખાય છે. છબીમાં દેખાતું મોટામાં મોટું ક્રેટર લગભગ ૬૦ માઇલ જેટલું પહોળું હોવાનો અંદાજ છે. વૉયેજરે શનિના બીજા બે વધુ ઉપગ્રહો પણ ખોળી કાઢ્યા છે, એટલે હવે શનિને કુલ ૧૫ ઉપગ્રહો છે એવું જાણવા મળ્યું છે. નાના ઉપગ્રહોમાં એક સિવાય બધાની સપાટી ઉપર ક્રેટર્સ છવાએલાં છે અને અમુકની સપાટી ઉપર તો લાંબી તિરાડો પણ છે. જ્યારે એક ઉપગ્રહ તો ભાંગીને તેના બે ભાગ થઈ ગએલા છે.


દૂરબીન દ્વારા દેખાયું છે તેમ શનિની આસપાસ માત્ર છ જ વલયો નહિ, પણ પેટા વિભાગો સાથે સેંકડો વલયો હોવાનું પણ વૉયેજર-૧ દ્વારા જાણવા મળ્યું છે. બહુધા બરફનાં ગચિયાંનાં બનેલાં લાગતાં આ બધાં વલયો શનિની આસપાસ ખરેખર કઈ રીતે ટકી રહ્યાં છે એ પણ એક રહસ્ય છે જ. ઉપરાંત, ગઈ ૫ ઑક્ટોબરે શનિથી ૩૨૦ લાખ માઈલ દૂરથી વૉયેજરે લીધેલી એ વલયોની છબીમાં (જુઓ સામે જમણી બાજુ મથાળે) દેખાય છે તેમ તેમાં અમુક ડાઘ જણાયા છે. આ ડાઘ હોવા એ તો એક આશ્ચર્ય છે જ, પણ માત્ર અમુક કલાકો સુધી જ એ દેખાય અને પછી અદૃશ્ય બની જાય એ એનું એક વિશેષ રહસ્ય છે. શનિનાં વલયોમાંના છેક બહારના એક વલયમાં એક સરખી સપાટી હોવાના બદલે તેમાં અમળાટ અને ગાંઠ હોવાની જાણ પણ વૉયેજર દ્વારા થઇ છે. (સામે પાને નીચેની પહેલી છબી) આ અસાધારણ વળ કાયમી છે કે નહિ તથા તે શા કારણે છે તે નિશ્ચિત થઈ શક્યું નથી.


બીજા ગ્રહોની જેમ શનિ પણ ઠંડો અને અંધારિયો ગ્રહ છે, પણ તેનું બંધારણ અવકાશમાં તરતા અવિસ્ફોટિત તારા જેવું છે. શનિને પોતાનું વાતાવરણ પણ છે જ. એ વાતાવરણમાં તોફાનો પણ ઊઠે છે. ત્રણસો વર્ષ પહેલાં દૂરબીન દ્વારા દેખાયા ત્યારથી હજી સુધી ગુરુ ઉપર જોવા મળતા લાલ ડાઘા જેવા તીવ્ર વેગીલા અને કાયમી ડાઘ શનિ ઉપર પણ દેખાય છે. પણ શનિ ઉપર પશ્ચિમમાંથી પૂર્વ તરફ કલાકે ૯૦૦ માઈલ જેટલી ઝડપે સતત ફૂંકાતા પવનની શોધ એ એક વધુ આશ્ચર્ય છે. ગુરુ ઉપર આવો પવન આનાથી ચોથા ભાગની જ ગતિએ વાતો અને બદલાતો રહે છે.


વૉયેજરે ટિટાનના વાતાવરણનાં નિરીક્ષણો પણ કર્યાં છે. શનિના આ ઉપગ્રહ ઉપર પોતાનું વાતાવરણ હોવાની જાણ તો હતી, અને તેમાં જીવન પાંગરી શકે એટલું એ ઘટ્ટ હોવાનો ખયાલ હતો. વૉયેજર


સંભળાવતા. કેટલાક ગ્રાહકો તો નવા ટુચકા સાંભળવા ખાતર પણ આવતા. વાંચેલા ને ઉપજાવી કાઢેલા એ જાતજાતના ટુચકાથી ગ્રાહકોની મહેફિલમાં રંગ જામતો. ત્યાંથી એ રાતના બાર-એક વાગ્યે છૂટે. બસ તો સાંજે સાતેક વાગ્યે બંધ થઈ જાય. એટલે પાંચ માઈલ ચાલીને મોડી રાતે ઘેર પહોંચે. સવારે પાછા વહેલા ઊઠીને સરકારી નોકરીએ દોડવાનું તો હોય જ. ઘણાં વર્ષ એ રીતે દુઃખમાં કાઢ્યાં. હવે મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં વૉટર વર્કસમાં તેઓ કામ કરે છે. શાંતિની અને સારી નોકરી છે. પૈસા પણ ઠીક બચે છે.

હેરીએ લગભગ આખું કૅન્બેરા બતાવ્યું. વૉર મેમોરીઅલ, મ્યુઝિયમ, પાર્લામેન્ટ હાઉસ, રેડહિલ, એલચી ખાતાનાં મકાનો, ટાવર, બર્લે ગ્રિફિન સરોવર વગેરે મહત્ત્વનાં સ્થળો પ્રેમપૂર્વક બતાવ્યાં. અલબત્ત, સમયના અભાવે કેટલાંક સ્થળ તો બહારથી ઝડપથી જોયાં. સાંજ પડી અંધારું થવા લાગ્યું એટલે અમે ઘેર આવ્યા. અમે સાથે જ જમ્યા. માત્ર શાકાહાર જ લઉં છું એ જાણીને હેરીએ કહ્યું: 'આ મારી









ટિટાન પાસેથી પસાર થાય ત્યારે આ ધારણાને પણ ચકાસી જોવાની ગણતરી રખાઈ હતી. અને વૉયેજરે ટિટાન વિષે જે માહિતી આપી તેનાથી ટિટાન વિષેના વિજ્ઞાનીઓનાં બે આકર્ષણો તેણે તોડી પાડયાં. એક તો ટિટાન એ સૂર્યમાળામાં સૌથી મોટો ઉપગ્રહ હોવાનો ખયાલ તેણે ખોટો પાડયો. વૉયેજરે માપ્યા પ્રમાણે ટિટાનનો વ્યાસ ગુરુના સૌથા મોટા ઉપગ્રહ 'ગનીમેડ' (વ્યાસ ૩૧૨૦ મા:) કરતાં યે ૫૦ માઈલ ઓછો હોવાનું જણાયું; અને બીજું એ કે ટિટાનનું વાતાવરણ બહુધા નાઇટ્રોજનથી જ ભર્યું છે, તથા ટિટાનની સપાટી પાસેનું ઉષ્ણતામાન શૂન્યથી યે નીચે –૨૦૦ અંશ સેન્ટીગ્રેડ જેટલું છે, જેમાં આ નાઇટ્રોજન પણ પ્રવાહી બની જાય. મતલબ કે ટિટાનની સપાટી ઉપર નદી-સરોવર હોય તો તે એ પાણીનાં નહિ પણ પ્રવાહી નાઇટ્રોજનનાં હોય. આમાં જીવન પાંગરવાની કોઈ શક્યતા નથી. આમ, સૂર્યમાળામાં હજી આપણે એકલા જ છીએ. ટિટાન ઉપરના નાઇટ્રોજનનું એ વાતાવરણ ચોથી છબીમાં જોઈ શકાય છે.

આમ, વૉયેજર-૧ દ્વારા આપણને શનિ વિષે ઘણું નવું જાણવા તો મળ્યું જ, પણ તેનાં કેટલાંક નવાં રહસ્યો ઉકેલવાં હજી બાકી છે. આવતા ઑગસ્ટમાં 'વૉયેજર-૨' શનિ પાસેથી પસાર થશે ત્યારે કદાચ આપણે હજુ વધુ જાણવા પામીશું. □

દીકરી એકીને યે નાનપણથી માંસાહારમાં રુચિ નથી.' એકીને બોલાવીને પૂછ્યું તો કહે, 'બહુ નાની હતી ત્યારે કોઈ પ્રાણીને મારતાં જોએલું ત્યારથી માંસાહાર કરવાનું મન ઊઠી ગયું.'

મેં કહ્યું: 'અમે પૂર્વજન્મમાં માનીએ છીએ. પૂર્વજન્મના કોઈ સંસ્કારને કારણે પ્રાણીઓ પ્રત્યેનો દયાભાવ પ્રગટ થતાં માંસાહાર કરવાનું મન ન થાય. કદાચ એકી ગયા જન્મમાં ભારતમાં પણ હોય.' એ સાંભળી એકીના ચહેરા ઉપર એક નવી જ જાતનો ચમકારો જોવા મળ્યો. કહે, 'મને યે ભારત જોવાની ખૂબ ઇચ્છા છે.' મેં કહ્યું, 'તું જરૂર ભારત આવ. મારા ઘરે રહેજે. મારો દીકરો અભિતાભ તારા જેવડો જ છે. તારે ભાઈ નથી તો એને તું ભાઈ બનાવજે.' એ સાંભળી એકી બહુ રાજી થઈ ગઈ.

હેરીની પત્નીનું નામ 'થી'. એની તબિયત સારી રહેતી નહોતી. હૃદયરોગનો હુમલો થએલો. કારણ પડોશીઓ કોઈ બોલે નહિ તેથી એકલતા અને ઓછું આવે તે અને વળી, મોટી દીકરીનું હજી ઠેકાણું પડયું નહોતું તે કારણ પણ ખરું.

હેરી કહે, 'મોટી દીકરી હૉસ્પિટલમાં નર્સ છે. એક છોકરા સાથે એણે લગ્નનું નક્કી કર્યું. પણ લગ્ન પહેલાં જાતીય જીવનની દીકરીએ ના પાડી એટલે પેલો છોકરો ફરી ગયો. છોકરાએ બીજી દરખાસ્ત મૂકી કે લગ્ન કરું, પણ બીજી છોકરી સાથે સંબંધ રાખવા દે તો. દીકરીએ એની ચોખ્ખી ના પાડી. બંને વચ્ચેનો સંબંધ તૂટી ગયો. ત્યાર પછી ઈન્ડોનેશિયાથી એક છોકરો આવેલો. દીકરી સાથે ફરવા લાગ્યો. લગ્નનું નક્કી થયું. દસેક દિવસ ફર્યાં હશે, પણ પછી આજ લગભગ બાર મહિનાથી એનો ક્યાંય પત્તો નથી. લાગે છે કે અહીં રજામાં ફરવા આવ્યો હશે, દીકરી સાથે થોડા દિવસ હરીફરી લીધું. મનમાં તો નક્કી જ હશે કે લગ્ન નથી કરવાં. અમારામાં આવું તો બહુ બને. પણ એટલું સારું છે કે મારી દીકરીએ નક્કી કર્યું છે કે વિધિસર લગ્ન ન થાય ત્યાં સુધી જાતીય સંબંધ બાંધવો નહિ.'

હોલૅન્ડની વાત નીકળી. મેં પૂછ્યું, 'હૅગ, રોટરડામ, આમ્સ્ટરડામ વગેરે સ્થળે હું ફરેલો છું. તમારુ ગામ કયું?'

'હૅગ પાસે દરિયાકિનારે એક નાનકડું ગામ છે. પિતા સાથે ખેતરમાં ગાળેલા દિવસો હજીય યાદ આવે છે. એક વાતે પિતા સાથે અણબનાવ થયો એટલે હું સૈન્યમાં ભરતી થઈ ગયો.'

અણબનાવની વાત અંગત હતી. વિદેશમાં કોઇને એમની અંગત વાત પૂછવી એ અસભ્યતા મનાય એટલે મેં પૂછ્યું નહિ, પણ જાણવા આતુર છું એવો મારો ભાવ જોઇને હેરીએ પોતે જ કહ્યું: 'મારા પિતા મને રોજ ખેતરે લઈ જતા. મધ્યમ વર્ગનું અમારું કુટુમ્બ. માંડ ગુજરાન ચાલતું. ગામમાં એક દેવળ. એનો પાદરી દેવળમાંથી પોતાનું ગુજરાન ચલાવવા ઉપરાંત માખણ, ચીઝ, ઈંડાં વગેરેની એક દુકાન પણ ચલાવે. અમને ઉધાર આપે. અમે થોડા દિવસમાં પૈસા ચૂકવી દઇએ. એક દિવસ પૈસા આપવામાં મોડું થયું. પાદરી ચિડાયો. કહે કે સાંજ સુધીમાં પૈસા નહિ આપો તો આવતી કાલે દેવળમાં હું બધાંને કહી દઇશ કે તમે પૈસા નથી આપ્યા, અને પાદરીએ બધાંની વચ્ચે અમારી ફજેતી કરી જ. આથી મારા પિતાને બહુ આઘાત લાગ્યો.

પાદરી બીજાં ધતિંગો પણ ચલાવે. જૂઠું બોલે, નિંદા કરે; લોકો પાસેથી પૈસા પડાવે, ચારિત્ર્યનો પણ ઢીલો. પણ નાના ગામમાં એ દિવસોમાં પાદરીઓનું ઘણું માન અને ઘણું જોર.

એને આ નાનું ગામ છોડીને મોટા શહેરમાં જવાની ઘણી ઇચ્છા. બહુ ફાંફાં મારે. અંતે એક શહેરમાં એની બદલી થઈ. પણ ગામના લોકોને કહે, 'મારી તો આ ગામ છોડીને જવાની જરા પણ ઇચ્છા નથી, પણ શું કરું? ઉપરથી હુકમ આવ્યો છે.' એક વખત બધાં બેઠાં હતાં. મારા પિતા ખેતરે હતા. પાદરી એવું બોલ્યા કે તક જોઈ તુરત મેં સામુ ચોપડાવ્યું, 'ગામ છોડીને શહેરમાં જવા માટે તો ક્યારના મથી રહ્યા હતા. હવે આવો ઢોંગ શા માટે કરો છો?' પાદરી તો રાતાપીળો થઈ ગયો. બધાં વચ્ચે મને ખૂબ તતડાવ્યો. હું યે શરમિંદો થઈ ગયો. એ રાતે પાદરી અમારે ઘેર આવ્યો. પિતા ખેતરેથી થાકીને આવ્યા હતા, એમની આગળ મારી ફરિયાદ કરી. પાદરીના ગયા પછી પિતાએ મને ખૂબ માર્યો. કહે કે પાદરી ગમે તે કરે, અંતે તે આપણા ધર્મગુરુ છે. એની સામે બોલવાથી ગામમાં આપણી આબરૂ ખરાબ થાય છે.

મને માર પડ્યાની વાત જાણી પાદરીને સંતોષ થયો, પણ ત્યારથી દેવળમાં જવાનું મેં બંધ કરી દીધું તે આજ દિવસ સુધી. પિતા સાથે ખેતરે જવાનું પણ છોડી દીધું, અને હું સૈન્યમાં જોડાઈ ગયો. અને હું સૈન્યમાં જોડાયો તો આ થી મને મળી.'

'એમ? એ વળી કેવી રીતે?'

'તે વખતે બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું. જર્મની ઉપર આક્રમણ કરવા માટે બ્રિટિશ અને અમેરિકન સૈનિકો હોલૅન્ડમાં મોટી અવરજવર કરતા. એમના ભોમિયા તરીકે એક સ્થળેથી બીજે સ્થળે એમને પહોંચાડવાનું કામ હું કરતો. રસ્તામાં અમારે એક હોટેલમાં રાત રોકાવાનું થાય. એ હોટેલમાં કાઉન્ટર ઉપર થી કામ કરે. બીજા સૈનિકો સાથે હું અંગ્રેજીમાં બોલતો એટલે હું અમેરિકન છું એમ થીએ માનેલું. પણ થીની સાથે હું ડચ ભાષામાં વાત કરતો. મેં જ્યારે કહ્યું કે હું ડચ છું, હોલૅન્ડનો વતની છું. ત્યારે એને નવાઈ લાગી. શરૂમાં એણે માનેલું જ નહિ. પણ પછી એને ખાતરી થઈ કે હું હોલૅન્ડનો જ છું. એ હોટેલમાં વારંવાર મારી અવરજવર રહેતી. પરિચય વધ્યો. પરણવાનું નક્કી કર્યું. પરણ્યાં, પણ ચર્ચની વિધિ અમે કરી જ નહિ. ચર્ચ પ્રત્યેનો મારો વિરોધ શા માટે છે એ મેં તમને કહ્યું છે.'

ભૂતકાળનાં એ સંસ્મરણો તાજાં થતાં પતિપત્ની પ્રસન્નતા અનુભવતાં હતાં. મેં પૂછ્યું, 'હવે હોલૅન્ડમાં તમારું કોઈ છે?'

'પિતા તો ગુજરી ગયા. થીની મા હજી જીવે છે. નેવું વર્ષની ઉમર થવા આવી હશે. હજી તબિયત સારી છે. થીની ઇચ્છા છે કે માને મળી આવે. પણ ડૉક્ટરે કહ્યું છે કે હમણાં પ્રવાસ ન કરવો. એટલે અમે છ મહિના પછી હોલૅન્ડ જવાનાં છીએ. દીકરીઓને પણ હોલૅન્ડનું કશું યાદ નથી. એટલે એમને પણ જોવાની ઇચ્છા છે.'

'થીનાં માતા ત્યાં એકલાં રહે છે?'

'ના. થીનો ભાઈ છે. એ એમનું ધ્યાન રાખે છે. માની સાથે જ રહે છે કારણ કે એકલો જ છે. છૂટાછેડા લીધેલા છે.'

'એમ કે?' અંગત બાબત હતી એટલે મેં વધારે પૂછ્યું નહિ. પણ હેરી આજે ઘરની બધી જ વાત કરવાના ઉત્સાહમાં હતા. કહે, 'મારો સાળો એક સ્ટીમર કંપનીમાં છે. સ્ટીમરમાં એ કૅન્ટિન ચલાવે છે. હોલૅન્ડના બંદરેથી સ્ટીમર ઊપડી દસપંદર દિવસનું ચક્કર લગાવી પાછી આવી જાય. એટલે ઘરેથી વારંવાર બહાર જવાનું થતું. પત્ની સુંદર હતી. પોતાની પસંદગીનાં પ્રેમલગ્ન કર્યાં હતાં. પણ સાળાને વારંવાર બહારગામ જવાનું થાય. એટલે એની પત્ની બીજા કોઈના પ્રેમમાં પડી ગઈ, અથવા કોઈએ પ્રેમમાં પાડી. એક વખત થીનો ભાઈ ઘેર પાછો આવ્યો ત્યારે એક મિત્રે ખાનગીમાં એની પત્નીની વાત કરી. પણ સાળાએ માન્યું નહિ. બીજી વાર પાછો આવ્યો ત્યારે બીજા એકબે જણે પણ એવી જ વાત કરી. અંતે એણે યુક્તિ કરી. ડ્યુટી પર જવાનું છે ને અઠવાડિયે પાછો આવીશ એમ કહી સવારે ઘેરથી નીકળી ગયો ને ગામમાં જ બેસી રહ્યો. મધરાતે ઘરે જઈ બારણું ખખડાવ્યું. ઘરમાં પત્ની અને બીજો એક પુરુષ બે જણ જ હતાં. પકડાયાં. બહાનાં કાઢ્યાં પણ તે દિવસથી એ સ્ત્રી ઉપરથી એનું મન ઊતરી ગયું. પત્નીને રાજીખુશીથી છૂટી કરી દીધી. પછી બીજી અનેક યુવતીઓએ એને પરણવાની ઇચ્છા બતાવી, એની માએ પણ બહુ સમજાવ્યો, પણ ફરી પરણવામાં એને રસ જ ન રહ્યો. અત્યારે એ માની સાથે રહે છે અને એની સેવાચાકરી કરે છે.

વર્ષોથી એકબીજાને ઓળખતા હોઇએ તેમ હેરી સાથે બહુ વાતો થઈ. રાતના લગભગ સાડા દસ વાગી ગયા. એ મને હોટેલ પર મૂકવા આવ્યા, મારા રૂમમાં આવ્યા, બેઠા. બીજી યે ઘણી વાતો નીકળી. ભગવાન મહાવીર અને જૈન ધર્મ વિષેની મારી પુસ્તિકા મેં એને આપી. નજર ફેરવીને કહે, 'ડૉ. શાહ, આ તો ધર્મ અને તત્ત્વજ્ઞાનની પુસ્તિકા છે. મારી એક વિનંતી માનો. તમે કાલે રોકાઈ જાઓ. મારી પત્નીને ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં બહુ રસ છે. એટલે કાલે સાંજે તમે મારે ત્યાં આવો. કાલે હું ઑફિસેથી વહેલો છૂટવાનો છું. ત્યાંથી સીધો તમને લેવા આવું. મારે ત્યાં જ જમજો. પણ તમારી સાથે વાત કરવાનું એને ગમશે. પુનર્જન્મ વિષે વધુ જાણવાની એની ઇંતેજારી છે.'

મેં એમની વિનંતી સ્વીકારી. બીજે દિવસે સવારે કૅન્બેરા શહેરની ટુરમાં જોડાઇને મેં વૉર મેમૉરીઅલ મ્યૂઝિયમ, ટંકશાળ, ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઍનેટૉમી અને સેર્બિયન ચર્ચ વગેરે જોયાં. (ક્રમશઃ)

કલાવાર્તા

નૂરપુરનાં બ્રિજરાજસ્વામી મંદિરનાં ભીંતચિત્રો

લેખક અને આલેખક
વાસુદેવ સ્માર્ત



પંજાબના મેદાની પ્રદેશમાંથી કાંગરા ખીણની પહાડીઓમાં પ્રવેશતાં પઠાણકોટથી લગભગ સત્તર કિલોમીટર દૂર ટેકરીઓના ચઢાવ પર નૂરપુર નામે એક ગામ છે. અસલ નામ તો 'ધામેરી', પણ પછી, કહે છે કે, બાદશાહ નૂરુદ્દીન જહાંગીરના નામ પરથી તેનું નામ નૂરપુર પડ્યું. બીજી પણ એક કિંવદન્તી છે કે, અહીંના સૃષ્ટિસૌંદર્યથી મુગ્ધ થઈ જહાંગીરની માનીતી બેગમ નૂરજહાંએ ગ્રીષ્મઋતુમાં અહીં રહેવાની ઇચ્છા કરેલી. તેના આવાસ માટે કામ પણ શરૂ થઈ ગયું. પણ શાહી મુકામ થાય એ ત્યારના અહીંના રાજા જગતસિંહને પરવડે તેવું નહોતું. એણે એક યુક્તિ કરી. રોગિયલ મજૂરોને જ કામે લગાડ્યા. બેગમ અહીં ચાલતું કામ જોવા આવી ત્યારે એ બધા રોગીઓને જોઈ તેનું કારણ પૂછ્યું, અને ત્યારે તેના કહેવામાં આવ્યું કે એ તો અહીંના હવાપાણીની અસર છે. બેગમે આવા રોગિષ્ઠ હવામાનમાં આવવાનો વિચાર માંડી વાળ્યો. જગતસિંહને તો એ જ જોઇતું હતું. પછીથી એણે વર્ષો સુધી એ સ્થાનનો ઉપયોગ પોતાના દરબાર માટે કર્યો હતો. અને તેની સાથે જે મસ્જિદ બની રહી હતી ત્યાં બનાવ્યું 'ઠાકુરદ્વારા' જે 'બ્રિજરાજસ્વામી'ના નામે પણ ઓળખાય છે. નૂરપુર આ વિસ્તારનું એક અગત્યનું સ્થાન તો છે જ, ખાસ કરીને બ્રિજરાજસ્વામી મંદિરમાં અહીંના ગોલુ નામના એક ચિત્રકારે કરેલાં ભીંતચિત્રોનું કાંગરા ચિત્રોમાં આગવું સ્થાન છે. જો કે આ ગોલુનો જીવનકાળ પણ નિશ્ચિત નથી, પરંતુ નૂરપુરનાં ચિત્રો સાથે તેનું નામ ગાઢ રીતે સંકળાએલું છે.

કાંગરા ચિત્રશૈલી અઢારમી સદીના મધ્યકાળમાં પાંગરી રહી હતી ત્યારે સુજાનપુર તીરા અને હરિપુર તેનાં મુખ્ય કેન્દ્રો હતાં. નૂરપુર સુધી પણ તેનો પ્રભાવ પ્રસર્યો હતો અને વિદ્વાનોના મત અનુસાર ઈ. ૧૭૦૦થી ૧૭૩૯ના એ ગાળા દરમિયાન નૂરપુરના ઠાકુરદ્વારામાં આ ભીંતચિત્રો થયાં હોય તો એ સમયે અહીં રાજા દયાદત્ત (૧૭૦૦થી '૩૫)નું અને તે પછી ચાર વર્ષ રાજા પૃથ્વીસિંહનું શાસન હતું. જ્યારે જગતસિંહનું રાજ્ય ૧૬૧૯ થી '૪૬ દરમિયાન હતું. કાંગરા ચિત્રશૈલીની પડતી ક્યારથી થઈ તે પણ નિશ્ચિતપણે કહી શકાય નહિ, એટલે નૂરપુરનાં ચિત્રોમાં પણ શુદ્ધ કાંગરા કલમથી જે ભિન્નતા દેખાય છે તે આ કલાશૈલીની ઊતરતી દશાના કારણે હશે કે અહીંની એ આગવી લાક્ષણિકતા હશે એ કહી ન શકાય. પરંતુ અહીંનાં ભીંતચિત્રો મૂળભૂત રીતે કાંગરા શૈલી સાથે સામ્યતા ધરાવે છે જ. આ ભીંતચિત્રોનું લોચદાર રેખાંકન, સ્વાભાવિક આલેખન, રંગો તથા ચિત્રવિષયોએ કલામર્મજ્ઞોનું ધ્યાન આકર્ષિત કરવા જેટલી આગવી લાક્ષણિકતાઓ તો દાખવી છે જ.

બ્રિજરાજસ્વામીનું મંદિર બે મજલાનું છે. પહેલા માળ પર મુરલીધર શ્યામની કાળા પથ્થરની સુંદર પ્રતિમા છે. કહે છે કે મીરાંબાઈ



◁ નૂરપુરનું 'ઠાકુરદ્વારા' કે 'બ્રિજરાજસ્વામી-નું મંદિર; જ્યાંનાં ભીંતચિત્રો કાંગરા શૈલીનાં ભીંતચિત્રોમાં આગવી વિશિષ્ટતા ધરાવે છે. △ ઉપર : કૃષ્ણના મહેલનું એક દૃશ્ય. (જુઓ પૃ. ૬૮)






નૂરપુરના 'ઠાકુરદ્વારા' કે 'બ્રિજરાજસ્વામી' મંદિરમાં આલેખેલાં ભીંતચિત્રો. લેખકે નૂરપુરના પ્રવાસમાં આ મૂળ ચિત્રો પરથી કરેલાં રેખાંકનો આ લેખ સાથે આપ્યાં છે. તેમાંનું પાછળના પૃષ્ઠ પરનું સ્ત્રીવૃંદ, તથા સામેના પૃષ્ઠ પરનાં પૂતનાવધ, કંસ સાથે યુદ્ધ અને વાદકવૃંદનું ચિત્રાંકન આ બે છબીઓમાં જોઈ શકાશે ઉપરાંત, એ ચિત્રાંકનની તથા તેમાં આલેખેલા કથાપ્રસંગોની રજૂઆતની રીતનો ખયાલ મળે છે. જુદાજુદા ચિત્રવિષયોને અલગઅલગ તક્તીઓમાં દર્શાવવાને બદલે નૂરપુરનાં ભીંતચિત્રોમાં આમ સળંગ એકબીજા સાથે સાંકળી લીધેલા છે એ આ તરફનાં અન્ય ભીંતચિત્રો કરતાં આગવી રીત દર્શાવે છે. સામે જમણી બાજુ ઉપરનું રેખાંકન અહીંના એક દ્વાર પર ચિતરાએલું છે.

જે સ્વરૂપની સેવા કરતી હતી, તે જ આ સ્વરૂપ છે. નીચેની વિશાળ પરસાળની ભીંતો ઉપર ચિત્રો કરેલાં છે. આજે તો એ લગભગ નષ્ટપ્રાય: દશામાં હોઈ ઘણું ચિત્રકામ ઘસાઈ ગયું છે, ઝાંખું પડી ગયું છે યા ચૂનાના ઘોળમાં ઢંકાઈ ગયું છે. છતાં જે કંઈ હજી બચી રહ્યું છે તે પણ કલાના ઉત્તમ નમૂનારૂપ છે. આ ચિત્રો પહાડી પ્રદેશનાં અન્ય ભીંતચિત્રોની જેમ લઘુચિત્રોની મોટી નકલો નથી. આ ચિત્રોના સંયોજનમાં બીજી વિશેષતા એ છે. ચિત્રવિષયની આસપાસ વધુ પ્રમાણમાં અવકાશ રાખેલો છે. મુખ્ય આકૃતિનું કદ મોટું રાખ્યું છે, ચિત્રકથાના પ્રસંગો ધીરેધીરે એકબીજામાં ભળી જાય છે, પાત્રવૃંદો પણ અરસપરસ સંબંધ ધરાવે છે અને પાત્રાલેખન સહજ હાવભાવવાળું છે તથા પાર્શ્વભૂમાં સફેદ રંગમાં સ્થાપત્ય વગેરે સાથે સમગ્ર ચિત્રપ્રસંગ ગતિશીલ અને જીવંત લાગે છે. આમ આ ભીંતચિત્રોમાં ચિત્રવસ્તુની રજૂઆત અજંતાનાં ભીંતચિત્રો જેમ છે, જ્યારે આ તરફનાં અન્ય ભીંતચિત્રો એકબીજીથી અલગ પડતી તક્તીઓમાં ચિતરાએલાં છે. કાંગરા શૈલીના આરંભકાળમાં, જ્યારે મુઘલ ચિત્રશૈલીનો પ્રભાવ ભૂંસાયો નહોતો ત્યારે આ ચિત્રો થયાં હોય એવાં એ લાગે છે. ઘેરા રંગો, કદાવર દેહાકૃતિઓ, કલાત્મક ચિત્રસંયોજન તથા હિન્દુ દેવદેવીઓ વગેરે કાંગરા શૈલીનાં જેવાં જ છે. આથી લાગે છે કે આ ભીંતચિત્રો કરનાર ચિત્રકાર વિલક્ષણ કક્ષાનો હોવો જોઈએ. લોકપરંપરા આ માન ચિત્રકાર ગોલુને આપે છે. ચિત્રકાર હોવા ઉપરાંત એ બીજી પણ અનેક ક્ષમતા ધરાવતો હોવાનું મનાય છે.

એક લોકવાયકા છે કે ઈ. ૧૭૩૭માં અહમદશાહ અબ્દલીએ નૂરપુર પર આક્રમણ કરેલું. વિજયોન્માદમાં એ વિજેતાઓ ઠાકુરદ્વારાના મધ્યખંડની છતને ટેકવતા બે સુવર્ણજડિત સુશોભિત સ્તંભો કાઢીને લઈ ગયા હતા. ટેકા વિના એ છત ઢળવા માંડી ત્યારે તેને ઊંચકીને પુનઃ કેમ ટેકવતી તે પ્રશ્ન થઈ પડયો. ગોલુએ રાજાની એ ચિંતા દૂર કરવા એક ચતુરાઈ વાપરી. એણે ચણા ભરેલી ગુણો છતની નીચે ઠાંસીને ગોઠવી દીધી, અને પછી એ ચણા ઉપર પાણીનો છંટકાવ કરાવવા માંડયો. પલળીને ચણા ફૂલવા લાગ્યા ને એના દબાણથી છત અધ્ધર ઊંચકાઈ ગઈ એટલે ગોલુએ ત્યાં નવા સ્તંભ ગોઠવી દીધા. આજે યે એ સ્તંભ મોજૂદ છે. ગોલુની આ કરામતથી પ્રસન્ન થઈ રાજાએ તેને જે જોઈએ તે માગી લેવા કહ્યું. ગોલુને એવી કોઈ એષણા હતી નહિ, એટલે એણે નૂરપુરમાં દર વર્ષે પોતાના નામનો એક મેળો ભરાય, એવી એક માત્ર ઇચ્છા વ્યક્ત કરી. રાજાએ એ મંજૂર રાખ્યું. ત્યારથી આજ સુધી દર વર્ષે ચૈત્ર માસના નવરાત્રની અષ્ટમીએ ત્યાં 'ગોલુ અષ્ટમી'નો મેળો ભરાય છે. પોતાના એ વિલક્ષણ ચિત્રકારના માનમાં ખુદ રાજા પણ એ મેળામાં ભાગ લેતા રહેલા. નૂરપુરમાં જ્યાં ગોલુ રહેતો એ વિસ્તાર પણ 'ગોલુ મહોલ્લા'ના નામે હજી યે ઓળખાય છે. બ્રિજરાજસ્વામીના મંદિરમાં ગોલુએ કરેલાં અતિ સુંદર ભીંતચિત્રોથી પ્રસન્ન થઇને રાજાએ ઇચ્છે તે માગી લેવા કહ્યું ત્યારે ગોલુએ પોતાના નામના મેળાની માગણી કરી હતી એવું પણ કહેવાય છે. પણ ગોલુએ એકલાએ એ સમગ્ર ભીંતચિત્રો નહિ કર્યાં હોય. તેની સહાયમાં રાજ્યાશ્રયે આવેલા મુઘલ, રાજસ્થાની અને જમ્મુ વગેરે ચિત્રશૈલીના ચિત્રકારો પણ હશે જ અને તેની ચિત્રઢબ પણ અહીંનાં ચિત્રોનાં રેખાંકન, રંગાવટ વગેરેમાં ભળી હોય તેમ લાગે છે. (અનુસંધાન પૃ. ૭૬)











બ્રિજરાજસ્વામી મંદિરનાં ભીંતચિત્રો પરથી
લેખકે ઉતારેલાં રેખાંકનો.

અનુસંધાન] **એક પ્રેમ-કહાણી** [પૃષ્ઠ ૫૮ થી

શકે એવી ચર્ચા કરવા એકઠા થયા છે, એવું ઠાંસ્યા કરે છે. ત્યાં જ ટ્વિનીને ધડ મિજાજમાં ન રહે એવું કપરું બીજું ઝોકું આવે છે, અને આખી દુનિયાના શસ્ત્ર-સરંજામનાં ચાર નાળચાં એના ગજવાની બહાર ડોકાયમાન થાય છે, અને વરુઓ તૂટી પડે એમ લેફ્ટેનન્ટ હેમિલ્ટનના અફસરો ટ્વિનીના એકેએક ગજવામાંથી આખો શસ્ત્ર-ભંડાર ધડાધડ ટેબલ ઉપર જમા કરવા માંડે છે, અને પોતાના ગજવા-માંથી ડાયરા-કાગળિયાં સીસાપેન કાઢી ટોબિયાસ ટ્વિનીને આટલા મોટા પ્રમાણમાં દારૂગોળો ખિસ્સામાં લઈ ફરવાના કારણે ગુનેગાર ગણી, એની કેફિયતો લખી, કેદીની અવસ્થામાં નોંધણી કરી, એમના અચાનક આવ્યાનું સાર્થક થયાનો આનંદ માણવા માંડે છે.

ટૂંકમાં બીજે દિવસે સવારે છાપાંમાં જુઓ તો ટોબિયાસ ટ્વિનીનું નામ ગાજે છે. બારબાર હથિયાર ધરાવનાર આ ટ્વેલ્વ-ગન ટ્વિની-ની છબી, એની ઉપર અગ્રલેખ, ભૂતકાળમાં તો બહુબહુ તો ત્રણ પિસ્તોલિયા કે ચાર રિવોલ્વરોનાં રખોપાં કરનારા દાગીના મળ્યા હતા તેની નોંધ સાથે બારબાર લોખંડી શસ્ત્રોવાળા આ ટચૂકડા ટ્વિનીની તો રૅકૉર્ડ ગનમૅન તરીકે કે જીમૅન તરીકે એક અનોખી જ ઘટના ગણાઈ છે. અને કોર્ટમાં અનેક પ્રકારની કબૂલાતોમાંથી કંઈ નવું જાણવાનું મળશે એવી આગાહીઓ પણ કરવામાં આવી છે.

આ દરમિયાન ટોબિયાસ તો સાવ ચૂપ. નથી એ પોલીસને કશું કહેતો, કે નથી મને કંઈ કહેતો. અને જેલમાં પણ કોઈની સાથે એક અક્ષર વાતે ય નથી કરતો. શી ગણતરીમાં હશે આ ભોળો દેખાતો બાર ગનનો જીમૅન? જો એ બધું પોલીસને કહે તો એ છૂટે, પણ કદાચ એને પેલા શાહુકારોની બીક હશે કે મારા વા'લા મદદ કરવા જવાનું કહેતા હતા, એવા એ એને ઈરેઝમસ પહોંચતાં જ પૂરો કરી નાખે તો? શી યે વિમાસણમાં પડ્યો હશે તે એનો દૈવ જાણે!

ટૂંકમાં પેલા મ્યુનિસિપાલિટીના સફાઈકામમાં સેવા કરવા બહાર પડેલા નગરસેવકો કોણ જાણે ક્યાંય રફુચક્કર થઈ ગયા તે મિન્ડીના રેસ્ટોરાંમાં એની કશી ભાળ મળી નહિ. આમ તો ત્યાં છાશ વારે ફરકે, પણ કોઈ ત્યાંનો વિખ્યાત હંગેરિયન ગુલાશ ચાખવા યે દેખાયું નહિ.

ત્યાં એક દિવસ મને ખબર પડી કે જજ રાસ્કોવરની કોરટમાં આપણા ટ્વેલ્વ-ગન ટ્વિનીનો મુકદ્દમો ચાલવાનો છે, એટલે હું આ દેશમાં હથિયારબંધી વિશેના સલિવાન કાયદાના ભંગ માટે આને શી સજા થશે તે જોવાજાણવા ચૂપચાપ કોરટમાં જઈ એક ખૂણામાં બેસી ગયો, અને જોઉં છું તો કોર્ટનો રૂમ ભરચક. ટ્વિનીના બંને હાથ હાથકડીમાં, બંને બાજુ સજ્જ સિપાઈ, એક નહિ, જાણે અરધી ફોજ, બારબાર ગન રાખનાર ડાકુ કેવોક હશે એ જોવા પ્રેસફોટોગ્રાફરો જ નહિ, દસબાર દેખાવડી પોટ્ટીઓ પણ કોણ જાણે ક્યાંથી ચઢી આવેલી. અને આમ, અમે જજ રાસ્કોવરની રાહ જોતાં બેઠાં, ત્યાં તો જજસાહેબ પધાર્યા. એમણે કેસનો અભ્યાસ કર્યો, ફરિયાદનામું નોંધાયું, અને જજસાહેબે બે ત્રણ વાર આપણા ટિનકુડા ગુનેગારને જોયો, એના મગજમાં ગમ ન ખાધી એટલે એણે ખિસ્સામાંથી ખાસ ફ્રેમમાં મઢેલાં નવાં ચશ્માં કાઢી, તે પહેરીને ફરી આપણા ટ્વિનીને પગેથી માથા સુધી ઝીણવટભરી નજરે નીરખ્યો.

પછી જજ રાસ્કોવર આ જંગે જિયાફતના લીડર લેફ્ટેનન્ટ હેમિલ્ટનને પૂછે છે: 'તમે લેફ્ટેનન્ટ હેમિલ્ટન આ કોર્ટને એમ કહેવા માગો છો કે આ અઢી ફૂટિયા અરધિયાએ બાર બંદૂકો ખભે-ગજવે ભેરવીને કોઈ ભારે કરપીણ કૃત્ય કરવાની મકસદ રાખી હતી?'

'હા નામદાર, એની પાસે બંદૂક-બંદૂકડીઓનાં નાળચાં કુલ્લે બાર મોજૂદ હતાં.' 'ક્યાં છે? હાજર કરો.'

એક પછી એક બારેબારનો ખજાનો ટેબલ પર ખડકાયો, તો નામ-દાર જજ પૂછે છે કે, 'તમે જ્યારે એને પકડ્યો ત્યારે આ આટલાં બધાં નાળિયાં-નાળચાં એના શરીર પર નોંધાયેલાં હતાં?' તો હેમિલ્ટન અને એના સાગરીતો ટપોટપ ટ્વિનીને એ હથિયારોથી સજાવે છે. હેમિલ્ટનને તો યાદ પણ નથી કે કીયું ઠબોકિયું કીયા ગજવામાં હતું, પણ ટ્વિનીની યાદશક્તિ પ્રમાણે પાટલૂન, જાકીટ, કોટ વગેરેનાં પંચ પોશાકમાં માંડમાંડ બધો ડઝનબંધ સરંજામને ગોઠવી દેવામાં આવ્યો. ફરી જજ પૂછે છે, 'અલ્યા! તું કઈ જાતનો બદમાશ છે, કેવોક નામચીન ડાકુ છે, ખૂની સાવકાર છે, તેનો બરાબર અભ્યાસ કરી શકું એટલા માટે તું ચાર ડગલાં મારી સામે ચાલી બતાવ.' અને આ વખતે એ ટબુકિયાને ઊંઘનું એક પણ ઝોકું નહિ આવવાથી એકેય હથિયાર ભોંય પર પડવા દીધા વિના જજસાહેબની બરાબર સામે હાજર થઈ ગયો. અલબત્ત, એનાં પગલાં કોઈ માદક ઘેરા પીણા થકી ભારે નહોતાં, પણ પેલા બાર બખડજંતરના ભારથી લદાયેલાં હતાં.

એટલામાં તો અહીં વળી એક નવો ટૅબ્લો શરૂ થયો. આ શણ-ગારાએલો સશસ્ત્ર કોઇના લાડકવાયો જેવો, જજસાહેબની સામેથી પાછો ફરે છે, ત્યાં તો કોર્ટમાં ધમસાણ. ટોળામાંથી પોલીસની નજર ચુકાવી એક દેખાવડી પોટ્ટી ટ્વિની તરફ ધસી; એની આગળ ઘૂંટણી-એ પડી આજીજી કરે છે, 'ટોબી ડાર્લિંગ, એ તો હું તારી ડેબોરા. મને ખાત્રી હતી કે એક દિવસ મોટામાં મોટા મશહૂર ગનમૅન તરીકે તું જગતમાં પ્રખ્યાત થશે જ, અને આજે તેં એ બિરુદ મેળવ્યું. હું તારી, મને એકાદ બે બોસ્સા આપ.' ટોબી એનો હાથ પકડીને ઊભી કરે છે, અને બીજી બાજુથી આવી બાબતમાં જરા ધીરજ તો રાખવી જોઇએ, એ નહિ રાખનારી પોલીસ બંનેને છૂટા પાડવાની કોશિશ કરે છે, અને સારા પ્રમાણમાં એક બાજુ ફોટાવાળાઓ, બીજી બાજુ પ્રેસના આડતિયાઓ, ત્રીજી બાજુ ડેબોરાનાં સંબંધીઓ અને ચોથી બાજુ લે. હેમિલ્ટનની ટુકડી માંહેમાંહે જે મથામણ કરે છે, તે જોવા કરતાં મારું ધ્યાન તો નામદાર જજસાહેબ પર જ ચોંટેલું હતું. અનુભવે રીઢો પાકો થએલો આ જજ કંઈ અડોળડફોળ નહોતો. એના ચબ-રાક મગજમાં બેસી ગયું કે જડભરત હેમિલ્ટને કંઈક કાચું કાપી નાખ્યું છે, એટલે એણે તો હથોડી ઠબકારીને જાહેર કર્યું, 'કોર્ટ મોકૂફ! અને ગુનેગાર ટ્વિની મારી સાથે મારા રૂમમાં આવે.'

ત્યાં હું માનું છું કે ટ્વેલ્વ-ગન ટ્વિનીએ ઈરેઝમસથી કેમ અહીં નાસી આવ્યો ત્યાંથી માંડી ડેબોરા અને ટ્રિવેટનો લોચો વગેરે બધી દાસ્તાન અથથા ઇતિ સુધી સંભળાવી હશે, અને જજને એના નીરસ જીવનમાં આવી વાત સાંભળવાનો રસ પણ પડ્યો હશે. કારણ, છાપાં-ઓની જાહેરાત પ્રમાણે થોડી જ વારમાં હાથકડી વિના છૂટો ટોબિ-યાસ અને એને બાઝતી-વળગતી ડેબોરા પણ દેખાઈ, એની છબીઓ પણ છપાઈ અને પછી બંને ઈરેઝમસ પહોંચ્યાં હશે. પછી આવા લૌકિક, ધાંધલિયા, ફિલ્મી ઉશ્કેરાટના લયમાં છેલ્લે જે પરિણામો આવે તે પણ આવ્યાં હશે, બંને પરણી પણ ગયાં હશે.

અને અહીં ગુડટાઈમ ચાર્લીને ત્યાંની સભામાં ચાર્લીના કહેવા પ્રમાણે કોઇએ કશાં હથિયાર લઇને જવાનું નહોતું, છતાં બધા જ કંઈનું કંઈ લઈને ગએલા એ બદ્દલ ગરમાગરમ જીભાજોડી થઇ. ચાર્લીની શાખ બગડી એ માટે એણે ભવિષ્યમાં એ રીતે એને ત્યાં મળવાની મનાઈ કરી દીધી. પણ ઈરેઝમસ ગામમાં ટ્વિનીની આબરૂ એટલી બધી ફેલાઈ કે ત્યાંની લોકલ પોલીસે એને કાયદો અને વ્યવસ્થા જાળવવાના એક દફતરમાં રાખી દીધો. પરિણામે સૌથી પહેલાં એણે તો ટ્રિવેટને ગામ બહાર તગડીને ઈરેઝમસમાં આવવાની સાન ભુલાવી દીધી. અને અહીં શહેરના કાયદા પ્રમાણે લેફ. હેમિલ્ટને ટોબિયાસ-ની જુબાની પરથી જૉય અપટાઉન, હેરી ધ હોર્સ વગેરેની જે મંડળી શાંતિ અને સેવાના કામ અર્થે ચાર્લીની દુકાનમાં એકઠી થએલી, એને પોતાની પાસે છૂપાં હથિયારો રાખવા બદ્દલ પચાસ-પચાસ ડોલરનો દંડ પણ ફટકારાવ્યો. ટોબી ને ડેબોરા હવે ખાઈ-પીને મજા કરે છે. □

સાહિત્યસંપર્ક

‘રમણીયતાનો વાગ્‌વિકલ્પ’

ધીરુ પરીખ

માત્ર શૈક્ષણિક લાયકાતમાં ઉમેરો કરવાના આશયથી વિસ્તરી રહેલી મહાનિબંધના લેખનની પ્રવૃત્તિમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી અભીષ્ટ ફળો પ્રાપ્ત થતાં નથી ત્યારે શ્રી સિતાંશુ યશશ્ચન્દ્રે પીએચ. ડી.ની ઉપાધિ માટે તૈયાર કરેલો પ્રસ્તુત* મહાનિબંધ એની ઇયત્તાથી ધ્યાનપાત્ર બને છે. મહાનિબંધના પૂર્વપક્ષને વફાદાર રહી ઘણા મેદસ્વી ગ્રંથો પ્રકટ કરવામાં તે શોધપ્રવૃત્તિનું સાફલ્ય સમજતા હોય છે ત્યારે આ ગ્રંથ મહાનિબંધ હોવા છતાં એ ‘લઘુ’ ગ્રંથ છે–માત્ર પૃષ્ઠ દોઢસોએકનો. શોધપ્રબંધમાં અગત્યની વાત શોધકારનો થીસિસ શો છે તે છે. એ થીસિસ માટે જેટલું જરૂરી લંબાણ હોય તેટલું જ નિર્વાહ્ય બનવું જોઇએ.

‘સંમૂઢતા’માંથી ‘સંપ્રજ્ઞતા’ શી રીતે પ્રાપ્ત કરવી, ત્યાં શી રીતે પહોંચવું એ પ્રશ્નના ઉત્તરની શોધ આ શોધપ્રબંધનો વિષય છે. આ વિષે સૌન્દર્યાનુભવ શી રીતે શક્ય બને તે આ ગ્રંથની મુખ્ય ચર્ચા છે. આ વસ્તુજગતમાં શ્વસી રહેલો મનુષ્ય જે અનુભવો કરે છે તેમાંથી સૌન્દર્યાનુભવને જુદો તારવી તેની તપાસ કરવી જોઇએ. અહીં શોધપ્રબંધકારે આ પ્રશ્નને તાત્ત્વિક ભૂમિકાએ વિશ્લેષણ દ્વારા સમુચિતરીતે તપાસવાનો પુરુષાર્થ કર્યો છે. એમણે આ પ્રશ્નને તપાસવામાં પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાનાં તથ્યો રજૂ કરી, સાહિત્ય તથા તત્ત્વજ્ઞાનના સંબંધને નિરૂપી, સ્વકીય પ્રતિપાદન ઉપસાવી આપ્યું છે તેમાં એમની પૂરી સજ્જતાનો અને સૂક્ષ્મ સૂઝનો પરિચય થાય છે.

આગળ જતાં આપણે ત્યાં નાટકનો ઉદ્ભવ કેવી રીતે થયો તેની પ્રચલિત પૌરાણિક વાત રજૂ કરી સિતાંશુએ ભરતના ‘ક્રીડનીયક’-ની સાથે પંડિતપ્રવર જગન્નાથના ‘રમણીયતા’ના સિદ્ધાંતને મૂકી એનો સંબંધ ‘સ્ફોટ’ના સિદ્ધાંતની પાયાની પ્રક્રિયા સાથે જોડી આપ્યો છે. આમ, સૌન્દર્યાનુભવની એક દિશાને ચર્ચ્યા પછી એમણે પશ્ચિમના કૃતિગત ‘આકાર’ (ફૉર્મ)ના સિદ્ધાન્તને ભારતીય સાહિત્યમીમાંસાના રસસમાધિના વિભાવની સાથે મૂકી એક તુલનાત્મક દૃષ્ટિનો અભ્યાસ રજૂ કર્યો છે. અને આમ કરવામાં એમણે પૌરસ્ત્ય–પાશ્ચાત્ય ઉભય સાહિત્યમીમાંસામાં મૂળભૂત તાત્ત્વિક એકવાક્યતા બતાવવાનો સમર્થ પ્રયાસ કર્યો છે. આધુનિક કહેવડાવતા ચર્ચકોમાં પશ્ચિમના ક્રોચે, કૅન્ટ, શૉપનહોઅર, નિત્સે વગેરેનાં અવતરણો ને નામસ્મરણનો જે ધત્તગરો અને ધખારો થતો હોય છે તે ધત્તગરા અને ધખારા વગર, પાંડિત્યના પ્રદર્શન વગર, આ બધાનાં સમ્યક્ ઉદ્ધરણો અહીં સમુચિત સ્થાને અને સમુચિત માત્રામાં સહજ રીતે આવીને ગોઠવાઈ ગયાં છે. પરિણામે શોધકારની દૃષ્ટિ સતત પોતાની સ્થાપનાની પ્રમાણભૂત તપાસ પર જ મંડાએલી રહી છે. આ વિશ્લેષણ અને ચર્ચા દ્વારા તેઓ ‘આકાર’ અને ‘પ્રવાહ’ના દ્વૈતને અતિક્રમી જાય છે. અહીં જોઈ શકાય છે કે વિભિન્ન મતો–અભિપ્રાયો રજૂ કરી તેમની વચ્ચે સમન્વય સાધવાનું વિધેયાત્મક (પૉઝિટિવ) વલણ તેમણે અખત્યાર કર્યું છે. એમણે નિત્સેના રાહે ચાલી ઍપૉલોને ‘આકાર’ (ફૉર્મ) અને ડાયોનિસસને ‘પ્રવાહ’ (ફ્લૉ)-નો દેવતા ગણાવી આખરે ‘શબ્દ’ પર સ્થિર થવાનું મુનાસિબ માન્યું છે, અને અંતે કહે છે: ‘કવિનો શબ્દ નથી ઍપૉલોનો પૂજારી કે નથી ડાયોનિસસનો ગોઠિયો. એ નથી Formનું ઘટક કે નથી Flowનું... ક્યારેક ફૉર્મ અને ક્યારેક ફ્લૉ અનુભવતા અવરોધક બને અને સંમૂઢતાને જ પ્રેરે...કવિ આ વિદ્રોહ કરી શકે છે કેમ કે એની પાસે આ ધ્રુવદ્વયીથી જુદી જ વ્યવસ્થા સ્થાપી શકતું શબ્દતત્ત્વ છે.’

સિતાંશુએ પોતાની પ્રસ્તુત સ્થાપના અતિ લાઘવથી અને શોધકારને આવશ્યક એવી તર્કબદ્ધતાથી પુરવાર કરી આપી છે. આ પુસ્તકથી સાહિત્યની તાત્ત્વિક ચર્ચા કરતા ગ્રંથોમાં એક ગણનાપાત્ર ઉમેરો થાય છે.

* ‘રમણીયતાનો વાગ્‌વિકલ્પ’, પ્ર૦ આર. આર. શેઠની કંપની, ગાંધીરોડ, અમદાવાદ, પાકું પૂઠું, પૃ. ૧૬૨, કિં. રૂ. ૧૫.

શબ્દકથા: ઓળો·ઓળા·ઓળિયા

સૌરાષ્ટ્રના ગોહિલવાડ પ્રદેશમાં ઓળો (ઓકારનું પહોળું ઉચ્ચારણ) ‘રીંગણાંનું ભડથું” એવા અર્થમાં પ્રચલિત છે. ઓળા કે ઓળિયા ‘શેકેલા લીલા ચણાના પોપટા કે મગફળીના ડોડવા’ એવા અર્થમાં છે. અન્યત્ર સાંકડો ઉચ્ચાર પ્રચલિત છે, અને ઓળિયા પાપડીમાં રહેલા વાલ માટે પણ વપરાતો હોવાનું કોશોએ નોંધ્યું છે.

હિંદીમાં होला અને મરાઠીમાં हुळा, हैाळा આપણા ઓળા માટે છે. વૈદકના ગ્રંથ ‘ભાવપ્રકાશ’માં સંસ્કૃત होळक આ જ અર્થમાં વપરાયો છે.

પ્રાકૃતમાં આ માટે કદાચ જુદા જ મૂળનો हुरड શબ્દ મળે છે. બારમી શતાબ્દીના પ્રાકૃત ગ્રંથ ‘સુપાસનાહચરિય’ની એક કથામાં हुरडयफली નામના પર્વમાં કોઈક ખેડૂત મહેમાનોને સીમમાં લઈ ગયાનો ઉલ્લેખ છે. આમ પોંકની જેમ ઓળા ખાવાનો ઉત્સવ પણ અમુક તિથિએ ઉજવાતો હતો. હિંદીમાં ચણાના લીલા દાણા માટે होरहा શબ્દ છે. તેનું મૂળ પણ અજ્ઞાત છે.

હરિવલ્લભ ભાયાણી

નવાં પુસ્તકો

ગવાક્ષદીપ: હીરાબેન રામનારાયણ પાઠકના આ પુસ્તકમાં સંસ્કૃત તત્ત્વગ્રંથો અને સાહિત્યગ્રંથોમાંથી લીધેલી કેટલીક સંસ્કૃત કડીઓના વિવરણ-આસ્વાદ આપવામાં આવ્યાં છે. રસિક શૈલીએ લેખિકાએ ખૂબ ઝીણવટપૂર્વક કરેલી વિવેચનામાં એમનો ઊંડો ચિંતનસ્પર્શ તો પમાય જ છે, પણ સાથે સાથે રસિક હૃદયની રસાર્દ્ર દૃષ્ટિનો સ્પર્શ પણ આ લખાણોને ખૂબ મળ્યો છે એ પણ અનુભવી શકાય છે. જીવનના મર્મને કેન્દ્રમાં રાખી અહીં રજૂ થયેલાં અર્થ-વિવરણો એના નાવીન્યપૂર્ણ અભિગમને કારણે પણ એટલાં જ આસ્વાદ્ય બની રહે છે. (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ-૧, પાકું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૧૦)

મૂલ્યાંકનો: સર્જક-વિવેચક ઉશનસ્‌ના આ વિવેચન-સંગ્રહમાં બહુસંખ્ય લેખો કવિ-કવિતાને લગતા છે. એમાં મધ્યકાલીન કવિ દયારામથી માંડી નવીન કવિ નલિન રાવળ સુધીનાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કવિતાના કેટલાક તાત્ત્વિક મુદ્દાઓની પણ અહીં ચર્ચા થઈ છે, તો પહેલા લેખમાં સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતાનાં વલણોની ઐતિહાસિક તપાસ પણ છે. વળી, ‘મારી સર્જનપ્રક્રિયા’ જેવા અંગત લેખમાં કવિની કેફિયત એમની કવિતાને પામવાની કેટલીક ચાવીઓ પૂરી પાડી રહે તેમ છે. આ ઉપરાંત, ગો. મા. ત્રિ., પન્નાલાલ, રમણભાઈ નીલકંઠ, દર્શક જેવાની નીવડેલી કૃતિઓના વિશેષ મુદ્દાઓને લઈને ચર્ચા કરતા લેખો પણ અહીં છે. પણ આ વિવેચના એક કવિની છે, એમાં સરસતાના–સર્જકતાના ઉન્મેષો ભરપૂર ભર્યા છે. લખાવટ સાદી-સીધી, મુદ્દાને છણી બતાવતી અને પ્રતીતિકારક છે. (કુમકુમ પ્રકાશન, મામુનાયકની પોળ સામે, ગાંધી માર્ગ, અમદાવાદ, પા. પૂઠું, પૃ. ૩૨૮, રૂ. ૨૫)

'કુમાર'નાં ઈ. ૧૯૮૦ના વર્ષનાં પારિતોષિકો

પારિતોષિક	વિષય	વિજેતા	નિર્ણાયકો
 કુમાર ચન્દ્રક	વર્ષભરના શ્રેષ્ઠ સાહિત્યસર્જન (તેમની 'વિચારવિશેષ' લેખમાળા) માટે	 શ્રી બહાદુરશાહ પંડિતને	સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અનંતરાય રાવળ યશવન્ત શુક્લ.
ડૉ. ભાસ્કર ડી. આચાર્ય તરફથી તેમનાં માતુશ્રી કસ્તૂરબેનની સ્મૃતિમાં રૂ. ૫૧ તથા એક લેખક તરફથી રૂ. ૩૦	વર્ષભરની શ્રેષ્ઠ કાવ્યકૃતિ માટે	શ્રી મનોહર ત્રિવેદીને 'હે ફાલ્ગુની' કાવ્ય માટે	શ્રી રાજેન્દ્ર શાહ શ્રી ધીરુ પરીખ
ઉપર મુજબ ડૉ. ભાસ્કર ડી. આચાર્ય તરફથી રૂ. ૫૧ તથા 'કુમાર' તરફથી રૂ. ૩૦	વર્ષની શ્રેષ્ઠ નવલિકા માટે	શ્રી રાજેન્દ્રસિંહ રાયજાદાને 'મને ચોમાસું બેઠું' માટે	શ્રી અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
ગિરીશકાકા પારિતોષિક તેમના પરિવાર તરફથી રૂ. ૨૫	શ્રેષ્ઠ જોડણીશુદ્ધ વ્યાકરણશુદ્ધ લખાણ માટે	પ્રો. જયન્ત પંડયાને	'કુમાર'ના તંત્રી

શ્રી છોટાલાલ માવજી કોઠારી તરફનું 'પ્રાચીન ઇતિહાસને' લગતું રૂ. ૧૦૧નું પારિતોષિક તથા 'એક સજ્જન' તરફથી 'મેં સાહસ કર્યું' માટેનું રૂ. ૨૫નું પારિતોષિક તે તે વિષયનાં લખાણને અભાવે મુલતવી રખાયાં છે.

શતરંજના કોયડા નં. ૧૨નો ઉકેલ

સ્થિતિ : 2s5/8/pP2p3/2KbN3/2pP4/2S5/2s5/k2S4.

કોયડો : સફેદ રમવાનું અને બે ચાલમાં મ્હાત કરવાનું. K5 (E5) પર સફેદ Nightrider છે. જે એક ચાલમાં એક જ સીધી લીટીમાં ઘોડાની એક કે વધુ ચાલ ચાલી શકે છે.

ચાવીની ચાલ : 1N–Q7! (Waiting move) ધમકી : નથી.

વિકલ્પો : 1..., S(1)×P; 2K×S
1..., B–B3; 2K×B.
1..., S–Q3; 2K×S.
1..., P–K4; 2K×B.
1..., S(7)×P; 2K×S.
1..., B–any(B3 સિવાય); 2K×P.
1..., S–N5; 2K×S.
1..., P–R4; 2K–N5.

ચાવીની ચાલથી સફેદ Nightrider એવા ખાના પર આવે છે કે જો સફેદ રાજા ગમે ત્યાં ચાલે તો કાળા રાજા પર શેહ આવે છે. પણ સફેદ રાજાની આસપાસના આઠે ય ખાનાં પર કાળાં મ્હોરાંનો કાબૂ છે. (બે ખાનાં તો સફેદ પ્યાદાંએ રોકયાં છે.) ચાવીની ચાલ પછી કોઈ ધમકી નથી, પણ કાળો ગમે તે ચાલે, સફેદ રાજાને કોઈ ને કોઈ ચાલ મળી રહે છે અને તેથી ઊઘડતી શેહ અને મ્હાત થાય છે. આઠ વિકલ્પોમાં રાજા તેની આસપાસનાં આઠે ય ખાનાં પર જઈને આઠ જુદી-જુદી મ્હાત સર્જે છે.

કાળાની અમુક ચાલ પછી સફેદ રાજા પાસે બે શકય ચાલ છે, પણ તેમાંથી એક જ મ્હાતમાં પરિણમે છે. દા. ત. 1..., B–B3; પછી સફેદ 2K×P? થી પણ શેહ આપી શકત, પણ કાળો તેના જવાબમાં 2..., B×N! રમી શકત. માટે 2 K×B ફરજિયાત છે. તેવી જ રીતે 1..., S(1)×P; પછી 2K–Q6? રમત તો 2..., S×N! અને 1..., S(7)×P પછી સફેદ 2 K–N4? રમત તો 2..., S–N5!થી શેહમાંથી છટકી જાત. આ ત્રણ વિકલ્પો કોયડાનું આકર્ષણ વધારે છે.


આઠ સુંદર વિકલ્પોવાળો એક જ Fairy મ્હોરાનો ઉપયોગ કરતો આ કોયડો T. R. Dawsonનો રચેલો છે, જે પહેલાં Problemist નામે સામયિકમાં ૧૯૨૭માં છપાયો હતો.

ઉકેલ મોકલનારનાં નામ અને મેળવેલ ગુણ.
(૧) ધીરુભા ભી. ગોહિલ, વડપંચાસરા–૧૦
(૨) એ. એલ. ઝાલાવાડિયા, શારદાગ્રામ–૧૦
(૩) દીપકકુમાર જોશી, જામનગર – ૯
(૪) હરેશચંદ્ર દવે, સિદ્ધપુર – ૦

વાર્ષિક વાઙ્મયસમીક્ષા

અમદાવાદની 'ગુજરાત સાહિત્યસભા' તરફથી દર વર્ષે ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં પુસ્તકોની સમીક્ષા કરાવવાની પ્રવૃત્તિ વચમાં થોડોક સમય મોકૂફ રહી હતી. ૧૯૮૧ની સાલથી એ પ્રવૃત્તિ વ્યવસ્થિત રીતે શરૂ થાય એવો સભાએ નિર્ણય કર્યો છે, અને ચાલુ વર્ષમાં પ્રકાશિત થએલાં પુસ્તકોની સમીક્ષા કરવાનું પ્રા. ડૉ. મધુસૂદન પારેખ (એ-૩, લિંકન એપાર્ટમેન્ટ્સ, આઇડીઅલ કૉલોની, મણિનગર, અમદાવાદ-૯)-ને સોંપવામાં આવ્યું છે. પ્રકાશકો તથા લેખકોને પોતાનાં પ્રકાશનો ડૉ. મધુસૂદન પારેખને મોકલી આપવા આગ્રહભરી વિનંતી છે.

દશાવતાર-૧: મત્સ્યાવતાર



દશાવતાર વિભાવનામાં પ્રથમ છે મત્સ્યાવતાર. માનવ-ઉત્ક્રાંતિનો પ્રારંભ જળમાં થયો હતો તેનું એ પ્રતીક. હયગ્રીવે છીનવી લીધેલા વેદના રક્ષણાર્થે વિષ્ણુ ભગવાને આ અવતાર ધારણ કર્યો ને એ કાર્ય કરતાં થનારા જલપ્રલયમાંથી ઊગરવા મનુરાજાને એક દેવ-નિર્મિત નૌકામાં સૌને સમાવી લઈ તે નૌકાને ભુજંગરજ્જુ વડે પોતાના શૃંગ સાથે બાંધી દઈને સૌને બચાવી લેવાનું મત્સ્યરૂપ વિષ્ણુએ સૂચન કરેલું. સહેજ અવાન્તરે તેની વિવિધ કથાઓ મળે છે. પરંતુ વેદોનો ઉદ્ધાર એ આ અવતારનો પ્રમુખ ઉદ્દેશ હતો.

અવતાર તરીકે 'મત્સ્ય'ના સમાનાર્થી 'મીન' શબ્દનો વિનિયોગ થયો છે. આથી ઉચ્ચાર-સામ્ય-યુક્ત અવેસ્તાના રાજાવાચક 'મિનોસ' શબ્દનું મૂળ 'મીન'માં શોધીને સદ્‌. ડોલરરાય માંકડે 'મીન'નું રૂપાંતર 'મનુ' કહીને મત્સ્યાવતાર એ મનુ હોવાનું પ્રતિપાદન કર્યું છે. દશાવતાર વિભાવના ગુપ્તકાળ પછી સવિશેષ પ્રચલિત થઈ હોઈ પુરાણોમાં પ્રાપ્ત અવતારવિભાવના પૂર્વકાલીન રાજવીઓનાં જીવનવૃત્તાંત હોઈ શકે અને એવા અવતારી મત્સ્ય એ પરંપરિત સાહિત્ય પ્રમાણે ઈ. પૂર્વે છઠ્ઠી સદીમાં ભારતનાં સોળ રાજ્યો પૈકીના, મત્સ્ય રાજ્યનો રાજા પોતાનાં પરાક્રમે અવતાર ગણાયો હોય. મત્સ્યાવતાર–વિભાવનાનો સમનાર્થી નિર્દેશ જરથુષ્ટ્રે ઊંડા જળમાં સ્થિત મિનોઈતાનના પ્રતીકરૂપ કરનારી અર્થાત્ મત્સ્યની આરાધના કરી હતી એવો ઉલ્લેખ 'વંદીદાદ'માં મળે છે.

મત્સ્યાવતારની મૂર્તિ અર્ધવિષ્ણુ, અર્ધ મત્સ્યાકાર રૂપે કંડારાય છે. તેમાં મંડિત આ મૂર્તિમાં વિષ્ણુને શંખ ગદા ચક્ર સાથે વરદયુક્ત ચતુર્ભુજ મુદ્રામાં દર્શાવાય છે. —પ્રફુલ્લ રાવળ



માધુકરી


તું રિક્ત થૈ સભર થા.
ત્યજીને તું પામ.
ને શૂન્ય થૈ
હૃદય હે !...
તું પૂર્ણમાંહી રમ પૂર્ણથી હે મપૂર્ણ.

('ધ્વનિ'માંથી) —રાજેન્દ્ર શાહ

લોકહિતૈષી ગલબાભાઈ

ગાંધીજીના રંગે રંગાઇને લોકસેવાને જીવન સમર્પિત કરનાર જે એક પેઢી ઊભી થઈ હતી તેમાં બનાસકાંઠા જિલ્લામાં શ્વેત ક્રાંતિના રોપનાર અને એ વિસ્તારમાં લોકહિતકારી અનેક કાર્ય-પ્રવૃત્તિઓ કરનાર ગલબાભાઈનું નામ પણ ચિરસ્મરણીય રહેશે. બનાસકાંઠાના વડગામ તાલુકાના નળાસર ગામના સામાન્ય સ્થિતિના એક ખેડૂત નાનજીભાઈ પટેલના એ પુત્ર. ઈ. ૧૯૧૮માં એમનો જન્મ. પણ બે જ વર્ષની વયે પિતાની તથા અઢી વર્ષની વયે માતાની છત્રછાયા ગુમાવતાં કાકાએ એમને પોતાને ત્યાં ઉછેર્યા. પોતે હતા તો સામાન્ય ખેડૂતપુત્ર અને પ્રાથમિક ત્રણ ધોરણ સુધીનો જ એમનો અભ્યાસ, પરંતુ પોતાની સૂઝ, સમજ અને સત્કાર્યોની લગનથી એમણે બનાસકાંઠાને ઊંચો લાવવાને જે કાર્યો સિદ્ધ કરી બતાવ્યાં તે એમના નિસ્વાર્થ પુરુષાર્થનું એક ઉજ્જવલ અને પ્રેરક દૃષ્ટાંત છે.

ખેડૂત તરીકે જ એમણે જીવનની શરૂઆત કરેલી, પછી વેપારમાં પણ ઝંપલાવ્યું, પરંતુ લોકસેવાની લગનવાળા એ જનસેવકને તેમાં ફાવ્યું નહિ. એ સમયે નધણિયાતા ખેતર જેવા જિલ્લાના ખેડૂતો રાતદિવસની કાળી મજૂરી પછી યે ધન અને વગવાળા હાથોમાં જકડાએલો જ રહેતો હતો. પણ એ ખેડૂતોના કલ્યાણ અર્થે નિસ્વાર્થ સેવા કરવાનું તો કોઇને ત્યારે ક્યાંથી સૂઝે? ધરતીના પુત્ર હોઈ ગલબાભાઇને એમની મુશ્કેલીઓનો પૂરો ખયાલ હતો. એમણે એ માટે બીડું ઝડપ્યું અને પાલનપુરના નવાબ સમક્ષ એ ખેડૂતોની ધા પહોંચાડીને જીરાના પાક ઉપર લેવાતો 'જીરા ટૅક્સ' માફ કરાવ્યો. નવાબ, શેઠ શાહુકારો ને જાગીરદારોથી શોષાતા બનાસકાંઠા જિલ્લાના ગરીબ ખેડૂતો, પછાત જાતિઓ અને આદિવાસીઓને એમણે સાચી લોકશાહીનું ભાન કરાવીને એમના વાજબી હક્કો માટે તૈયાર કર્યા. ગાંધીજીના રંગે રંગાઇને તેઓ કૉંગ્રેસમાં તો ૧૯૪૮માં જોડાએલા, પણ તે વખતની કૉંગ્રેસના દેશહિત ને લોકસેવાના ઉમદા ખયાલોને તેઓ જીવનભર વળગી રહેલા. છાપીમાં એમણે એક સહકારી મંડળીની સ્થાપના કરીને લોકોને સહકારી ભાવનાનો સ્વાદ ચખાડ્યો. પંચાયતી રાજ શરૂ થતાં ગ્રામવાસીઓ અને ખેડૂતોનો તેમાં સવિશેષ હિસ્સો હોવો જોઇએ એનો એમણે સતત આગ્રહ પ્રસાર્યો. પોતાના મીઠા સ્વભાવથી ક્યાંયે કડવાશ પેદા કર્યા વિના એ સૌના પ્રિય બની રહ્યા.



અને લોકોએ પણ એમના કાર્યને પ્રીછ્યું. ઈ. ૧૯૫૨માં પ્રજાસત્તાક ભારતની પ્રથમ ચૂંટણી વેળા લોકોએ ભારે બહુમતિથી મુંબઈ રાજ્યની વિધાનસભામાં તેમને ચૂંટી મોકલ્યા. ફરી ૧૯૫૭માં અને ગુજરાતનું અલગ રાજ્ય રચાતાં ૧૯૬૦માં લોકોએ એમની જ વરણી કરીને એમનામાં રાખેલી શ્રદ્ધાને પ્રકટ કરી. વિધાનસભાઓમાં પણ એમણે પોતાની તળપદી ગ્રામીણ લોકભાષામાં યે જનતાના અનેક પ્રશ્નોને યોગ્ય રીતે રજૂ કરીને આગવી પ્રતિભા ઊભી કરી હતી.

ખેડૂતોની ઉન્નતિ, આંજણા સમાજની કેળવણી, સામાજિક સુધારણાનાં વિધવિધ કાર્યો સાથે એમણે અફીણ-ગાંજો-દારૂ જેવાં વ્યસનો, બાળલગ્નો તથા પ્રેત-

ભોજન જેવી અનેક કુરૂઢિ સામે યે લોકોને સાચી કેળવણી આપી. 'કિસાન ટ્રેન' કાઢીને એમણે અભણ ખેડૂતોને નૂતન ભારતનાં દર્શન કરાવ્યાં. રવિશંકર મહારાજ અને સંતબાલાજીના માર્ગદર્શન સાથે એમણે બનાસકાંઠા ખેડૂતમંડળની સ્થાપના કરી ને તેનું પ્રમુખપદ સંભાળ્યું. એ જ રીતે ૧૯૫૨માં નળાસર ટિમ્બા ચૂડી ઇરિગેશન સોસાએટીની સ્થાપના પણ એમણે કરી ને તેના ચેરમૅન પણ બન્યા. જિલ્લામાં કેળવણીના વિકાસ અર્થે એમણે બનાસકાંઠા જિલ્લા આર્ટ્‌સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છાપી મહિલાગૃહ, આંજણા પટેલ કેળવણી મંડળ છાત્રાલય અને પાલનપુરમાં આદર્શ હાઈસ્કૂલ પણ ઊભી કરી. પછાત વિસ્તારમાં બાલવાડી અને સંસ્કારકેન્દ્રો સ્થાપ્યાં. ચાર વર્ષ હરિજન સેવાસમાજના પ્રમુખ તરીકે પણ રહ્યા, અને સ્ત્રીકેળવણીના ઓછા પ્રમાણવાળા એ સમયમાં એમણે પોતાની પુત્રીઓને હરિજન આશ્રમમાં મૂકીને એક ઉમદા ઉદાહરણ પૂરું પાડયું હતું.

ઈ. સ. ૧૯૬૮માં ગલબાભાઈ બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાયા. બાદ એમણે જિલ્લાનાં વિકાસ કાર્યો ખૂબ ત્વરાથી હાથ ધર્યાં. બનાસકાંઠા જિલ્લામાં કૃષિ યુનિવર્સિટી અલગ એસ. ટી. ડિવિઝન તથા સ્વતંત્ર પોસ્ટ ડિવિઝન માટે ખૂબ પ્રયત્નો કરીને એ લક્ષ્યોને પણ એમણે હાંસલ કર્યાં. એ જ અરસામાં ભારે દુષ્કાળ, સરહદી કટોકટી, કોમી અથડામણો વગેરે વેળા પણ જાતે જિલ્લામાં ઠેરઠેર પ્રવાસ કરી, ધીરજ અને ખંતથી એ બધાં પ્રશ્નોનો બરળ ઉકેલ આણ્યો. નપાણિયા બનાસકાંઠામાં દુષ્કાળના સમયે લોકોને અને પ્રાણીઓને અનાજ, ઘાસ અને પાણીની સગવડો પૂરી પાડીને એમણે પોતાની ક્ષમતા બતાવી હતી.

જિલ્લા પંચાયતના પ્રમુખ હતા ત્યારે યે સવારે વહેલા ઊઠી ભેંસો માટે ખાણની ટોપલી માથે મૂકીને એ ખેતરમાં જતા, જાતે વાસિંદુ કરી, ભેંસો દોહી દૂધનું દેગડું માથા પર મૂકીને, ઘેર આવવામાં એમને જરાય નાનપ લાગતી નહિ. આ પછી અગિયાર વાગ્યે જિલ્લા પંચાયતનું પ્રમુખ તરીકેની પોતાની ફરજ અદા કરતા અને સાથોસાથ બનાસ ડેરીનું સંચાલન પણ સંભાળતા.

ઈ. ૧૯૭૦માં આ બનાસડેરીની સ્થાપના એ તેમની એક મોટી સિદ્ધિ છે. તેના એ પ્રથમ પ્રમુખ હતા. ડેરી મારફત જ ખેડૂતોની ઉન્નતિ અને પશુપાલનનો વિકાસ થઈ શકે એ વાત બનાસકાંઠામાં સૌ પહેલાં તેઓ સમજ્યા હતા. ડેરીના કામે માનસિંહભાઈનું એમણે માર્ગદર્શન લીધું હતું. બનાસડેરીનું આજનું અદ્યતન મકાન અને બનાસદાણ ફૅક્ટરી એ તેમનાં સ્વપ્નો અને પુરુષાર્થને જ આભારી છે. આ બનાસડેરી જ તેમનું જીવંત ને સાચું સ્મારક બની રહેશે. કારણ બનાસકાંઠા જિલ્લામાં શ્વેત ક્રાંતિનાં બીજ તેમણે જ રોપ્યાં હતાં.

આજથી સો-બસો વર્ષ પછી ગુજરાતનો કોક તેજસ્વી યુવાન બનાસડેરી અને બનાસકાંઠા જિલ્લા-પંચાયતના ઇતિહાસનાં પાનાં ઊકલશે ત્યારે પ્રાથમિક ત્રણ ચોપડી ભણેલી બનાસકાંઠાની આ વિરલ વિભૂતિ સમા ગલબાભાઈ પટેલને શૂન્યમાંથી નવસર્જન કરનાર તરીકે અવશ્ય મૂલવશે. ૧૯૭૩ની ૩જી જાન્યુઆરીએ સવારે અગિયાર વાગ્યે પાલનપુર સિવિલ હૉસ્પિટલમાં પેનિસિલિન ઈન્જેક્શનનું રીએકશન થતાં તેમનું અકાળ અવસાન થયું.

—માધવ મો. ચૌધરી

—નાણેલા નુસખા—

પેટના કૃમિમાં પપૈયાનાં બી

આજે પેટમાં કૃમિ પડી જવા સહજ છે. કૃમિને કરમિયા પણ કહે છે. તે ચારેક જાતના હોય છે. કૃમિ રોગીનું શરીર વળવા દેતા નથી, તેને લોહી ચડવા દેતા નથી. આવો રોગી રાત્રે ઊંઘમાં દાંત કચકચાવે છે, તેના મોંમાંથા લાળ પડે છે, તે ઝબકીને જાગી જાય છે કે પૂંઠ ખણ્યા કરે છે. પાકા પપૈયાનાં કાળાં મરી જેવાં બી કૃમિની અમોઘ ઔષધિ છે. તે બીને સૂકવી, ખાંડી, ચાળીને તેનું ચૂર્ણ શીશીમાં ભરી લેવું. આ ચૂર્ણ પાણી સાથે દિવસમાં ત્રણ વાર ત્રણત્રણ ગ્રામ જેટલું લેવાથી પેટના કૃમિનો નાશ થાય છે.

દાઝયા ઉપર રાળ

અકસ્માત દાઝવાના ઘણા પ્રસંગો બને છે. જેમાં બાળકો અને સ્ત્રીઓ તેનો વિશેષ ભોગ બને છે. દાઝવાથી થતી કાળી બળતરા, દુ:ખાવો, ફરફોલા, પાક, ડાઘા રહી જવા વગેરે માટે રાળ અકસીર છે. રાળ શીતળ છે અને ઝડપથી રૂઝ લાવે છે. એક ચમચી ચોખ્ખા ઘીને ગરમ કરી તેમાં રાળનું ચૂર્ણ ભેળવવું અને બંને સારી રીતે એકરસ થઈ જાય ત્યારે પાણી ભરેલી થાળીમાં નાખીને સફેદ માખણ જેવું થઈ જાય ત્યાં સુધી ખૂબ ફીણવું. પછી શીશીમાં ભરી ઉપર પાણી રેડવું. જેથી તે લાંબો સમય બગડશે નહિ. દાઝેલી વ્યક્તિને આ મલમ લગાડવાથી અપાર શાંતિ મળે છે, રૂઝ જલદી આવે છે અને દાઝયાના ડાઘ ઓછા રહે છે.

અનિદ્રામાં અશ્વગંધા

જેને ઊંઘ ઓછી આવે કે ન આવે તેને જ ઊંઘની કિંમત સમજાય છે. ઘરનાં સૌ જ્યારે આરામથી ઊંઘની મોજ માણતાં હોય ત્યારે પાસાં ઘસીને રાતનો વસમો સમય પસાર કરવો શાપ જેવો લાગે છે. અશ્વગંધા અનિદ્રાનું મારણ છે. અશ્વગંધાના મૂળમાં સોમ્નિ ફેરીન(Somni ferin) નામનું નિદ્રાજનન તત્ત્વ હોય છે. તે પરથી જ અશ્વગંધાનું લૅટિન નામ વિથાનિયા સૉમ્નિફેરા (Withania Somnifera) પડયું છે. અશ્વગંધાનાં મૂળનું ૧ તોલો ચૂર્ણ ૫ તોલા પાણી અને ૧૦ તોલા દૂધમાં મેળવીને ધીમા તાપે ઉકાળી તેને દૂધપાક જેવું બનાવીને રાત્રે સૂતી વખતે પી જવું, થોડા દિવસના આ પ્રયોગથી ઊંઘ આવવા લાગશે.

મોંમાં ચાંદાં માટે દાડમ

મોં એ પેટની આરસી છે. પેટની ગરબડ અને ગરમી મોંનાં ચાંદાં દ્વારા વ્યક્ત થાય છે. મોંમાં ચાંદાં પડે ત્યારે કશું ખાઈ શકાતું નથી. ઘણી વાર તો પાણી પીતાં પણ બળતરા અને દુ:ખાવો થાય છે. તીખા અને ગરમ પદાર્થોનો આહારમાંથી ત્યાગ કરીને દાડમનો ઉપયોગ કરવાથી મોંનાં ચાંદાં મટે છે. વળી, પેટ સાફ રહે તે પણ જોવું જોઈએ. પાકા દાડમનો રસ પરમ શીતળ છે, અને પાચક પણ છે. તે પેટની ગરમી અને અપચો મટાડશે. કાચા કે પાકા દાડમની લીલી કે સૂકી છાલનો ટુકડો મોંમાં મૂકી રાખવાથી મોંનાં ચાંદાં રૂઝવવામાં બહારથી મદદ કરશે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

કોઇને પૂછીએ કે પૃથ્વી ઉપર સૌથી વધુ વજનદાર પદાર્થ કયો છે તો મોટા ભાગે જવાબ મળશે કે 'પારો'. પણ ઘણા જાણતા હશે કે પારા કરતાં યે વધુ ભારે સોનું છે. પારાની સાપેક્ષ ઘનતા ૧૩-૫૯ છે જ્યારે સોનાની ૧૯-૨. પરંતુ પ્લૅટિનમ સોનાથી યે વધુ ભારે છે. તેની સાપેક્ષ ઘનતા ૨૧-૪૫ છે. ઑસ્મીઅમની સા. ઘ. ૨૨-૫ હોઈ તે પ્લૅટિનમ કરતાં વધુ ભારે છે. પરંતુ પૃથ્વી ઉપર વજનદાર તો છે ઈરીડિયમ. એની સા. ઘ. ૨૨-૬૫ છે. ઇરીડિયમના એક ઘન સેન્ટીમીટરનું વજન ૨૨-૬૫ ગ્રામ થાય છે. પરંતુ કેટલાક તારાઓમાં એવા પદાર્થો છે જેના વજનની કલ્પના પણ ન થઈ શકે. ઇરીડિયમ કરતાં તે કરોડો ગણા વધુ વજનદાર છે. રાઈના એક દાણા જેટલા એ પદાર્થનું વજન લાખો ટન થાય, ન્યૂટ્રૉન તારાઓ કે પલ્સાર પર આટલા ભારે પદાર્થ હોવાનું શોધાયું છે.

માગ્યા સમી જગતમાં ચીજ એક પ્રીતિ,
માગ્યે કદી નવ મળે ચીજ તે ય પ્રીતિ.
(ઉશનસ્)

સ્વ. જ્યોતીન્દ્ર દવે ઓરીએન્ટલ ટ્રાન્સલેટર તરીકે કામ કરતા હતા ત્યારે એક વૃદ્ધ અવારનવાર એમની પાસે આવતા અને એમને કહેતા કે, 'તમે મુંબઈ રાજ્યના શિક્ષણ-પ્રધાનને અંગ્રેજીમાં કાગળ લખો કે આપણી શાળાઓમાં ધર્મનું શિક્ષણ દાખલ કરે.' જ્યોતીન્દ્રભાઈ જાણતા હતા કે શિક્ષણમાં સાંપ્રદાયિક ધર્મને સ્થાન ના હોઈ શકે પણ પેલા વૃદ્ધને એ અપમાનિત કરી શકતા નહિ. એથી થોડા સમય સુધી તો એમને વાયદા કરીને ટાળતા રહ્યા, પણ પછી તો એ વૃદ્ધને દૂરથી આવતા જોઈને એ ઑફિસના કબાટ પાછળ ભરાઈ જતા. વૃદ્ધ વડીલની લાગણી ના દુભાય એ માટે પોતે દુઃખ વેઠી લેતા, પણ એ આવતા બંધ થયા ત્યાં સુધી એમણે એમને કદી દલીલોથી અપમાન્યા નહિ.

ꩦ

અનેકાર્થી શબ્દ : **વાર**=ત્રણ ફૂટની લંબાઈનું એક માપ, દિવસના નામને માટે વપરાતો શબ્દ – જેમ કે સોમવાર; વખત; ખોટી ઢીલ કે મોડું; ફટકો કે ઘા; ફુરસદ; ધીરજ; ઢાંકણ; દરવાજો; નદીનો કાંઠો; બાણ; સમુદાય; મદદ; ખેપ કે ફેરો, લશ્કર; ઢગલો; તરત; સાથે—જેમ કે જમતાં વાર.

ꩦ

કહેવતોના અર્થ : 'વોળાવીઆ ને વળી વાટપાડુ'–છૂપી દગલબાજી કે બે કોથળીની રમત કરનારા માણસો માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો : 'મોઢે જીજી ને અંતરમાં બીજી'; 'જતાના જાનૈયા અને વળતાના કાંધિયા'; 'ધણીને કહેશે ધા, ને ચોરને કહેશે નાસ'; 'માંહ્યના માંહ્ય અને બહારના બહાર' વગેરે.

ꩦ

ગળું બેસી ગયું હોય કે ઉધરસ બહુ આવતી હોય તો આંબાનો મોર મોંમાં રાખી ધીમેધીમે ગળે ઉતારવો.

ꩦ

બીજા કરતાં દરિયાવાસીઓ અંધારામાં વધુ દેખી શકે છે.

ꩦ

દીવાના ઘાસતેલમાં કપૂરનો કકડો નાખવાથી તે વધારે અજવાળું આપે છે.

સંભાળનાં નાનાં નાનાં ઝરણાં મળીને સ્નેહનો ધોધ બને છે

अधमा मातुलैः ख्याताः
श्वशुराच्चाधमाधमाः।
उत्तमा आत्मना ख्याताः
पितुः ख्याताश्च मध्यमाः॥

મામા દ્વારા જેમની ખ્યાતિ થાય છે તે અધમ, શ્વસુર દ્વારા જેની ખ્યાતિ થાય છે તે મહા અધમ. ઉત્તમ મનુષ્યો પોતાના તેજથી ખ્યાતિ પામે છે, અને જે લોકો પિતા દ્વારા ખ્યાતિ મેળવે છે તે મધ્યમ મનાયા છે.

સ્પેઈનના ફિલિપ ત્રીજાની ત્રીજી રાણી ઈલિઝાબેથે રાણી તરીકેનાં પોતાનાં આઠ વર્ષો દરમિયાન કદી એક પણ વસ્ત્ર કે એક પણ આભૂષણ બીજી વાર પહેર્યું નહોતું.

ꩦ

જજ : તમારી ઉંમર કેટલી?

સાક્ષી : પંદર વરસ સાહેબ.

જજ : હજી હમણાં તો તમે ઈશ્વરની સાક્ષીએ સત્ય બોલવાના સોગંદ લીધા ને તરત જૂઠું બોલો છો? તમે ચોખ્ખા ઘરડા દેખાઓ છો, ને પંદર વરસ—?

સાક્ષી : હું સાચું જ બોલ્યો છું સાહેબ. મારો જન્મ ફેબ્રુઆરીની ૨૯મી તારીખે થયો છે, ને એ તારીખને હિસાબે મારો જન્મદિવસ ચાર વર્ષે એક જ વખત આવે છે!

ꩦ



કલાકૃતિ : ૧૧મી સદીની અરબ-મિસ્ર શૈલીની લાકડાના બારણા માટે કોતરેલી તકતી.

STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper 'Kumar'

as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication . . . . Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication . . Monthly
3. Printer's Name & Nationality . . Ashokbhai B. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian
   Address . . . . . . 1454 Raipur, Ahmedabad-1
4. Publisher's Name & Nationality . . Ashokbhai B. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian
   Address . . . . . . 1454 Raipur, Ahmedabad-1
5. Editor's Name & Nationality . . Biharilal J. Tank Indian
   Address . . . . . . 1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of individuals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital. (1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kusumben Champaklal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros., 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Jadavlaxmi R. Kamani and Poonamchand R. Kamani, Kamani Chambers, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (17) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (18) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (19) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (20) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Maun Appartments, Near Bhatt Mavada Chhatralaya, Mithakhali Char Rasta, Ellis Bridge, Ahmedabad-6 (21) Purushottam G. Mavalankar & Purnima P. Mavalankar, 'Gopika' Maharashtra Society, Ellis Bridge, Ahmedabad-6 (22) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (23) Hiralal Harilal Bhagwati, 169 New Cloth Market, Ahmedabad-2 (24) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2 (25) Vyomeshchandra R. Trivedi C/o J. A. Trivedi Bors. Balaghat (M.P.) (26) Kirankumar R. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (27) Hitenkumar B. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (28) Rajivkumar B. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (29) Bhuvnesh M. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (30) Nikhilish M. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (31) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hospital, Ellis Bridge, Ahmedabad-6

I, Ashok B Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 27th day of Feb. 1981

Sd./ A. B. Rawat, Publisher

અનુસંધાન] **કલાવાર્તા** [પૃ. ૬૮થી

મંદિરની પરસાળમાં ડાબી તરફની ભીંત પર ઉપરનીચે ચિત્રોની ત્રણ હારમાં ચિત્રકામ થયું છે. કંસ પર કૃષ્ણનો વિજય એ તેનો મુખ્ય ચિત્રવિષય છે. 'કંસકા અખાડા' નામે ઓળખાતા આ ચિત્રવિસ્તારમાં કૃષ્ણલીલાના પ્રસંગો આલેખાયા છે. આમાં કંસની દેહાકૃતિ ઘણી મોટી ચીતરી છે, પરંતુ તેનું આલેખન કથાના ક્રમમાં કરેલું નથી. છતાં તેમાં પાત્રોની ગતિશીલતા, ઘેરા તપખીરી રંગની પાર્શ્વભૂમિ, શ્વેત કે હળવા રંગોમાં પાત્રોનો ઉઠાવ, ચિત્રના ઉપરના ભાગમાં ઊંચા માંચડાઓ પર બેઠેલા દરબારીઓ અને સૈનિકો વગેરેનું ચિત્રાંકન વિશિષ્ટ ચિત્રસંયોજના દાખવે છે.

અહીં પૂતનાને વાળ ખેંચીને ઘસડતા કૃષ્ણને બાળક જેવા નહિ પણ યુવાન જેવા દર્શાવ્યા છે. ચિત્રના વિશાળ પટમાં ડાબી બાજુ કંસનો મહેલ અને જમણી તરફ તેનો દરબાર, અને તેમાં યથાસ્થાને દરબારીઓ, કવિઓ, સંગીતકારો વગેરેની સુંદર રજૂઆત કરી છે. નીચેના પટમાં કૃષ્ણને કંસના મલ્લ સાથે કુસ્તી કરતા બતાવ્યા છે અને અંતે કંસવધના ચિત્રાંકનમાં વિશાળકાય કંસને મારી નાખતા કૃષ્ણનું આલેખન છે.

આની ઉપરના પટમાં યુદ્ધનાં દશ્યો, અટારીમાં બેઠેલી રાણીઓ, ને તેની નીચે ઝૂંપડીમાં બેઠેલી ગરીબ સ્ત્રીઓ, બાજુના વિસ્તારમાં હાથી-ઘોડા સાથે કૂચ કરતું સૈન્ય વગેરે ચિત્રિત છે. ક્યાંક વિરહી પ્રેમીઓ પણ છે તો ક્યાંક દરબારમાં વિજયોત્સવની ઉજવણી પણ બતાવી છે. કૃષ્ણનો રાજ્યાભિષેક, કૃષ્ણ-ગોપીઓ તથા વિષ્ણુ-વરાહ યુદ્ધ પણ અહીં ચિતરાયાં છે. રથ-આરૂઢ સશસ્ત્ર રાજવી, અરણ્યમાં રાજા, અગ્નિદેવ, ઋષિ તથા અનુયાયીઓ ઈત્યાદિ પણ આ ભીંતચિત્રોમાં ચિત્રિત છે.

વચ્ચે મહેલમાં પ્રવેશતા કૃષ્ણને ઝરૂખામાંથી જોઈ રહેલું એક સુંદર સ્ત્રીવૃંદ એનાં આછાભૂરા, લાલ ને જાંબલી રંગનાં વસ્ત્રોથી ધ્યાન આકર્ષે છે. મધ્યમાં એક દ્વારનાં બારણાં ઉપર પણ બે સુંદર યુવતીઓ આલેખી છે.

જમણી તરફની ભીંત પાછળ એક કમાન ઉપર ઈરાની ઢબે ગુલાબી રંગમાં આલેખાએલી એક ટેકરી પાસે વેદીની આસપાસ બેઠેલા સાધુઓ, નાનકડું કૃષ્ણમંદિર, મહર્ષિઓ, અઘાસુરને બકાસુરવધનું ચિત્રાંકન પણ પ્રેક્ષણીય છે.

આમ, સૂક્ષ્મ રેખાંકન, સજીવ પાત્રાલેખન, મુઘલ અને રાજસ્થાની ઢબની છાયાવાળા પોષાકો પહેરેલાં પાત્રો વગેરે આગવી લાક્ષણિકતાઓવાળાં આ કાંગરાશૈલીનાં ભીંતચિત્રો આસપાસના પહાડી પ્રદેશનાં ભીંતચિત્રોમાં નૂરપુરનું આગવું સ્થાન સ્થાપિત કરે છે. □